gujaratvandan.com



સફેદ રંગની મોનોકિનીમાં હુમા કુરેશીનો કાતિલ અંદાજ

પેજ 11


નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

ગુરૂવાર 07 જુલાઈ 2022

અષાઢ સુદ -08, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 250 | વર્ષ : 06 | અંક : 09 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


**સુવિચાર**

એક મુટ્ઠી માફીના બીજ વાવી દો સંબંધોની જમીન પર વરસાદની ઋતુ આવે છે કદાચ લાગણીઓ ના છોડ પાછા ઉગી નીકળે.

## કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલ-ડિઝલના ભાવ યથાવત્ : રાંધણ ગેસમાં વધુ એક માર

# LPG ગેસ: બાટલે 50નો વધારો, બજેટ ખોરવાયું


Open a Free Demat A/c* with mastertrust

mastertrust® BROKING & INVESTMENTS


**બજાર અપડેટ**

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 53,750.97 | 15,989.80 |

**ટોપ ગેનર્સ**

| | |
|---|---|
| બ્રિટાનીયા ઇન્ડ. | +4.76 % |
| બજાજ ફાઈ. લિ. | +4.52 % |
| હિન્દુસ્તાન યુનિ. | +4.03 % |

**ટોપ લુઝર્સ**

| | |
|---|---|
| ઓએનજીસી | -5.06 % |
| પાવર ગ્રીડ | -1.73 % |
| એનટીપીસી | -1.35 % |

| સોનું | ચાંદી |
|---|---|
| 53,185 | 58,900 |

## કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતોમાં 2 મહિનામાં ત્રીજી વખત ઘટાડો કરવામાં આવ્યો

ગુજરાત | વંદન

ફરી એકવાર એલપીજીના ભાવમાં મોંઘવારીનો માર પડ્યો છે. તેલ કંપનીઓએ ઘરેલુ ગેસ સિલિનૂડરની કિંમતોમાં વધારો કર્યો છે, જેની સીધી અસર તમારા બજેટ પર પડશે. ઘરેલું ગેસ સિલિનૂડરના ભાવમાં રૂ. 50નો વધારો કરવામાં આવ્યો છે. સિલિનૂડરની નવી કિંમત 1060 રૂપિયા હશે. બીજી તરફ ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ સિલિનૂડરની કિંમતમાં 8.50 રૂપિયાનો ઘટાડો કર્યો છે. હવે કોમર્શિયલ ગેસ સિલિનૂડર 2038 રૂપિયામાં મળશે.

તમને જણાવી દઈએ કે સરકારી ઓઈલ કંપનીઓએ 1 જુલાઈના રોજ કોમર્શિયલ સિલિનૂડર સસ્તા કરી દીધા હતા, જયારે ઘરેલુ એલપીજી સિલિનૂડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. ઘણા સમયથી લોકોને આશા હતી કે ઘરેલુ ગેસ સિલિનૂડરના ભાવ ઘટશે પરંતુ ઓઈલ કંપનીઓ સતત ઘરેલુ ગેસ સિલિનૂડરના ભાવમાં વધારો કરી રહી છે. બીજી તરફ કેન્દ્ર સરકાર દ્વારા સબસિડી અઘોષિત બંધ કરી દેવામાં આવી છે. આવી સ્થિતિમાં સામાન્ય માણસને મોંઘવારીનો માર સહન કરવો પડે છે.

ઉલ્લેખનીય છે કે, કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતોમાં 2 મહિનામાં આ ત્રીજી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. ગત 1 જૂનના રોજ કોમર્શિયલ એલપીજીની કિંમતોમાં 135 રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો અને ત્યાર બાદ 1 જુલાઈના રોજ વધુ 198 રૂપિયા ઘટાડવામાં આવ્યા હતા.

22 માર્ચ, 2022ના રોજ રાંધણગેસના ભાવમાં 50 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો અને એનો ભાવ 899.50 રૂપિયાથી વધીને 949.50 રૂપિયા થઈ ગયો હતો, પરંતુ મોંઘવારી આટલે જ અટકી નહોતી અને ફરીથી 7 મે, 2022ના રોજ રાંધણગેસના ભાવમાં ફરી એક વખત રૂ. 50 વધારવામાં આવ્યા. આ વધારા પછી રાંધણગેસ સિલિન્ડરની કિંમત 949.50 રૂપિયાથી વધીને 999.50 રૂપિયા થઈ ગઈ હતી.

એક તરફ પેટ્રોલ ડીઝલના ભાવમાં વધારો થયો છે તો બીજીતરફ સીએનજી ગેસના ભાવમાં પણ વધારો

...અનુસંધાન પેજ નં. 6 પર





**હવે ક્યા શહેરમાં કેટલો ભાવ**

ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા કેન્દ્રના દબાણમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં છેલ્લાં ઘણાં દિવસથી કોઈ વધારો નહીં કરીને રાહત આપી તો બીજી તરફ આજે એલપીજી રાંધણ ગેસના 14.2 કિ.ગ્રા. ના બાટલાના ભાવમાં 50 રૂપિયાનો વધારો કર્યો હતો. આ ભાવ વધારાના પગલે દિલ્હીમાં નવો ભાવ રૂ. 1053 થયો છે. મુંબઈમાં 1002.50ને બદલે 1052.50, કોલકાતામાં નવો ભાવ 1079, ચેન્નઈમાં નવો ભાવ 1068, અમદાવાદમાં 1060 રૂપિયા થયો છે.

### રસપ્રદ: ટ્રેન્ડીંગમાં ચાલી રહેલી શબ્દાવલિ..!

છેલ્લાં એક પખવાડિયા કે તેના કરતાં વધુ સમયથી અખબારોમાં, મિડિયામાં અને સો. મિડિયામાં જે શબ્દો વલણમાં અને ચલણમાં છે તેના ઉપર નજર નાંખીએ તો...

- નૂપુર શર્મા
- ગલા કાટ ડાલો
- સર કાટ ડાલો
- એફઆઈઆર કરા દો
- સુપ્રિમ કોર્ટ
- લક્ષ્મણ રેખા ના ઓળંગો
- જેહાદ
- હિન્દુત્વ
- સરકાર બનાવીશું
- હું જ શિવ સૈનિક
- ઈડી-સીબીઆઈ
- મફત વીજળી
- કાલી મા
- વંદે ગુજરાત

## ‘માહી’નો મહિમા | ક્રિકેટરથી કડકનાથ સુધીની સફર, ગાડી બુલા રહી હૈ....



ભારતીય ક્રિકેટ જગતમાં પોતાનું નોખુ-અનોખુ અને અનન્ય સ્થાન બનાવનાર મહેન્દ્રસિંહ ધોની કે જેઓ ક્રિકેટ જગતમાં ‘માહી’ના હુલામણા નામે ઓળખાય છે. તે પોતાના જીવનના 41 વર્ષ પૂરા કરીને 42મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે. રાંચીમાં જન્મેલા માહી એક ગરીબ પરીવારમાંથી આવે છે. કોલેજ શિક્ષણ પૂરૂ કર્યા બાદ ભારતીય રેલવેમાં સામાન્ય ટીસીઈની નોકરી શરૂ કરી અને ત્યારબાદ તેમના નસીબની ટ્રેન એવી ધમધમાટ બુલેટ ગતિએ દોડી કે ટીમ ઈન્ડિયાના કેપ્ટન બન્યા અને તેમના નેતૃત્વમાં ભારતે વર્ષ 2011માં શ્રીલંકાની સામે વર્લ્ડ કપ જીત્યો હતો. IPLમાં માહીનો ભારે તરખાટ જોવા મળ્યો છે. નોંધનીય છે કે, ધોની વિશ્વનો એક માત્ર એવો ક્રિકેટર છે કે, જેના નેતૃત્વમાં ભારતે T20 વિશ્વકપ, વર્લ્ડ કપ અને આઈસીસી ચેમ્પિયન ટ્રોફી જીતી છે. સામાન્ય રીતે ક્રિકેટરો કે સેલિબ્રિટી ધંધો, વ્યવસાયમાં ઓછા પ્રવેશતા હોય છે. પરંતુ માહી પાક્કો વાણિયો બનીને કડકનાથ (મરઘાની એક જાત) પોલ્ટ્રી ફોર્મ સહિત સાત પ્રકારના ધંધાઓ કરીને રોજગારી આપી રહ્યો છે. અને ધન પ્રાપ્તિ કરી રહ્યો છે. તેમણે ભારતીય સેનામાં ટ્યુટોરિયલ ઓફિસર તરીકેની તાલીમ મળવીને સેના અધિકારી પણ બન્યા છે. માહીના જબરજસ્ત ચાહકો છે. સોશિલ મીડિયામાં સક્રિય છે. તેમના 42મા જન્મદિન પ્રસંગે ગુજરાત વંદન તરફથી પણ અભિનંદન





### કેટલીક ટીવી ચેનલોને કાબુમાં લેવા કોંગ્રેસ ઝી ન્યૂઝને દાખલારૂપ સજા કરાવવાની તૈયારીમાં..

## ઝી ટીવીની ધોળે દિન ચોરી પકડાઈ, કોંગ્રેસ લાલચોળ-ધૂંવાપૂંવા..છોડેગા નહી..




ગુજરાત | વંદન

દેશની જાણીતી ટીવી ન્યૂઝ ચેનલ ઝી ટીવીની પોલ પકડાઈ જતાં ઝીની નામોશી થઈ રહી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના એક વિડિયોની સાથે છેડછાડ કરીને તેને ઉદેપુરની હત્યાના ગુનેગારોને રાહુલ બાળકો ગણાવીને તેમની સામે કોઈ કાર્યવાહી નહીં કરવી જોઈએ એવુ નિવેદન જોડીને ચેનલ પર ચલાવ્યું હતું. ઝી ન્યૂઝનો આ વિડિયો ભાજપના કેટલાક નેતાઓએ વાઈરલ કર્યો હતો. રાહુલના વિડિયોની સાથે ચેડાં કરીને દર્શકોને ગેરમાર્ગે દોરવામાં આવ્યાં અને આ સમગ્ર મામલે ઝીનો ખેલ બહાર આવતાં કોંગ્રેસના નેતાઓ દ્વારા ઝી ટીવી અને પોતાના કાર્યક્રમમાં વિડિયો બતાવનાર એંકર રંજનની સામે પોલીસ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

કોંગ્રેસના સૂત્રોનું માનવુ છે કે છેલ્લાં કેટલાય સમયથી ઝી અને અન્ય કેટલીક ટીવી ચેનલો કોંગ્રેસ અને રાહુલની વિરુધ્ધ વી ઉપજાવી કાઢેલી બાબતો ચલાવીને પાર્ટીની છબીને નુકસાન કરવાનું કાવતરૂ ચાલી રહ્યું હતું. જે ઝીના ખોટા વિડિયો ન્યૂઝથી ખુલ્લુ પડી ગયું છે. કોંગ્રેસના નેતા પવનખેડા કહે

...અનુસંધાન પેજ નં. 6 પર




## ન્યૂઝ બ્રિફ

### ઘોડી પે હોકે સવાર ચલા હૈ દુલ્હા યાર, બલ્લે..બલ્લે..



પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન લગ્નના બંધમાં બંધાવા જઈ રહ્યા છે. તેમના લગ્ન આજે ગુરૂવારે ચંડીગઢમાં થશે. ભગવંત માન ડો ગુરપ્રીત કૌર સાથે લગ્ન કરવા જઈ રહ્યા છે. ભગવંત માનના લગ્નમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ હાજર રહેશે. ભગવંત માન 48 વર્ષના છે. બીજા લગ્ન કરવા જઈ રહ્યા છે. ભગવંત માનની પ્રથમ પત્ની ઈંદરપ્રીત કૌર સાથે છૂટાછેડા લીધા છે. તેમને બે બાળકો પણ છે. જે ભગવંત માનની પત્ની સાથે અમેરિકામાં રહે છે, ચંડીગઢમાં ભગવંત માનના લગ્નનું આયોજન થશે. તેમાં અરવિંદ કેજરીવાલ સહિત ખાસ લોકો હાજર રહેશે.

### અખબારી ક્ષેત્રે અદાણીની સત્તાવાર એન્ટ્રી!

અદાણી ગ્રુપના પ્રણવભાઈ અદાણી સૌરાષ્ટ્ર ટ્રસ્ટના બોર્ડ ઓફ ટ્રસ્ટીઝમાં ટ્રસ્ટી તરીકે જોડાયા છે. બોર્ડના અધ્યક્ષ દામજીભાઈ એન્કરવાલાએ પ્રણવભાઈને સહર્ષ આવકાર આપતાં કહ્યું હતું કે, ગૌતમ અદાણીની ષષ્ઠીપૂર્તિ અને પિતાની જન્મશતાબ્દી અવસરે રૂ. 60 હજાર કરોડની સખાવતની જાહેરાત કરી છે. હવે પ્રણવભાઈના જ્ઞાન અને અનુભવનો લાભ સૌરાષ્ટ્ર ટ્રસ્ટ અને જન્મભૂમિ પત્રોને મળશે. આ અંગે પ્રણવભાઈએ કહ્યું કે, સૌરાષ્ટ્ર ટ્રસ્ટ જેવી સેવાભાવી સંસ્થા અને રાષ્ટ્રભાવનાને સમર્પિત જન્મભૂમિ પત્રો સાથે જોડાવાનો વિશેષાધિકાર અને માન મને મળ્યું એ બદલ હું આપ સૌનો આભાર માનું છું.

### વાંકી નજરે...





### રવિવારે પડી ગયા હતા, જે બાદ હોસ્પિટલમાં ભરતી કરાવ્યા

## લાલુ યાદવની તબિયત નાજુક, PM મોદીએ ખબર અંતર પૂછ્યા

ગુજરાત | વંદન

પટનાની પારસ હોસ્પિટલમાં ભરતી બિહારના પૂર્વ સીએમ તથા રાજદ પ્રમુખ લાલૂ પ્રસાદ યાદવની તબિયત નાજૂક છે. તેમણે એર એમ્બ્યુલન્સ દ્વારા દિલ્હી ખસેડવામાં આવી રહ્યા છે. આ તમામની વચ્ચે પીએમ મોદીએ લાલૂ પ્રસાદ યાદવના પુત્ર તેજસ્વી યાદવ સાથે ફોન પર ચર્ચા કરીને સ્વાસ્થ્યની જાણકારી લીધી હતી. તેજસ્વીએ બિહારની જનતા પાસે ભાવૂક અપીલ પણ કરી છે. તો બીજી તરફ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ હોસ્પિટલ જઈ લાલુ યાદવના હાલચાલ પૂછ્યાં હતા.



રાજદ પ્રમુખ લાલૂ પ્રસાદ યાદવ રવિવારે પટનામાં રાબડી દેવીના સરકારી નિવાસ સ્થાને પડી ગયા હતા. જેનાથી તેમના ખભ્ભાનું હાડકુ તૂટી ગયું હતું. શરીરના અન્ય ભાગમાં પણ ગંભીર ઈજાઓ થઈ હતી. તેઓ પહેલાથી જ કેટલીય બિમારીથી પીડિત હતા. સોમવારે સવારે તેમની તબિયત વધારે ખરાબ થતાં તેમને પારસ હોસ્પિટલમાં લઈ જવામા આવ્યા હતા. જ્યાં તેમને આઈસીયુમાં ભરતી કરવામા આવ્યા હતા.

### અરજીમાં નફરત ફેલાવવાના કેસમાં તહસીન પૂનાવાલાના નિર્ણયને લાગુ કરવાની માંગ કરવામાં આવી

## નુપૂર શર્માની ધરપકડ માટે સુપ્રીમ કોર્ટમાં રીટ, 11મીએ સુનાવણી

ગુજરાત | વંદન


એક ચોક્કસ ધર્મના વડા અંગે ટીપ્પણી ભારે



વિવાદમાં આવનાર અને ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલ પૂર્વ પ્રવકતા નુપૂર શર્માની ધરપકડ માટે મામલો છેવટે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. નુપૂર શર્મા સામે મહારાષ્ટ્ર, દિલ્હી અને કોલકાતામાં પોલીસ ફરિયાદો નોંધાયેલી હોવા છતાં હજુ સુધી તેમની ધરપકડ ન થતાં સુપ્રીમ કોર્ટના જજ જસ્ટીસ જેબી પારડીવાલાએ પણ સરકારને છપકો આપ્યો હતો કે અન્ય કોઈ આરોપી હોત તો તરત ધરપકડ થાય છે તો નુપૂર શર્માની હજુ સુધી ધરપકડ કેમ થતી નથી? આ જ જજ દ્વારા નુપૂરને ભારે ફટકાર લગાવવામાંઆવી હતી તમે કરેલા ભડકાઉ નિવેદનોને કારણે દેશમાં આગ લાગી છે. આ મામલે પણ જજની સામે વિરોધ થયો છે.

દરમ્યાનમાં, સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે જેમાં ભાજપના સસ્પેન્ડેડ નેતા નુપુર શર્માની ધરપકડ કરવાની માંગ કરવામાં આવી છે. એડવોકેટ અબુ સુહેલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને આ માંગ કરી છે. વકીલના જણાવ્યા અનુસાર સુપ્રીમ કોર્ટ આ મામલે 11 જુલાઈએ સુનાવણી કરી શકે છે. અરજદારે અરજીમાં કહ્યું છે કે નુપુર સામે એફઆઈઆર દાખલ

...અનુસંધાન પેજ નં. 6 પર



# સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ગુજરાતે દેશના અન્ય રાજ્યોને પછાડ્યા, ફરી બન્યું નંબર 1

ગુજરાત | વંદન

વાણિજ્ય અને ઉદ્યોગ, કાપડ અને ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણના મંત્રી પીયૂષ ગોયલ દ્વારા સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગ 2021 ના પરિણામો જાહેર કરવામાં આવ્યા. સતત ત્રીજી વખત ગુજરાતે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મૂલ્યાંકનમાં "બેસ્ટ પરફોર્મિંગ" ની ટોચની શ્રેણીમાં તેનું સ્થાન જાળવી રાખ્યું છે. આ કાર્યક્રમમાં 28 રાજ્યો અને 8 કેન્દ્રશાસિત પ્રદેશોએ ભાગ લીધો હતો. શિક્ષણ વિભાગના અગ્ર સચિવ એસ.જે.હૈદર અને ઈન્ડસ્ટ્રીઝ કમિશનર અને સ્ટાર્ટઅપ ગુજરાત સેલના નોડલ ઓફિસરે માનનીય મંત્રીના હસ્તે આ એવોર્ડ સ્વીકાર્યો.

**7 વ્યાપક સુધારા ક્ષેત્રો પર આધારિત છે આ રિપોર્ટ** | સ્ટાર્ટઅપ ઈન્ડિયા સાથે DPIIT દ્વારા હાથ ધરવામાં આવેલ 2021 રેન્કિંગ 7 વ્યાપક સુધારા ક્ષેત્રો પર આધારિત હતી જેમાં સંસ્થાકીય સમર્થન, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન, માર્કેટ એક્સેસ, ઈન્ક્યુબેશન સપોર્ટ, ફંડિંગ સપોર્ટ, મેન્ટરશિપ સપોર્ટ અને એનેબલર્સની ક્ષમતા નિર્માણથી લઈને 26 એક્શન પોઈન્ટ્સનો સમાવેશ થાય છે. રેન્કિંગની સાથે, સરકારે તમામ સહભાગીઓ માટે રેન્કિંગનો રાષ્ટ્રીય અહેવાલ, તેમજ ચોક્કસ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના અહેવાલો પણ બહાર પાડ્યા, જેમાં માળખા અને પદ્ધતિ, મૂલ્યાંકન પ્રક્રિયા અને પરિણામો સહિતના અભ્યાસની સમગ્ર સંરચનાને પ્રકાશિત કરવામાં આવી હતી.

**ગુજરાતની એ પહેલ જેમનો કેન્દ્રએ શ્રેષ્ઠ પ્રથાઓમાં સમાવેશ કર્યો** | સ્ટાર્ટઅપ્સમાં 150+ સરકારી અધિકારીઓને સામેલ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવેલી સંવેદનશીલ પહેલ, તમામ રાજ્ય સમર્થિત ઈન્ક્યુબેટર્સમાંથી 100% તાલીમ, 300થી વધુ સંભવિત ખાનગી રોકાણકારોને સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહન આપવા, સ્ટાર્ટઅપ્સને ફંડિંગ સપોર્ટ પૂરો પાડવા માટે વર્ષ માટે 2 ફંડ-સ્ટુડન્ટ ઈનોવેશન ફંડ અને GVFL સ્ટાર્ટઅપ ફંડ અને નાણાકીય સહાય દ્વારા સમર્થિત 160+ સ્ટાર્ટઅપ્સને *કેન્દ્ર સરકાર દ્વારા "શ્રેષ્ઠ પ્રથાઓ" તરીકે માન્યતા આપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વિશેષ અવસરે જણાવ્યું હતું કે, 'ગુજરાત સરકાર આત્મનિર્ભર વડાપ્રધાનના સંકલ્પને પૂર્ણ કરવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કામ કરી રહી છે. સ્ટાર્ટઅપ્સમાં કોઈપણ દેશના અર્થતંત્રને નવી ઊંચાઈ અને નવો આયામ આપવાની ક્ષમતા છે. આવનારા સમયમાં આ સ્ટાર્ટઅપ્સ ભારતને આત્મનિર્ભર બનાવવામાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવશે.
ઉલ્લેખનીય છે કે છેલ્લા 5 વર્ષમાં ભારતમાં સ્ટાર્ટઅપ્સ ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. અમારી સરકાર ગુજરાતના સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે કામ કરી રહી છે. સતત ત્રીજી વખત અમને આ એવોર્ડ મળ્યો છે, ગુજરાતની સમગ્ર ટીમને અભિનંદન.

## કેજરીવાલની દાઢે ગુજરાતી ભોજન વળગ્યું?

# હું દર અઠવાડિયે ગુજરાત આવીશ, સરકાર બનાવીશ

ગુજરાત | વંદન



આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાતમાં વીજળી મુદ્દે લોકો સાથે સંવાદ કરી રહ્યાં છે. અરવિંદ કેજરીવાલે વીજળી અંગે વાતચીત કરતાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ચૂંટણી આવવાની છે. હું તમને પૂછવા માગું છું કે આમ આદમી પાર્ટી પહેલી ચૂંટણી લડે છે. ગુજરાતના નેતાઓ વીજળી કે તમારા મુદા પર ચર્ચા કરી? અમે દિલ્લી અને પંજાબમાં કરી બતાવ્યું. કહીએ તે કરીએ છીએ. અમારા કાર્યકર્તાઓ 1 વર્ષથી ગામડાઓમાં ફરે છે. લોકો ગુજરાતમાં તકલીફમાં છે.

**કેજરીવાલે કહ્યું હું ફરીવાર રવિવારે અમદાવાદ આવીશ** | ગરીબ લોકોના ઘરમાં પણ હજારો રૂપિયાનું લાઈટનું બિલ આવે છે. દિલ રોઈ પડે છે આ સાંભળીને કે વીજળી કેમ આટલી મોંઘી છે? મંત્રીઓ જલ્સા કરે છે તેમનું બિલ ઝીરો આવે છે. ઓફિસો અને ઘરોમા એસી અને ટોયલેટમાં પણ એસી લાગેલા છે.તેમણે કહ્યું કે હું ફરીવાર રવિવારે અમદાવાદ આવીશ અને વીજળીની સમસ્યાનું સમાધાન કરીશ.ગુજરાતમાં પણ વીજળી સસ્તી અને ફ્રી જોઈએ તો તેના માટે સત્તા પરિવર્તન કરવું પડશે. ઈમાનદાર સરકાર લાવવી પડશે. આ સરકારને પ્રજાને લૂંટવી છે માટે તેઓ વીજળી ફ્રી નથી કરતા.

**ભાજપના નેતાઓએ વીજળીનો ખોટો પ્રચાર કર્યો** | અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે ભાજપના નેતાઓ કહે છે 24 કલાક ગુજરાતમાં વીજળી મળે છે. ગુજરાતમાં વીજળી કાપ નથી. તો શું શહેરમાં પણ વીજળી જાય છે? જો કે મને જાણવા મળ્યું કે હમણાં હોલમાં જ 3 વાર લાઈટ જતી રહી. અરવિંદ કેજરીવાલે કહ્યું કે ગુજરાતમાં બિલ કેટલું આવે છે? લોકોએ કહ્યું બિલ 4000 આવે છે. ખેડૂતોને રાતે વીજળી આપે છે તેનો મતલબ શુ છે. ઓફિસરોને પણ રાતે વીજળી આપો એટલે રાતે ઓફિસ ખુલે. 2014 ચૂંટણી પહેલા ભાજપના નેતાઓએ વીજળીનો ખોટો પ્રચાર કર્યો છે. દિલ્લીમાં કોંગ્રેસ સરકાર હતી ત્યારે કીધું વીજળી બિલ ઓછું કરો. મેં 15 દિવસ ઉપવાસ કર્યા. ચૂંટણી લડ્યા અને આમ આદમી પાર્ટી આવી અને મેં વીજળી ફ્રી કરી દીધી.

**7 વર્ષથી દિલ્હીમાં વીજળીના ભાવ નથી વધ્યા** | આજે દિલ્લીમાં 24 કલાક વીજળી મળે છે. દિલ્લી સરકાર પાસે લોન કે ટેક્સ નથી. મેં દિલ્લીમાં વીજળી કંપનીઓને કહ્યું કે જો ભાવ વધ્યા તો ખેર નથી. 7 વર્ષથી દિલ્લીમાં વીજળીના ભાવ નથી વધ્યા. 1 જુલાઈથી પંજાબમાં ફ્રી વીજળી આપવાનું શરૂ કરી દીધું છે. ગુજરાતમાં 70થી 80 ટકા લોકોના બિલ ખોટા આવે છે. જ્યારે મીટર બદલવા માટે પૈસા લે છે. બિલ ઓછું કરાવવા માટે પણ પૈસા માગે છે. દિલ્લીમાં 73 ટકા લોકોના બિલ ઝીરો આવે છે અને 24 કલાક વીજળી મળે છે. પંજાબમાં પણ 24 કલાક વીજળી મળશે.

## ગાંધીનગરમાં ઈ - વેસ્ટના નિકાલ માટે મનપા દ્વારા આગવું આયોજન

# ટોલ ફ્રી નંબર 8980004000 શરૂ કરાયો

ગુજરાત | વંદન



ગાંધીનગરમાંથી નીકળનારા ઈ - વેસ્ટના યોગ્ય નિકાલ માટે મહાનગરપાલિકા દ્વારા આગવું આયોજન ધરવામાં આવ્યું છે. જેમાં દરેક પ્રકારની ઈલેક્ટ્રોનિક વસ્તુઓનો ઈકો ફ્રેન્ડલી રીતે નિકાલ કરવામાં આવશે.

આજે ગાંધીનગર ખાતે મહાનગરપાલિકાના મેયર હિતેશ મકવાણા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આગામી સમયમાં પ્રદૂષણનો અત્યંત વધારો થવા જઈ રહ્યો છે ત્યારે માનવ જાતિ માટે ખતરા રૂપ બની રહેનારા પ્રદૂષણ સામે માનવીએ જાગૃત થવાની અત્યંત આવશ્યકતા છે. પ્રદૂષિત પાણી, પ્રદૂષિત હવા અને હવે જમીન પણ પ્રદૂષિત થઈ રહી હોવાથી હાલના તબક્કે માનવ જાતે જાગૃત થવાની જરૂરિયાત ઊભી થવા પામી છે. બીજી બાજુ એકવીસમી સદીમાં વધી રહેલા ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ભંગાર પણ ભવિષ્ય માટે ખતરા રૂપ બની રહે એવી દહેશત પ્રવર્તી રહી છે. એર કન્ડિશનર, રેફ્રિજરેટર, માઈક્રોવેવ ઓવન, ઘરઘંટી, વોશિંગ મશીન ઉપરાંત લેપટોપ, કોમ્પ્યુટર કે મોબાઈલ જેવા ઉપકરણો આજના યુગમાં જરૂરિયાતનું સાધન બની રહ્યા છે.

આ અર્વાચીન યુગમાં આવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો લાંબા સમયે ખરાબ થઈ જતા હોવાને કારણે તે બિન વપરાશી પડી રહેવા પામે છે યા તો ભંગારમાં આપી દેવા પડે છે. પર્યાવરણ સામે મંડરાઈ રહેલા આ ખતરાને નિવારવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બીડુ ઝડપવામાં આવ્યું છે. ECS એન્વાયરમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ ને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. હિતેશભાઈ મકવાણાએ પોતાની વાત આગળ વધારતા જણાવ્યું હતું કે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ઈ - વેસ્ટના નિકાલ માટે ટોલ ફ્રી નંબર જાહેર કરવામાં આવે છે. મહાનગરપાલિકાનું વેબ પેજ પણ શરૂ કરવામાં આવી રહ્યું છે. આ ટોલ ફ્રી નંબર ૮૯૮૦૦૦૪૦૦૦ ઉપર વોટ્સ એપ મેસેજ મોકલવાથી કંપનીની વાન આવીને તમારે ઘરેથી ઈ - વેસ્ટ લઈ જશે. ECS ને કરવામાં આવેલા મેસેજમાં વસાહતીએ જે વસ્તુ ઈ - વેસ્ટ માં આપવાની હોય તેનો ફોટો પાડીને મોકલવાનો રહેશે. ત્યારબાદ કંપની દ્વારા વસાહતીના ફોન ઉપર તારીખ અને સમય આપવામાં આવશે. એ તારીખે કંપનીની વાન વસાહતીના બતાવેલા સ્થળ ઉપર પહોંચી જઈને ઈ - વેસ્ટની ચકાસણી કરી તેની કિંમત નક્કી કરશે. નક્કી કરાયેલી આ કિંમત સ્થળ ઉપર જ જે તે વસાહતીને ચૂકવી દેવામાં આવશે. આમ તમારો બગડી ગયેલો મોબાઈલ ફોન, વોશિંગ મશીન, ફ્રીજ, ઘરઘંટી કે કોમ્પ્યુટર પણ યોગ્ય કિંમતે ઈ - વેસ્ટ માં આપી શકાશે. આ ઈ - વેસ્ટ લઈ જનારી કંપની દ્વારા ઈ - વેસ્ટના બદલામાં ગ્રીન સર્ટિફિકેટ આપવામાં આવશે. જેમાં ભારત સરકારના ધારા ધોરણ મુજબ આ ઈ - વેસ્ટ નો ઈકો ફ્રેન્ડલી પદ્ધતીથી યોગ્ય નિકાલ કરવાની પણ બાહેંધરી આપવામા આવનાર હોવાનું, ECS નાં પ્રતિનિધિ વિજયભાઈએ જણાવ્યું હતું.

મેયર હિતેશભાઈ મકવાણા એ જણાવ્યા અનુસાર એ વેસ્ટના 31 એકત્રીકરણ માટે ભવિષ્યમાં ગાંધીનગરના વિવિધ સ્થળો ઉપર ઈ - વેસ્ટ કલેક્શન સેન્ટર પણ ઉભા કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

## ખેડૂતો માટે રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય

# ડ્રેગનફ્રૂટનું વાવેતર કરનાર ખેડૂતોને મળશે આર્થિક સહાય

ગુજરાત | વંદન

ગુજરાત સરકારે ખેડૂતોના હિત માટે મોટો નિર્ણય કર્યો છે. ગુજરાતમાં કમલમ ફળ (ડ્રેગનફ્રૂટ) નું વાવેતર કરતા ખેડૂતોને કુલ રૂપિયા 1000 લાખ તેમજ કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ અંતર્ગત ખેડૂતોને રૂપિયા 650 લાખની આર્થિક સહાય કરાશે

કૃષિ મંત્રી રાઘવજી પટેલ આ વિશે કહ્યુ કે, કમલમ ફળનું વાવેતર કરતા સામાન્યજાતિના ખેડૂતોને એક હેક્ટરની મર્યાદામાં હેક્ટર દીઠ મહતમ રૂપિયા 3 લાખની સહાય અપાશે. અનુ.જન.જાતિ-અનુ. જાતિના ખેડૂતોને એક હેક્ટરની મર્યાદામાં હેક્ટર દીઠ મહત્તમ રૂપિયા 4.50 લાખની સહાય અપાશે. ત્યારે ગુજરાતના ખેડૂતને શરૂઆતના ઉંચા રોકાણ સામે જરૂરી નાણાકીય સહાય મળવાથી અન્ય દેશોમાં નિકાસ દ્વારા વિદેશી હુંડીયામણ કમાવવાની વિપુલ તકો મળશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ખેડૂતોની આવક બમણી કરવાના ઉદ્દેશ છે. ત્યારે ગુજરાત સરકારે રાજ્યમાં કમલમ ફળના વાવેતર કરતા ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે કુલ રૂપિયા 1000 લાખની આર્થિક સહાયનો ખાસ કાર્યક્રમ શરૂ કર્યો છે. સામાન્ય જાતિના ખેડૂતોને હેક્ટર દીઠ મહત્તમ રૂપિયા 3 લાખ તથા અનુ.જાતિ અને અનુ. જનજાતિના ખેડૂતોને હેક્ટરદીઠ મહત્તમ રૂપિયા 4.50 લાખની સહાય માટે કુલ રૂપિયા 1000 લાખની સહાય જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ અંતર્ગત ખેડૂતોને બહુવર્ષાયુ ફળઝાડ વાવેતરમાં સહાય, પિયતના સાધનોમાં સહાય, બાગાયતી યાંત્રીકરણ માટે, બાગાયતી માળખાકીય સુવિધા ઉભા કરવા, વર્મી કંમ્પોસ્ટ યુનિટ, પ્લાસ્ટિક આવરણ જેવા વિવિધ ઘટકોમા આર્થિક સહાય માટે વ્યક્તિગત ખેડૂત, FPO, FPC, રજીસ્ટર્ડ ટ્રસ્ટને મહત્તમ કુલ રૂપિયા 50 લાખની સહાય માટે કુલ રૂપિયા 650 લાખનો કાર્યક્રમ શરૂ કરવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કરાયો છે. આ પ્રોત્સાહન સહાય માટે રાજ્ય સરકાર દ્વારા બંને કાર્યક્રમો માટે કુલ રૂપિયા 1650 લાખની માતબર રકમ ફાળવવામાં આવી છે.

## ચોમાસામાં વિવિધ સમસ્યાના નિવારણ માટે મનપા દ્વારા 24 કલાક સેવા

### હેલ્પલાઈન 1800 108 1818 પર ફરિયાદો નોંધાવી શકાશે

ગુજરાત | વંદન

ગાંધીનગરના નાગરિકોની સમસ્યાઓના નિવારણ માટે મનપા દ્વારા ઈન્ટિગ્રેટેડ હેલ્પલાઇન સિસ્ટમ લોંચ કરવામાં આવી હતી. જેમાં નાગરિકો સવારે 7થી 10 વાગ્યા સુધી ફરિયાદ નોંધાવી શકતા હતા. જોકે ચોમાસાની સ્થિતિને ધ્યાને લઈને હવેથી આ હેલ્પલાઇનને 24 કલાક ચાલુ રહેશે. મનપા દ્વારા પૂર્વતૈયારી સાથે આયોજન કરાયું છે.ભારે કે અતિભારે વરસાદ કે પૂરની પરિસ્થિતિ સમયે જાહેર રસ્તાઓ કે જાહેર સ્થળોએ ભારે વરસાદને કારણે વૃક્ષો પડી જાય તો તેને તાત્કાલિક હટાવવાની કામગીરી, કોઈપણ માલહાની થાય તો ત્વરીત મદદ માટે હેલ્પલાઈન 24 કલાક અવિરત ચાલુ રહેશે. નાગરિકો 18001081818 પર પોતાની ફરિયાદો નોંધાવી શકશે. 5 જેસીબી, 5 ટ્રેક્ટર અને શ્રમિકો સાથેની ટીમ તૈયાર કરીને કોર્પોરેશનના અધિકારી-કર્મચારીઓને કામગીરી વહેંચી દીધી છે. ત્રણ શિફ્ટમાં મિકેનિકલ શાખા, બાગાયત સુપરવાઈઝર અને કંટ્રોલરૂમ પર કર્મચારીને ડ્યુટી સોંપી દેવાઈ છે.

# કૃષિ સમસ્યાઓના નિકાલ માટે કિસાન સંઘની કલેકટરને રજૂઆત

ગુજરાત | વંદન



ભારતીય કિસાન સંઘ દ્વારા સોમવારે ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપીને ખેડૂતોને માંગણીઓ બાબતે રજૂઆત કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લા કલેકટર ડો. કુલદીપ આર્યને અપાયેલા એક આવેદનપત્રમાં ભારતીય કિસાન સંઘ દ્વારા વિવિધ માંગણીઓ રજૂ કરવામાં આવી હતી. મીટર આધારીત વિજદર અને હોર્સ પાવર આધારીત વિજદરમાં સમાનતા લાવવા અને સ્થાનીક ખેડૂતોની સમસ્યાઓને દૂર કરવાનાં મુદ્દામાં બંન્નેના વિજદરમાં તફાવત છે. જેથી વિજ મીટર આધારીત ખેડૂતોને નુક્શાની જાય છે. જેથી મીટર આધારીત ખેડૂતોને પણ હોર્સ પાવર આધારીત ભાવથી જ વિજ પુરવઠો આપી સમાનતા લાવવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

(૧) મીટર = હોર્સ પાવર = સમાન વીજદર, (૨) મીટર આધારીત બોરવેલનું વીજ બીલ દર બે મહીને ભરાશે, (૩) ફીક્સ ચાર્જમાં રાહત આપવા બાબત, (૪) સ્વૈચ્છીક લોડ વધારાની સ્કીમ લાવવા બાબત, (૫)બોરવેલ પર જો વીજ મીટર બળી જાય તો તેની જવાબદારી વીજ કંપનીની રહેશે, (૬) કિસાન સુર્યોદય યોજના (દિવસે વીજળી) તત્કાલ સમગ્ર ગુજરાતમાં અમલ સહિતના મુદ્દાઓ અંગે રજૂઆત કરવામાં આવી હતી.

તદઉપરાંત, કેન્દ્રીય ભૂગર્ભ જળમાં ૧૦ હજાર ભરી રજીસ્ટ્રેશન કરવાના કાયદામાંથી ખેડૂતોને મુક્તી આપવા માટે પણ માંગ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય કિસાન સંઘનું પાંચ સભ્યોનું પ્રતિનિધિ મંડળ મુખ્યમંત્રીને રજૂઆત અર્થે ગયું હતું. જોકે, વડાપ્રધાનની ગાંધીનગર મુલાકાતને અનુલક્ષીને મુખ્યમંત્રી વ્યસ્ત હોવાથી આ પ્રતિનિધિ મંડળે નાણામંત્રીને રજૂઆત કરી હતી. નાણામંત્રીએ ભારતીય કિસાન સંઘની રજૂઆતને મુખ્યપ્રધાન સમક્ષ પહોંચાડવાની હૈયાધારણ આપી હતી.

# રાણજીપુરા પ્રા. શાળાના 38મા સ્થાપનાદિને કેક કાપી ગામમાં સામુહિક ઉજવણી કરવામાં આવી

ગુજરાત | વંદન

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામની પ્રાથમિક શાળાનાં સ્થાપના દિવસને, જન્મદિવસ તરીકે મનાવીને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ગામની શાળા પ્રત્યે આત્મીયતા વધે તેમજ શિક્ષણ પ્રત્યે રૂચિ કેળવાય તે આશયથી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલા સરપંચોના સંમેલનમા પોતાના ગામની શાળાના જન્મદિવસની સામુહિક ઉજવણી કરવાનું આહવાન કર્યુ હતુ. ગાંધીનગરના ઉવારસદ ગ્રામ પંચાયત દ્વારા વડાપ્રધાનના આ વિચારને ચરિતાર્થ કરી ગામની શાળા અને ગ્રામજનો વચ્ચે સેતુ બંધાય તે હેતુથી રાણજીપુરા પ્રાથમિક શાળાના જન્મદિવસની સામુહિક ઉજવણી કરવામાં આવી હતી. સરકારી પ્રાથમિક શાળાના સ્થાપના દિન એટલે કે જન્મદિવસની ઉજવણી થઇ હોય અને તેમા પણ આટલી આત્મિયતા, આટલા ઉત્સાહ સાથે



ગ્રામજનો ઉજવણી પ્રસંગે જોડાયા હોય તેવો આ લાગણીસભર કિસ્સો છે. આ શાળાની સ્થાપનાને ૩૮ વર્ષ પુરા થયા છે. આ પ્રસંગની ઉજવણીમાં તમામ ગ્રામજનોએ આ આગવો ઉત્સવ હોય તેટલો ભાગ ભજવ્યો હતો. ગ્રામજનોએ ભેગા મળીને કેક કાપી હતી. એટલું જ નહિ, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજીને શાળાનો જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો. આ શુભ દિવસે શાળામા સેવા આપતા આચાર્યા કામિનીબેન નરેશભાઇ પટેલ, શિક્ષક ભાઇ - બહેનો, પંચાયતના સભ્યો, ગામના વડીલો, આગેવાનો તથા અગાઉ શાળામા અભ્યાસ કરી ચુકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનો દ્વારા કાર્યક્રમમા ઉપસ્થિત મહાનુભાવોનુ શાલ ઓઢાડી સન્માન કરવામા આવ્યુ હતુ. શાળાના જન્મ દિવસે ભેટ સ્વરૂપે નવી પીવાના પાણીની પરબ બનાવી આપવાની જાહેરાત પણ આ તબક્કે કરવામા આવી હતી. તો બીજી બાજુ, જન્મ દિવસની પાર્ટી સ્વરૂપે સ્વરુચિ ભોજનની વ્યવસ્થા પણ ગ્રામજનો દ્વારા કરવામા આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, જેમ નાના બાળકનો જન્મ દિવસ મનાવવામાં આવતો હોય એ રીતે શાળાનો જન્મદિવસ મનાવીને તેને પણ લાડકોડથી સજાવીને તૈયાર એટલે કે સુશોભિત કરવામાં આવી હતી.




## રાષ્ટ્ર ભક્તિ માટે કેન્દ્રની નવી પહેલ, હર ઘર તિરંગા, ઘર-ઘર તિરંગા

# ગુજરાતમાં 1 કરોડ ઘરો પર લહરાશે રાષ્ટ્ર ધ્વજ

ગુજરાત | વંદન



કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં 11થી 17 ઓગસ્ટ દરમિયાન હર ઘર ત્રિરંગા અભિયાન ઊજવવાનું નક્કી કરાયું છે. ગુજરાતમાં પણ આ અભિયાન હેઠળ દરેક ઘર, ઉદ્યોગ, સંસ્થા, હોટેલ-રેસ્ટોરાં, દુકાનો સહિતનાં સ્થળો પર ત્રિરંગો લહેરાય તેવી સ્વયંભુ ઝુંબેશ હાથ ધરાશે.

આ બાબતની રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગના મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ વિભાગે તૈયારી આરંભી દીધી હોવાનું સુત્રોનું કહેવું છે. ગુજરાતમાં આશરે 1.25 કરોડ ઘર છે, તે પૈકી 1 કરોડ ઘરે ત્રિરંગો લહેરાય તેવું લક્ષ્ય હોવાનું સુત્રોનું કહેવું છે. રાજ્યના અન્ન-નાગરિક અને પુરવઠા વિભાગે આ બાબતનો પરિપત્ર કરીને પણ સસ્તા અનાજની દુકાનોને અભિયાન હેઠળ ત્રિરંગો લહેરાવવાની સૂચના આપી દીધી છે.

આ અભિયાન ફરજિયાત નથી,પણ દરેક નાગરિક સ્વયંભૂ તેમાં જોડાય તેવા પ્રયાસ કરાશે તેમ સુત્રોનું કહેવું છે. કેન્દ્ર સરકારે ત્રિરંગાના ફ્લેગ કોડમાં પણ ફેરફાર કર્યો હોવાનું છે. સૂત્રોએ કહ્યું કે,અગાઉ માત્ર ખાદીના કાપડનો ત્રિરંગો હોય તેવો નિયમ હતો, તેમાં ફેરફાર કરી ખાદી અથવા હાથથી કાતેલા કાપડનો, મશીનથી બનેલા કપડાનો,પોલિસ્ટર, ઊન, સિલ્ક જેવા કાપડનો પણ માન્ય રહેશે.

# નંદાસણ પોલીસ સ્ટેશનમાંથી 'નંદા' પોતાના 'નંદલાલ'ને ભગાડી ગઈ

■ **પ્રેમની શક્તિ આગળ પોલીસ શક્તિ નબળી પડી**

ગુજરાત | વંદન

મહેસાણાના નંદાસણથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક સગીય પ્રેમિકાએ પોતાના પ્રેમીને જેલના સળીયા પાછળથી ભગાડી દીધો છે. નંદાસણ પોલીસ સ્ટેશનમાં સ્ટાફ આરામ ફરમાવી રહ્યો હતો ત્યારે પ્રેમિકાએ જેલમાં બંધ પ્રેમીને છોડાવી આઝાદ કરી દીધો છે.

સગીરા પોતાના પ્રેમી સાથે ભાગી ગઈ હતી. ત્યારબાદ પરિવારજનોએ પ્રેમી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ વકીલ મારફતે આ પ્રેમી યુગલ પોલીસ સ્ટેશનમાં હાજર થયું હતું. મહેસાણાના કડીમાં રહેતા એક યુવકને પોતાની પાડોશી સગીરા સાથે પ્રેમ થઈ ગયો હતો. ત્યારબાદ બંને ભાગી ગયા હતા. આ મામલે યુવતીના પરિવારજનોએ યુવક સામે ફરિયાદ નોંધાવી હતી. ફરાર થયેલ પ્રેમી યુગલ નંદાસણ પોલીસ સ્ટેશનમાં હાજર થયું હતું.

નંદાસણ પોલીસે પ્રેમીની અટકાયત કરી જેલમાં પુરી દીધો હતો. જ્યારે મહિલાને લોકઅપની બહાર રાખવામાં આવી હતી. આ દરમિયાન મધ રાત્રે મહિલા જીઆરડી અને પોલીસના કર્મચારીઓને નીંદર આવી જતા સુઈ ગયા હતા. પ્રેમીના કહેવા પ્રમાણે પ્રેમિકાએ ચાવી કાઢી લોકઅપ ખોલી દાધુ હતું. પ્રેમિકાએ તાળુ ખોલતા પ્રેમી આઝાદ થઈ ગયો હતો. લોકભરમાંથી પ્રેમીને બહાર કાઢી બંને ભાગી ગયા હતા. ત્યારબાદ પોલીસ સ્ટેશનનો સ્ટાફ જાગી જતા પ્રેમી દોડીને ભાગી જવામાં સફળ રહ્યો હતો. જ્યારે પ્રેમિકાને પોલીસે ઝડપી લીધી હતી.

# એરપોર્ટ પર CISFની સાથે હવે ખાનગી સિક્યુરિટી પણ તૈનાત

## ડોમેસ્ટિક ટર્મિનલના મહત્વના પોઈન્ટમાં ખાનગી સિક્યુરિટી તૈનાતી સામે પ્રશ્નાર્થ

ગુજરાત | વંદન



અમદાવાદ એરપોર્ટ પર મુસાફરોની સુરક્ષા-સલામતીને વધુ મજબુત કરવા માટે હવે ડોમેસ્ટિક ટમનલમાં કેટલીક જગ્યાઓ પર પ્રથમ વખત સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી ફોર્સ (સીઆઈએસએફ)ની સાથે હવે ખાનગી સિક્યુરીટી સિક્યુરીટી તૈનાત કરવામાં આવી છે. મહત્વનું એ છે એ અત્યાર સુધી અમદાવાદ એરપોર્ટની સંપૂર્ણરીતે સુરક્ષાની જવાબદારી સીઆઈએસએફ હસ્તક હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદ એરપોર્ટ પર સેક્યુરિટીનો કોન્ટ્રાક્ટ એમએસએફ નામની કંપનીને આપવામાં આવ્યો જેઓ ટમનલમાં બહારની બાજુના પરિસરમાં ફરજ બજાવતા હતા. હવે ડોમેસ્ટિક ટમનલની અંદર ખાનગી સિક્યુરીટી તૈનાત કરવા લગભગ ત્રણ શિફ્ટમાં મોટી સંખ્યામાં સ્ટાફની ભરતી કરાઈ છે. જેમાં ટ્રેનિંગ પણ શરૃ કરી દેવાઈ છે. હાલમાં ડોમેસ્ટિકમાં ટ્રાન્ઝિટ ગેટ જ્યાં એરલાઈનના કર્મચારીઓ પાસ ચેક કરીને આવનજાવન કરે છે. એરપોર્ટ પર હાલમાં આ પોઈન્ટ પર સીઆઈએસએફની સાથે ખાનગી સિક્યુરીટી ચેક કરે છે. ઉપરાંત સિક્યુરીટી હોલ્ટ એરિયામાં પણ ખાનગી સેક્યુરિટી ગોઠવી દેવામાં આવી છે. ખાનગી સેક્યુરિટી ગોઠવવાનું કારણ સૂત્રો જણાવે છે કે એક સીઆઈએસએફ જવાનનો પગાર સહિતના વિવિધ ભથ્થા ઉંચા ચુકવવા પડે છે તેની સામે એક ખાનગી સેક્યુરિટીનો ખર્ચ એકદમ ઓછો આવે છે. એટલુંજ નહી એરપોર્ટ ના મુખ્ય પોઈન્ટને બાદ કરતાં વિવિધ જગ્યાઓ પર ખાનગી સિક્યુરિટી મૂકી દેવામાં આવશે. જો આ સેક્યુરિટીમાં રિટાયર્ડ આર્મીની ભરતી કરવામાં આવે તો યોગ્ય છે કેમ કે તેમનામાં દેશની સુરક્ષાની ભાવના હોય છે પણ ખાનગી સિક્યુરીટીને ટમલનમાં ફરજ પર મુકવાથી એરપોર્ટ અને આવનજાવન કરતા હજારો મુસાફરોની સુરક્ષા-સલામતી જોખમમાં મુકાય તો નવાઈ નહીં.

### કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યની હત્યાના કેસમાં થઈ હતી સજા

# લતીફ ગેંગના સભ્ય 'ફાઈટર'ને ફરી જેલમાં ધકેલવા તેમના જ પુત્રની હાઈકોર્ટને વિનંતી

ગુજરાત | વંદન

મોહમ્મદ ફાઈટરના નામથી ઓળખાતા મોહમ્મદ ઉમર જે એક સમયે અબ્દુલ લતીફની ગેંગના સભ્ય હતા, તેમના વિરુદ્ધ તેમના પોતાના દીકરાએ ગુજરાત હાઈકોર્ટમાં એક અપીલ કરી છે. ઉમરના દીકરાએ કોર્ટને વિનંતી કરી છે કે, પિતાના પેરોલને કેન્સલ કરવામાં આવે જેથી તે પરિવાર પર અત્યાચાર ગુજારવાનું બંધ કરે અને ફરીથી જેલમાં જાય.

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસ પાર્ટીના પૂર્વ ધારાસભ્ય રઉફ વલીઉલ્લાહની હત્યાના કેસમાં ઉમરને આજીવન કારાવાસની સજા સંભળાવવામાં આવી હતી. ઉમરના દીકરાએ કોર્ટને જણાવ્યું કે તેમના પિતા સ્વાસ્થ્યના બહાને જેલમાંથી બહાર નીકળવા માટે કોર્ટને છેતરી રહ્યા છે. નોંધનીય છે કે, 19 વર્ષ જેલમાં પસાર કર્યા હોવા છતાં રાજ્ય સરકારે ઉમરની સજા સમાપ્ત ના કરવાનો નિર્ણય લીધો હતો. ઉમરે રાજ્ય સરકારના આ નિર્ણયને કોર્ટમાં પડકાર્યો હતો અને મંગળવારના રોજ તે અરજી પર ગંભીર સુનાવણી ચાલી રહી હતી. ઉમરના દીકરા ઝુબૈર અહમદ દ્વારા આ સુનાવણી દરમિયાન દખલગીરી કરવામાં આવી અને તેમણે કોર્ટ સમક્ષ ચોંકાવનારી અપીલ કરી હતી.

ઝુબૈર અહમદે જસ્ટિસ નિરલ મહેતાને વિનંતી કરી કે તેમના પિતાના પેરોલને કેન્સલ કરવામાં આવે. કથળતા સ્વાસ્થ્યના આધારે બે મહિના પહેલા તેમને પેરોલ પર બહાર નીકાળવામાં આવ્યા હતા. દીકરાએ કહ્યું કે, મારા પિતા સંપૂર્ણપણે સ્વસ્થ છે પરંતુ કોર્ટને છેતરીને પેરોલ પર બહાર નીકળી જાય છે. જેલમાંથી બહાર નીકળીને તે મને મારા પરિવારને ટોર્ચર કરે છે.

મારા પિતાનું બહાર આવવું માત્ર અમારા પરિવાર માટે નહીં અન્ય લોકો માટે પણ સમસ્યાનું કારણ બને છે. ઝુહૈર અહમદે કોર્ટને વિનંતી કરી હતી કે તેમના પિતાને ફરીથી જેલમાં મોકલવામાં આવે.

ઝુબૈર અહમદે કોર્ટને જણાવ્યું કે તેમના પિતા પાછલા ઘણાં વર્ષોથી અસત્યનો સહારો લઈને પેરોલ મેળવી રહ્યા છે. આ સાંભળીને જસ્ટિસ મહેતાએ પૂછ્યું કે શું તેમણે આ બાબતે કોઈ પોલીસ ફરિયાદ કરી છે કે કેમ. આના જવાબમાં ઝુબૈર અહમદે જણાવ્યું કે, તેના પિતાને સામાન્ય પીનલ એક્શન લાગુ કરીને એક દિવસમાં છોડી દેવામાં આવ્યા હતા. અહીં રસપ્રદ



બાબત એ છે કે ઉમરના એક દીકરા જ્યારે કોર્ટને વિનંતી કરી રહ્યા હતા કે પિતાને જેલમાં પાછા મોકલવામાં આવે ત્યારે બીજા દીકરા તારિક અહમદે જજને જણાવ્યું કે તેમનો ભાઈ ખોટું નિવેદન આપી રહ્યો છે.

અહમદે કોર્ટમાં એક વ્યક્તિને હાજર કર્યો જેણે જણાવ્યું કે તે ઉમરના કઝિન ભાઈ છે અને ઉમર તેમને દુકાનનું પઝેશન આપવાનું દબાણ કરે છે. જજ અને વકીલો કંઈ સમજી શકે તે પહેલા અન્ય એક વ્યક્તિ કોર્ટમાં હાજર થયો અને તેણે દાવો કર્યો કે દુકાનનો માલિક તે પોતે છે. કોર્ટરુમમાં હાસ્યાસ્પદ સ્થિતિ સર્જાઈ ગઈ હતી. તમામ લોકો આ ગૂંચવણ જોઈને હસવા લાગ્યા હતા. જજે ઓર્ડર આપ્યો કે સોલા સિવિલ હોસ્પિટલમાં ઉમરની તપાસ કરવામાં આવે.

### જુનાવાડજ વિસ્તારમાં ગુટખા ખાવાની બાબતે

# યુવાનની હત્યાના મામલે ચારને આજીવન કેદની સજા

ગુજરાત | વંદન

શહેરના જુના વાડજ વિસ્તારમ વિમલ ગુટખા ખાવાની નજીવી તકરારમાં યુવાનની હત્યા કરવાના કેસમાં સેસન્સ કોર્ટના જજ એચ.એચ.ઠક્કરએ સાક્ષીઓની જુબાની અને તબીબી પુરાવાના કારણે ચાર શખ્સોને આજીવન કેદની સજા ફટકારી છે.

**સાક્ષીઓની જુબાની અને તબીબી પુરાવાના કારણે કોર્ટે ફટકારી સજા**

સજા પામેલમાં પૂનમ ઉર્ફે ગગો મનુભાઈ મકવાણા,રવિ મનુ મકવાણા,વિશાલ પરસોતમ ચૌહાણ અનેબાબુ હીરાભાઈ ચૌહાનનો સમાવેશ થાય છે.

બનાવની વિગત એવી છે કે,ગઈ તા 15મી જુલાઈ 2019ના રોજ જુના વાડજ પરિક્ષિતનગરના જાહેર રસ્તામાં વિજય સાથે વિમલ ગુટખા ખાવા મામલે બબાલ થઈ હતી.આરોપીએ વિજયને ઉપરા છાપરી ચપ્પાના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો.આ કેસ ચાલી જતા સરકારી વકીલ રમેશભાઈ પટની એ 22 સાક્ષીઓ તપાસ્યા હતા અને 32 જેટલા દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા.

# ઉદયપુર હત્યા કેસનું ગુજરાત કનેક્શન ખૂલ્યું, આરોપીના મોબાઈલમાંથી મળ્યા અમદાવાદના નંબર

ગુજરાત | વંદન

ઉદયપુર કન્હૈયાલાલ હત્યા કેસ મામલે કનેક્શનના તાર અમદાવાદ સુધી લંબાયા છે. આરોપીઓના પાકિસ્તાન સાથેનુ કનેક્શન ખૂલ્યા બાદ હવે અમદાવાદ સાથે કનેક્શન ખૂલ્યુ છે. કન્હૈયાલાલના હત્યારાઓના મોબાઈલ ફોનમાથી અમદાવાદના સરખેજના યુવકોના નંબર મળી આવ્યા છે. સરખેજના યુવકોના નંબર મળી આવતા સ્થાનિક એજન્સીઓ સક્રિય થઈ ગઈ છે. સરખેજના યુવકોના ઉદયપુર હત્યા કેસ સંડોવણી છે કે નહિ તેની તપાસ શરૂ કરાઈ છે. આ યુવકો કેવી માનસિકતા ધરાવે છે તેની લઈને પણ તપાસ શરૂ કરાઈ છે. નજીકના સમયમા ગુજરાત પોલીસ આ મામલે ખુલાસા કરી શકે છે.

પાકિસ્તાન કનેક્શન જાણવા



આરોપીઓના મોબાઈલ ચેક કરાયા

NIA સહિત અનેક સુરક્ષા એજન્સીઓ ઉદયપુર મર્ડર કેસમાં તપાસ કરી રહી છે. આ મામલામાં અત્યાર સુધી ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમના ફોન તથા ઈન્ટરનેટ પ્રોટોકોલ ડિટેઈલ રેકોર્ડ ચેક કરવામા આવી રહ્યાં છે. જેથી એ માલૂમ પડશે કે શુ કરાંચી સ્થિત દાવત-એ-ઈસ્લામી ધાર્મિક ગ્રૂપ દ્વારા કટ્ટરપંથનો કાર્યક્રમ ચાલી રહ્યો છે, તેમાં તેમનુ શુ કનેક્શન છે. એજન્સીઓના જણાવ્યા અનુસાર, ચાર આરીપઓમાંથી એક જેઈઆઈ સાથે જોડાયેલો હતો.

રાજસ્થાન પોલીસે કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓની મદદથી કન્હૈયાલ લાલની 28 જૂનના રોજ તેમની દુકાનમાં કરાયેલા હત્યાના મામલામાં અત્યાર સુધી ચાર લોકોની ધરપકડ કરી છે.

ઉદયપુરના બે મૌલવી રિયાસત હુસૈન અને અબ્દુલ રઝાકે હત્યાના આરોપી મોહમ્મદ ગૌસને દાવત-એ-ઈસ્લામીની તાલીમ માટે પાકિસ્તાન મોકલ્યો હતો. ગૌસની સાથે વસીમ અત્તારી અને અખ્તર રઝા પાકિસ્તાન ગયા હતા. હાલ ત્રણેયને NIA દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બે મૌલાના અને બે વકીલ પણ આ કાવતરામાં સામેલ છે, તેમને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે આરોપીઓની એક મીટિંગ થઈ હતી જેમાં રિયાઝ અત્તારીએ ટેલર કન્હૈયાલાલની હત્યાની જવાબદારી લીધી હતી.


# બાર કાઉન્સીલની કડક ચેતવણી : અન્ય નોકરી કે વ્યવસાયમાં જોડાયેલા લોકો સનદ જમા કરાવે

### કડક પગલા બાદ લગભગ સાડા ત્રણ હજાર જેટલી સનદ જમા થઈ

ગુજરાત | વંદન

વકીલાતની સનદ મેળવ્યા બાદ પણ અન્ય નોકરી, ધંધા કે વ્યવસાયમાં જોડાયેલ વ્યકિતઓ દ્વારા બાર કાઉન્સીલમાં સનદ પરત જમા નથી કરાવાઇ તેવા તમામ લોકોને ગુજરાત બાર કાઉન્સીલને કડક ચેતવણી આપી છે કે, વકીલાતના વ્યવસાય સિવાય અન્ય વ્યવસાય કે નોકરી-ધંધા, રોજગાર સાથે સંકળાયેલા લોકોએ પોતાની સનદ બાર કાઉન્સીલમાં તાત્કાલિક જમા કરાવી દેવી, અન્યથા તેઓની વિરુધ્ધ ગુજરાત બાર કાઉન્સીલ દ્વારા કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

વકીલ બન્યા બાદ અન્ય નોકરી, વેપાર-ધંધા ક વ્યવસાય સાથે જોડાયેલા આવા ૧૪૦ લોકોએ બાર કાઉન્સીલમાં પોતાની સનદ જમા કરાવી દીધી છે. ગુજરાત બાર કાઉન્સીલની એનરોલમેન્ટ કમીટીની મળેલી બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે એનરોલમેન્ટ કમીટીના ચેરમેન અનિલ .સી.કેલ્લાએ જણાવ્યું હતું કે, એડવોકેટ એક્ટ-૧૯૬૧ની જોગવાઇ મુજબ, જો કોઇ વ્યકિત નોકરી, ધંધો કે વ્યવસાયમાં જોડાયેલ હોય તો તે ગુજરાત બાર કાઉન્સીલમાંથી વકીલાતની સનદ મેળવી શકે નહી. સનદ મેળવ્યા બાદ પણ ગુજરાતમાં હજુ ઘણા લોકો વેપાર, ધંધા,



નોકરી કે અન્ય વ્યવસાયમાં જોડાયેલા હોવાથી બાર કાઉન્સીલ દ્વારા આવા તમામ લોકોને તાકીદ કરવામાં આવે છે કે, તેઓ સત્વરે તેમની સનદ બાર કાઉન્સીલમાં જમા કરાવી દે, અન્યથા તેઓની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. બાર કાઉન્સીલની કડક તાકીદને પગલે અત્યારસુધીમાં લગભગ સાડા ત્રણ હજાર જેટલી સનદ જમા કરાવવામાં આવી છે. હજુ આગામી દિવસોમાં બાર કાઉન્સીલ દ્વારા આ ઝુંબેશ જારી રાખવામાં આવશે.

# સાયન્સ સિટી ખાતે 'ડિજિટલ ઈન્ડિયા વીક'ની ઉજવણી : વિવિધ ડેલિગેટ્સે લીધી મુલાકાત

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી 'ડિજિટલ ઈન્ડિયા વીક' નો શુભારંભ કરાવાયો હતો. આ



પ્રોગ્રામ અંતર્ગત દેશભરમાંથી આવેલા વિવિધ રાજ્યોના ડેલિગેટ્સે અમદાવાદના સાયન્સ સિટીની મુલાકાત લીધી હતી. આ અંગે વાત કરતા સાયન્સ સિટીના ડિરેક્ટર નરોત્તમ સાહૂએ જણાવ્યું હતું કે, આજનો દિવસ સાયન્સ સિટી માટે એક મહત્ત્વપૂર્ણ દિવસ છે. અમદાવાદની સાયન્સ સિટી ખાતે 'ડિજિટલ ઈન્ડિયા વીક - 2022' અંતર્ગત અલગ અલગ રાજ્યોથી આવેલા ડેલિગેટ્સની વિઝિટ રાખવામાં આવી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામની પહેલ અંતર્ગત છેલ્લા એક વર્ષમાં ૧૦ લાખથી વધુ પ્રવાસીઓએ ઓનલાઈન બુકિંગ કરાવ્યું છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'ડિજિટલ ઈન્ડિયા વીક -૨૦૨૨' અંતર્ગત કેન્દ્ર તથા રાજ્યના વિવિધ ડિપાર્ટમેન્ટમાંથી આવેલા અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ કર્મચારીઓએ સાયન્સ સિટીની મુલાકાત લીધી હતી.

### જમાલપુર, કારંજ અને કાલુપુર જેવા વિસ્તારો બન્યા નશાના હબ!

# શહેરમાં યુવાધન કફ સીરપના રવાડે! 28 હજારની કિંમતની બોટલો ઝડપાઈ

ગુજરાત | વંદન



અમદાવાદમાં હવે કફ સીરપના નશાના ધંધામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે ગાયકવાડ હવેલી પોલીસે જમાલપુર વિસ્તારમાંથી 28 હજારની કિંમતની કફ સીરપની બોટલો સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે હાલ આરોપીઓ સામે ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, શહેરના જમાલપુર, કારંજ અને કાલુપુર જેવા વિસ્તારમાં નશાના ધંધામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. આ વિસ્તારમાં સમાજના આગેવાનો દ્વારા આ બધી હટાડવા માટેના પ્રયાસો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે આજે ગાયકવાડ હવેલી પોલીસને મળેલ બાતમીના આધારે જમાલપુરમાં આવેલ સોદાગરની પોળમાં રેડ કરવામાં આવી હતી. આ રેડમાં 28 હજારની કિંમતની કફ સીરપની બોટલો ઝડપી પાડવામાં આવી હતી. આ બોટલો સાથે આરોપી ફૈઝાન ઉર્ફે બાબુ કાળીયાની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ એ હાલ તેની સામે કાર્યવાહી કરી છે.

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી કફ સિરપના વેચાણ પર અલગ અલગ એજન્સીઓ દ્વારા રેડ કરવામાં આવે છે. તેમ છતાં અમુક વિસ્તારમાં આ દૂષણ કાર્યરત જ છે. જેમાં ખાસ કરીને શહેરના કારણ જ વિસ્તારમાં નાના બાળકો સોલ્યુશનની ટ્યૂબ સુંઘવાનો નશો કરે છે તેમજ આ વિસ્તારમાં એમ ડી ડ્રગ્સ પણ મળતું આવવાની વાતો અને એક વખત ચર્ચા છે.

સ્થાનિકોનું કહેવું છે કે, અમે લોકો આ નશાના વેપારને લઈ કંટાળી ગયા છે અને અમારા ઘરની મહિલાઓ પણ હવે બહાર નીકળતા ડરે છે જેથી આ અંગે અમે લોકો જ્યારે પણ સ્થાનિક ધારાસભ્ય અથવા પોલીસને રજૂઆત કરવા માટે જાય છે તે પહેલા ત્યાના બુટલેગરો દ્વારા ધાકધમકીઓ આપવામાં આવતી હોય છે. કોટ વિસ્તારમાં છુટાછવાયા પેડલરો દ્વારા એમડી ડ્રગ્સ, ગાજા અને કફ સિરપનો ધંધો બિન્ધાસ્ત કરવામાં આવી રહ્યો છે. હવે પેડલરો જ ડિલવરી કરવા માટે જતા હોવાની માહિતી સામે આવી છે.

**ફોન પર કોડવર્ડથી ધંધો કરવાની નવી ટેકનિક**

જમાલપુર, શાહેઆલમ, રાયખડ સહિતના વિસ્તારોમાં છુટાછવાયા પેડલરો દ્વારા મોટા પ્રમાણમાં નશાનો કારોબાર કરવામાં આવી રહ્યો છે. આ લોકો ગ્રાહકો આવે તે સમયે કોડવર્ડ બદલીને વાત કરતા હોય છે અને તે પોતાના રેગ્યુલર ગ્રાહકોને જ માલ આપતા હોય છે. આ સાથે જાણવા મળેલી માહિતી પ્રમાણે ઘણા ડિલરો હાલ ફોન પર ધંધો કરી રહ્યા છે. પોલીસના સંકજાથી બચવા માટે તેઓ જાતે જ ડિલિવરી કરવા માટે જતા હોવાની માહિતી સામે આવી રહી છે.

### AACA દ્વારા કલા સંગમ- લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ એનાયત

ગુજરાત | વંદન

તાજેતરમાં સતત ૩૧મા વર્ષે અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસીએશન દ્વારા કલા સંગમ -૨૦૨૨ , આયોજીત થયો હતો. કલા સંગમ અંતગર્ત સંસ્થાના ૩૦ વિદ્યાર્થીઓ દ્વારા સીંગીંગ, ડાન્સીંગ, નૃત્ય, પેઈન્ટીંગ, સ્પોર્ટસ્, ગેમીંગ, પઝલ સોલ્વીંગ, ફોટોગ્રાફી જેવી વિવિધ કલાનું અદ્ભૂત પ્રેઝન્ટેશન કરવામાં આવ્યુ હતું. સૌ બાળકોને પ્રોત્સાહિત કરવા સુંદર ગીફટ હેમ્પરનું વિતરણ કરવામાં આવેલ. સંસ્થાના મંત્રી પ્રદિપભાઈ મહેતાએ જણાવેલ કે ૨૦૨૨ના વર્ષનો લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ સીનીયર મેમ્બર રાજેશભાઈ શાહને એનાયત કરવામાં આવ્યો હતો.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



**ચાતુર્માસ :** અમદાવાદમાં તેરાપંથ જૈનસમાજના મહારાજસાહેબનો ચાતુર્માસનો પ્રારંભ થવાની સાથે જ શાહીબાગ ઘોડાકેમ્પથી જૈન સાધુ સંતો, સમાજના લોકો દ્વારા આવકાર રેલીનું આયોજન કરાયું હતું.



**વંદે ગુજરાત :** અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ પર ગુજરાત સરકાર દ્વારા આયોજિત વંદે ગુજરાત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, મંત્રીઓ અને અન્ય ઉચ્ચ અધિકારીઓ, નેતાગણ હાજર રહ્યાં હતા.



**સાંકડી ગલી અને તેમાં ખુલ્લી ગટર:** બહેરામપુરાની કેટલીક ચાલીઓમાં પાણીની અને ગટરની ખૂબ મોટી સમસ્યા હોવાથી આવી રીતે મ્યુનિ. કોર્પો. દ્વારા રીપેરીંગ કરવા માટે ખાડાઓ ખોદી ઘણા સમય સુધી રીપેરીંગ ન કરતા આવી રીતે લોકોને હાલાકી પડી રહી છે.



**ચોમાસામાં પણ ગટરકામ :** અમદાવાદના જમાલપુર વિસ્તારમાં આવેલ રોડ ઉપર પાણીની નવી લાઈનનું કામ ચાલી રહ્યું છે. નોંધનીય છે કે, ચોમાસુ શરૂ થયા બાદ રોડ, રસ્તા, ગટરના કામો હાથ ધરાતા નથી. તેમ છતાં આ કામ હાથ ધરાયું છે.

# મહિલા સશક્તિકરણના ઉદ્દેશ્યથી મેક ઈન ઈન્ડિયા ઝુંબેશ હેઠળ અનુરિકા એમ્પાવરમેન્ટ ફાઉન્ડેશનની સ્થાપના

ગુજરાત | વંદન

અનુરિકા એમ્પાવરમેન્ટ ફાઉન્ડેશન તાજેતરમાં અમદાવાદ ખાતે શરૂ કરવામાં આવી હતી. કંપની મેનેજમેન્ટ, હેલ્થકેર, બોડી અને હેર કેર અને લાઈફ સ્ટાઈલ ક્ષેત્રોમાંથી વ્યક્તિત્વના વિવિધ મિશ્રણ દ્વારા નેતૃત્વ કરે છે. અનુરીકા શબ્દનો અર્થ સુખ અને આનંદ થાય છે, અને અનુરિકાનું વિઝન બધા અને ખાસ કરીને મહિલાઓના જીવનમાં સુખી પરિવર્તન લાવવાનું છે. તેમના હેલ્થકેર સેગમેન્ટ હેઠળ, કુ. રુચિ કંવરની આગેવાની હેઠળ, તેઓએ ચારેબાજુ બહેતર સ્વાસ્થ્ય અને સ્વચ્છતા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે કાર્બનિક અને હાથથી બનાવેલ બોડી કેર પ્રોડક્ટ્સ બનાવી છે. આ ટીમ માત્ર આ ઉત્પાદનોનું ઉત્પાદન કરવા માટે જ નહીં, પરંતુ સપ્લાય ચેઈનને સ્ત્રોત, પ્રક્રિયા, પેકેજ અને હેન્ડલ કરવા માટે પણ



કામ કરશે.

આમ સંસ્થાના કર્મચારીઓ માટે માત્ર આર્થિક વિકાસની તકો જ નહીં, પરંતુ આ મહિલાઓમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહિત પણ કરી રહી છે. ટીમ વાર્ષિક ધોરણે આવી 100 જેટલી આંત્રપ્રિન્યોર મહિલાઓને સશક્ત બનાવવાનું લક્ષ્ય ધરાવે છે. સુશ્રી દિપ્તી પટેલના અસરકારક નેતૃત્વ હેઠળ, કંપની હાથથી રંગેલી શાલ, સ્ટોલ્સ, સ્કાર્ફ, ટ્રે અને બોક્સ અને વધુને બજારમાં લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.. સુંદર પહેરવાલાયક એસેસરીઝ બનાવવા માટે કાપડ પર પેઈન્ટનો ઉપયોગ એ એક કળા છે જે હવે તેઓ એક કલાકાર માનસિકતા ધરાવતી મહિલાઓને તાલીમ આપી રહ્યા છે, જેથી તેઓ આવા ઉત્પાદનો પોતાના ઘરેથી બનાવી શકે અને સમયસર તેમને ઉપલબ્ધ થાય અને ટીમ અનુરિકાએ તેમને તેમના દ્વારા તેનું માર્કેટિંગ કરવાની ખાતરી આપી છે.

પોર્ટલહેલ્થકેર સેગમેન્ટમાં, જેનું નેતૃત્વ ડો. અંજના ચૌહાણ (ગાયનેક ઓન્કોલોજિસ્ટ) કરી રહ્યા છે, ટીમ (એ) HPV (હ્યુમન પેપિલોમા વાયરસ) પર જાગૃતિ ફેલાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે સર્વિક્સ, અંડાશય, ગર્ભાશયના કેન્સર જેવા કેન્સરનું મૂળ કારણ છે.

આ ઉપરાંત, ટીમ પ્રથમ વખત ગુજરાતમાં HPV માટે સ્વ-પરીક્ષણ કિટ્સ લાવી છે, જે સેમ્પલિંગ અને પરીક્ષણની પ્રક્રિયાને હવે મહિલાઓ માટે કોવિડ માટે RAT જેટલી સરળ બનાવે છે. તે ખર્ચ અસરકારક અને સમયસર તપાસ પૂરી પાડે છે અને આ ટેસ્ટ લેનાર મહિલાને સંપૂર્ણ ગોપનીયતાની ખાતરી આપે છે.

ટીમનું નેતૃત્વ શ્રી વિજય કુમાર સેદાની કરી રહ્યા છે જેઓ તેમના ઉદ્યોગસાહસિક અને આયોજન અને અમલીકરણ કૌશલ્યને ટીમમાં લાવે છે.

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# બે ધારી તલવાર સમાન સોશ્યલ મિડિયાને અંકૂશમાં રાખવાનો સમય પાકી ગયો, થેંકસ જસ્ટીસ પારડીવાલાજી..!

**સામાન્ય** રીતે ન્યાયતંત્ર સાથે જોડાયેલા મહાનુભાવો મિડિયામાં અને જાહેરમાં ખૂબ ઓછુ બોલે છે. પણ તાજેતરમાં સુપ્રિમ કોર્ટના બે મહાનુભાવોએ પોતાના વિચારો જાહેરમાં વ્યકત કર્યા. ચીફ જસ્ટીસ એનવી રામનાએ વિદેશની મુલાકાતમાં રાજકિય પક્ષોને ઉદ્દેશીને કહ્યું કે રાજકીય પક્ષો પોતાની મરજી પ્રમાણે ન્યાતંત્ર ચલાવવા માંગે છે. નુપૂર શર્મા અંગે ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલાએ કરેલી તીખી અને કડવી ટીપ્પણી કે નુપૂર, તારા કારણે દેશ આખો સળગ્યો, ઉદેપુરમાં એક વ્યક્તિની થયેલી હત્યા માટે તું જ જવાબદાર છે અને જાહેરમાં બિનશરતી માફી માંગો. પારડીવાલાના આ કડક અવલોકનના બીજા દિવસે ચીફ જસ્ટીસે રાજકિય પક્ષોને અરીસો બતાવ્યો કે ન્યાયતંત્ર રાજકીય પક્ષોના કહેવા પ્રમાણે નહીં પણ બંધારણને વફાદાર રહીને ચાલે છે., આ બે મહાનુભાવોના અવલોકના પગલે સોશ્યલ મિડિયામાં તેમને ઉતારી પાડતી ટીપ્પણીઓ થઇ અને તેનાથી નારાજ થયેલા જસ્ટીસ પારડીવાલાએ સોશ્યલ મિડિયાને અંકૂશમાં લેવાની હિમાયત કરી છે.



માન. જસ્ટીસ પારડીવાલાની વાત સાચી છે. પણ તેમણે આ બાબતને અંકૂશમાં લેવાનું વલણ ત્યારે અપનાવ્યુ કે જ્યારે સોશ્યલ મિડિયામાં ન્યાયતંત્રને લઈને ખૂબ નિમ્ન પ્રકારની ટીપ્પણી કરીને સુપ્રિમ કોર્ટના સ્થાને સુપ્રિમકોઠા એવુ હેશટેગ ચલાવવામાં આવ્યું. વાસ્તવમાં છેલ્લાં ઘણાં સમયથી સોશ્યલ મિડિયા સ્વછંદી અને નિરંકૂશ બની ગયું છે. મન ફાવે તેમ કોઇ પણ બાબતને લઈને ટીવી ડિબેટની જેમ સોશ્યલ મિડિયામાં ટ્રાયલ ચાલે છે કે ચલાવવામાં આવે છે. તેને ધ્યાનમાં લઈને ખૂબ પહેલાથી કહ્યું હોત તો સોનામાં સુંગંધ ભળી હોત. અલબત હજુ પણ કાંઇ મોડુ થયું નથી. જાગ્યા ત્યારથી સવાર સમજીને સ્વછંદી અને નિરંકૂશ સોશ્યલ મિડિયા પર ગાળિયો નાંખીને નિયંત્રણમાં લેવુ જ જોઇએ. આ અંગે કોઇ કાયદામાં સુધારો કરવો પડે તો પણ કરવુ જોઇએ.

સોશ્યલ મિડિયા બે ધારી તલવાર સમાન છે. તેને પોતાના રાજકિય સ્વાર્થ ખાતર હવા આપવાની પ્રવૃતિથી રાજકિય પક્ષોએ દૂર રહેવુ જોઇએ. સોશ્યલ મિડિયાના બોગસ એકાઉન્ટ્સની તપાસ થવી જોઇએ અને તે માટે જો સોશ્યલ મિડિયા કંપનીઓ જવાબદાર હોય તો તેમને પણ લપેટામાં લઈને ગાળિયો કસવો જોઇએ. માન. જસ્ટીસ પારડીવાલાજી, ખૂબ જ ઉપયોગી સુચન કરવા બદલ દેશ આપનો ખૂબ ખૂબ આભાર માને છે. સન્માનનીય ચીફ જસ્ટીસજીએ પણ યોગ્ય જ કહ્યું કે ન્યાયતંત્ર રાજકિય પક્ષોની મરજી પ્રમાણે નહીં ચાલે.વી ધ પીપલ ઓફ ઈઅન્ડિયાના આમુખવાળા બંધારણ પ્રમાણે ચાલશે.

સોશ્યલ મિડિયાની જેમ કેટલાક ટીવી મિડિયામાં કોઇ બાબતને લઈને અને જે બાબત ન્યાયતંત્રના આધિન વિચારણા હેઠળ હોય, જેને ન્યાયતંત્રની પરિભાષામાં સબજ્યુડીસ કહેવાય, તેના પર મિડિયા ટ્રાયલ થાય તે યોગ્ય નથી. આવા જ એક ટીવી મિડિયા(ઝી ટીવી)એ એક રાજકીય પક્ષના નેતાના નિવેદનને તોડી મરોડી એક ગંભીર ઘટનાની સાથે સંકળીને દર્શાવતા છેવટે માફી માંગવી પડી છે. બીજા ટીવી મિડિયાએ તેમાંથી બોધપાઠ લેવાની જરૂર છે અને ન્યાયતંત્રએ સલાહસુચન કર્યું છે ત્યારે સોશ્યલ મિડિયાને અંકૂશમાં રાખો. થેંકસ માન. જસ્ટીસ પારડીવાલાજી..!

**ધર્મ**

## દેવશયની એકાદશી - આ ઉપાયો કરવાથી દરેક મનોકામના થશે પૂરી અને લક્ષ્મી થશે પસન્ન



દેવશયની અગિયારસના દિવસથી બધા શુભ કાર્યો પર વિરામ લાગી જાય છે. હિન્દુ માન્યતા મુજબ આ દિવસે ભગવાન વિષ્ણુ ચાર મહિના માટે પાતાળ લોક નિવાસ કરવા જતા રહે છે. આ દિવસે ભક્તો કેટલાક ઉપાય કરી લે તો તેમની દરેક મનોકામના પૂરી થઈ જાય છે. આવો જાણીએ આ ઉપાય

અષાઢ મહિનાની શુક્લ પક્ષની અગિયારસને દેવશયની એકાદશી કહેવામાં આવે છે. આ મહિને 10 જુલાઈના રોજ દેવશયની અગિયારસ છે. આ એકાદશીને મનોકમાના પૂર્તિના રૂપમાં ઉજવાય છે. દેવશયની એકાદશીમાં બધા શુભ કાર્યો પર વિરામ લાગી જાય છે. હિન્દુ માનયતા મુજબ આ દિવસથી ભગવાન વિષ્ણુ ચાર મહિના માટે પાતાળ લોક નિવાસ કરવા જતા રહે છે. એવુ કહેવાય છે કે ભક્તો દ્વારા આ દિવસે કેટલાક ઉપાય કરવાથી તેમની દરેક મનોકામના પૂરી થાય છે. આવો જાણીએ આ વિશેષ ઉપાય...

- દેવશયની એકાદશીના દિવસે નિર્જલા વ્રત રાખવુ જોઈએ. જો તમે આવુ ન કરી શકતા હોય તો એક સમયે ફળાહાર કરી આ વ્રતને કરો. - ધન ધાન્ય અને લક્ષ્મીની પ્રાપ્તિ માટે આ દિવસે ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીને કેસર મેળવેલ જળથી અભિષેક કરો. - દેવશયની અગિયારસની સાંજે તુલસી સામે ગાયના શુદ્ધ ઘી નો દીવો પ્રગટાવો અને તુલસીના છોડને પ્રણામ કરો. - ભગવાન વિષ્ણુને પીળો રંગ અત્યંત પ્રિય છે. તેથી આ દિવસે ભગવાન વિષ્ણુને ખીર પીળા ફળ કે પીલા રંગની મીઠાઈનો ભોગ લગાવો. - દેવશયની એકાદશીના દિવએ સવારે ઉઠીને ઘરની સાફ સફાઈ કરી ઘરના મુખ્ય દ્વાર પર ગંગાજળ કે પછી હળદરથી જળ છંડકાવ કરો.

- આ દિવસે ૐ નમો નારાયણાય કે ૐ નમો ભગવતે વાસુદેવાય નમઃ નો 108 વાર જાપ કરો.

28 જાન્યુઆરી, 1986ના રોજ નાસાનું ચેલેન્જર યાન ઉડ્યુ અને 73 સેકન્ડમાં તો ભંગારમાં ફેરવાઇ ગયું, દુર્ઘટનાનું કારણ..

**વિચિત્ર**

# એક નાની અમથી રબ્બરની રીંગને કારણે જ્યારે સાત અંતરિક્ષયાત્રીઓ માર્યા ગયા!

## અબજો ડોલરના ખર્ચે મસમોટો રોકેટ બનાવ્યો પણ રબ્બરની રિંગની મજબૂતાઈમાં ઘોર ઉપેક્ષા ભારે પડી

**ભારત**માં એક સમયે બજાજ સ્કૂટરની બોલબાલા હતી. બજાજના સ્કૂટરના બુકીંગ માટે લાંબી લાંબી લાઇનો લાગતી. અને જેને નંબર લાગે તે વધારે રૂપિયા લઈને બીજાને બુકીંગ નંબર આપી દેતા હોવાના અસંખ્ય કિસ્સા જોવા મળતા હતા.નફાકારક કંપનીના શેર ખરીદવા પડાપડી થાય તેમ બજાજના સ્કૂટર માટે પડાપડી થતી. તેના ઓન બોલાતા અને વેઈટીંગ પિરિયડ ચાલતો હતો. બજાજની મોનોપોલી હતી. પણ એ બજાજના સ્કૂટરને ચાલુ કરવા સહેજ આડુ કરવુ પડે તો જ ચાલુ થાય એવી એક પ્રથા પડી ગઇ હતી. બજાજનું સ્કૂટર ઘણાં કીક માર્યા બાદ જલ્દી ચાલુ ના થાય તો કોઇ સલાહ આપતાં-સહેજ આડુ કરીને ચાલુ કરો. સ્કૂટરચાલક તેને પોતાની તરફ સહેજ નમાવે અને પછી કીક મારે તો ઘરરરરરર કરીને ચાલુ થઇ જતું. આમ કેમ..? સ્કૂટરની બનાવટ કે ટેકનોલોજીમાં કોઇ ખામી રહી ગઇ હશે..?



તેને લઈને એક જોક પ્રચલિત હતો. અમેરિકાનું એક રોકેટ ઉડતું નહોતું. તે જોઈને ત્યાં હાજર કોઇ ભારતીયે કહ્યું- તેને સહેજ નમાવો...ચાલુ થઇ જશે...! અમેરિકાએ તે રોકેટ નમાવ્યો કે નહીં પણ અમેરિકા દ્વારા નિર્મિત ચેલેન્જર નામના રોક્ટમાં રહેલી એક નાની અમથી ટેકનિકલ ખામી કે ઉપેક્ષાને કારણે સાત અવકાશયાત્રીઓ માર્યા ગયાની ઘટના 28 જાન્યુ.1986ના રોજ ચેલેન્જર નામનું રોકેટ શટલયાન ઉડતાની સાથે જ 73 સેકન્ડમાં આગનો ગોળો બની ગયો અને ભંગાર થઈને દરિયામાં ખાબક્યો હતો...!

ઈતિહાસમાં એવા ઘણાં બનાવો બન્યા છે કે એક નાની ભૂલ કે ચાલી જશે... કે પછી દેખા જાયેંગાની માનસિકતાને કારમે કેટલાય લોકો ભોગ બન્યા છે. અમેરિકા જેવો દેશ અને અંતરિક્ષ વિજ્ઞાન ક્ષેત્રે વિશ્વની નંબર વન સંસ્થા નાસાની સાથે વિશ્વના સૌથી બુધ્ધિશાળી વિજ્ઞાનીઓની આખી ફોજ હોય, વર્ષો સુધી સંશોધનો ચાલતા હોય પણ રબ્બરની એક ઓ આકારની રીંગ ઠંડીમાં કે ઠંડા વાતાવરણમાં સંકોજાઇ જાય અને બે ભાગોને જોડવામાં સીલ તરીકે ઉપયોગમાં લેવાય તો બરાબર બંધ બેસે નહીં એવી જાણકારીના અભાવે કે પછી બધુ બરાબર છે, કાંઇ નહીં થાય એમ માનીને ચેલેન્જરને અંતરિક્ષમાં મોકલવાનો દિવસ આવ્યો તેના એક દિવસ પહેલા અંતરિક્ષ કેન્દ્રની આસપાસ અને શહેરમાં બરફ પડ્યો. રોકેટની ઉપર પણ બરફ પડ્યો અને સાવ સામાન્ય કહી શકાય એવી રબ્બરની પેલી ઓ આકારની રીંગ પર ઠંડા વાતાવરણની અસર થઇ અને બે ભાગને જોડતા સીલ તરીકે લગાવવામાં આવેલી ત્યાં સંકોજાઇ ગઇ અને રોકેટને ઉપર ધકેલવા એન્જિન ચાલુ કરતાં ગરમ ગેસને એ બે ભાગમાંથી નિકળવાની જગ્યા મળી અને....

નાસાના ઈતિહાસમાં ચેલેન્જર દુર્ઘટના ખૂબ જ કમનશીબ રીતે નોંધાયેલી છે. તેમાં એક ખાનગી શિક્ષિકા સહિત સાત અંતરિક્ષયાત્રો માર્યા ગયા હતા. રોકેટ ઉડતાં જ 73 સેકન્ડમાં આગનો ગોળો થતાં નાસામાં હલચલ અને દોડાદોડી મચી ગઇ. લાઇવ કેમેરા અને અન્ય ઉપકરણો દ્વારા માલુમ પડ્યું કે ચેલેન્જર અંતરિક્ષમાં જવાની ચેલેન્જ ઉપાડી ના શક્યો અને ભંગાર થઈને દરિયામાં ખાબકી ગયો છે..!

ચેલેન્જર દુર્ઘટનાનું તાત્કાલિક કારણ જમણા હાથ તરફના ઘન રોકેટ બૂસ્ટરના બે નીચલા ભાગો વચ્ચેના સંયુક્તને સીલ કરવામાં બે રબર ઓ-રિંગ્સની નિષ્ફળતા હતી... આ નિષ્ફળતા તીવ્ર ઠંડીને કારણે હતી, અને તેણે શટલના ચઢાણ દરમિયાન બૂસ્ટરની અંદરથી બહાર નીકળવા માટે ગરમ એક્ઝોસ્ટ ગેસનો માર્ગ ખોલી નાંખ્યો હતો..! સરકાર દ્વારા નિયુક્ત રોજર્સ તપાસ પંચે નાસાના અસંખ્ય ઈજનેરોની છૂટક છૂટક જુબાની સાંભળી કે જેમાં તેઓએ એમ કહ્યું કે તેઓ ઓછામાં ઓછા બે વર્ષથી રબ્બરના ઓરિંગની સીલની વિશ્વસનીયતા વિશે ચિંતા વ્યક્ત કરી રહ્યા હતા અને જેમણે 51-L (ચેલેન્જર) લોન્ચ થયાની આગલી રાત્રે સંભવિત નિષ્ફળતા વિશે ઉચ્ચ અધિકારીઓને ચેતવણી આપી હતી..પરંતુ તેમની વાત ધ્યાને ન લેવાઇ અને અબજો ડોલરના આંધણની સાથે સાત મહામૂલી જિંદગીઓ પણ ખતમ થઇ ગઇ.



ચેલેન્જર દુર્ઘટના એ યુએસ સ્પેસ શટલ ચેલેન્જરનો વિસ્ફોટ હતો જે 28 જાન્યુઆરી, 1986ના રોજ કેપ કેનાવેરલ, ફ્લોરિડાથી લોન્ચ થયાના થોડા સમય બાદ થયો હતો. બોર્ડ પરના તમામ સાત અવકાશયાત્રીઓ મૃત્યુ પામ્યા હતા.

ચેલેન્જર આપત્તિનો સૌથી અગ્રણી ભોગ બનનાર ક્રિસ્ટા મેકઓલિફ હતી , એક શિક્ષક જેની ભૂમિકા ભ્રમણકક્ષામાંથી ઓછામાં ઓછા બે પાઠ ચલાવવાની હતી. અન્ય ક્રૂ સભ્યોમાં કમાન્ડર ફ્રાન્સિસ (ડિક) સ્કોબી , પાઈલટ માઈકલ સ્મિથ , મિશન નિષ્ણાતો એલિસન ઓનિઝુકા , જુડિથ રેસનિક , રોનાલ્ડ મેકનાયર અને હ્યુજીસ એરક્રાફ્ટ એન્જિનિયર ગ્રેગરી જાર્વિસ હતા

મિશનને શરૂઆતમાં મુશ્કેલીનો અનુભવ થયો, કારણ કે આંશિક રીતે અગાઉના શટલ મિશન, 61-C (કોલંબિયા ),ને જમીન પર પાછા લાવવામાં વિલંબને કારણે પ્રક્ષેપણ કેટલાક દિવસો માટે મુલતવી રાખવામાં આવ્યું હતું. પ્રક્ષેપણની આગલી રાત્રે, મધ્ય ફ્લોરિડામાં તીવ્ર ઠંડીની લહેર હતી જેણે લોન્ચ પેડ પર જાડો બરફ જમા કર્યો હતો. લોન્ચિંગના દિવસે, 28 જાન્યુઆરીએ, લિફ્ટઓફ સવારે 11:38 સુધી વિલંબિત હતી . સૌથી વધુ એરોડાયનેમિક પ્રેશરનો સમયગાળો "Max-Q" માંથી બહાર નીકળે ત્યાં સુધી બધું સામાન્ય જણાતું હતું.

મિશન કંટ્રોલે સ્કોબીને કહ્યું, "ચેલેન્જર , થ્રોટલ અપ સાથે જાઓ"

(અનુસંધાન પેજ નં.6 પર)

# એક ડૉક્ટર કે જેમણે અંધશ્રદ્ધા સામે લડવાનું બીડું ઝડપ્યું

## "અમે કોઈની વિરુદ્ધમાં નથી પરંતુ અમે માત્રને માત્ર અંધશ્રદ્ધાની વિરુદ્ધમાં છીએ.."

ગુજરાત | વંદન

"હું કાળીચૌદસના દિવસે સ્મશાનમાં જાઉં તો લોકોને લાગે કે આ મુસ્લિમ છે એટલે મારો વિરોધ કરે અને હું કબ્રસ્તાનમાં જાઉં તો લોકો કહે કે નાસ્તિક છું તેમ કહીને મારો વિરોધ કરે આમ બંને બાજુ મારે તો માત્ર વિરોધ સહન કરવાનો છે." "વિરોધ કરનારાઓ ક્યારે કામગીરી જોતા નથી. હું કોઈપણ ધર્મના વિરોધમાં છું એટલા માટેની આ પ્રવૃત્તિ કરતો નથી. હું માત્રને માત્ર અંધશ્રદ્ધા નિર્મૂલન માટેની પ્રવૃત્તિ કરું છું." આ શબ્દો છે 60 વર્ષીય ડૉ સુજાત વલીના જેઓ આમ તો ગાયનેકૉલૉજિસ્ટ છે પરંતુ વર્ષોથી લોકો વચ્ચે અંધશ્રદ્ધા નિર્મૂલન અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તે માટે કામ કરી રહ્યા છે.

ડૉ. સુજાત વલી ગોધરામાં લારા હૉસ્પિટલ ચલાવે છે. મુસ્લિમ વોરા સમુદાયમાંથી આવતાં ડૉ. સુજાત વલી શરૂઆતના દિવસો અંગે જણાવે છે કે, "મારો જન્મ ગોધરામાં થયો હતો, પિતા બિઝનેસમૅન હતા અને માતા શિક્ષિકા." "જ્યારે હું વડોદરાની કૉલેજમાં એમબીબીએસના બીજા વર્ષમાં હતો ત્યારે પરિવર્તન નામની સંસ્થાના સંપર્કમાં આવ્યો હતો. અહીંથી મારામાં રેશનાલિસ્ટ થવાનાં બીજ રોપાયાં હતાં." "મેં મારી સાથે ભણતાં અન્ય મિત્રોની સાથે મળીને લોકોમાં અંધશ્રદ્ધા નાબૂદી અને જાગૃતિ ફેલાવવા માટેનું કામ શરૂ કર્યું. આજે પણ તે કામ ચાલી રહ્યું છે. એ પછી પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ શરૂ કર્યો તે વખતે દિવસે અભ્યાસ કરતા અને રાત્રે લોકોમાં જાગૃતિ અંગે કામ કરતા હતા."

"અમે શેરીનાટકો કરતાં, પુસ્તિકા અને પત્રિકાઓ વહેંચતાં પછી ગોધરામાં હૉસ્પિટલ શરૂ કરી. જ્યાં પણ મેં લોકોને અંધશ્રદ્ધાની જગ્યાએ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવવા અંગે વાત કરવાનું શરૂ કર્યું હતું." તેઓ ઉમેરે છે કે, "કોઈ 12 વર્ષનો છોકરો મૃત્યુ પામે. છાતીમાં દુઃખાવો હતો અને તે મૃત્યુ પામે તેવો સંજોગોમાં સમાજમાં લોકો એવી વાતો કરે કે, ભગવાનને ગમ્યું એ ખરું?" "જ્યારે વિજ્ઞાન તમને શીખવે છે કે એને છાતીમાં કેમ દુઃખતું હતું? પોસ્ટમૉર્ટમ થાય તો એના મૃત્યુનું કારણ જાણી શકાય. તેનાથી ભવિષ્યમાં આ બીમારી રોકવા રિસર્ચ કરી શકાય અને દવા શોધી શકાય અને લોકોનો જીવ બચાવી શકાય."

વિજ્ઞાનનું મહત્ત્વ સમજાવતા તેઓ કહે છે કે, "શીતળાના કારણે પહેલાં લાખો બાળકો હેરાન થતાં હતાં. બાળકો મૃત્યુ પણ પામતાં હતાં જ્યારે શીતળાના રોગ અંગે સંશોધન કરી અને રસી શોધવામાં આવી ત્યારબાદ આપણે શીતળાને નાબૂદ કરી શક્યા છીએ. " પરંતુ ડૉ. વલીએ આ અભિયાન અનેક વખત વિરોધનો સામનો પણ કરવો પડ્યો છે.



તેઓ જણાવે છે કે, "છ વર્ષ પહેલાં અમે આંતરધર્મીય વિવાહ કરનાર લોકોનું સન્માન કરવા માટે એક સંમેલનનું આયોજન કર્યું હતું. તે સંમેલનનું નામ હતું 'ઝનૂન-લવ હૅઝ નો રિલિજન્સ'. "અમારા પ્રોગ્રામ લઈને બહુ જ વિરોધ થયો હતો. બહુ લોકોએ પોલીસ સ્ટેશનમાં અરજીઓ પણ કરી હતી. અમે કોઈ પણ ધર્મને સપોર્ટ નહોતા કરતા પરંતુ અમારી ઉપર એવા આક્ષેપ થયા હતા કે, અમે છોકરીઓને ભગાડી જઈએ છીએ. આ પ્રકારના આક્ષેપો અમારી પર થતા રહે છે પણ અમે રોકાતા નથી.''

અન્ય એક અનુભવ વિશે વાત કરતા ડૉ સુજાત વલી જણાવે છે કે, "એક કામળીવાળા ઢોંગી બાવાનો અમે પર્દાફાશ કર્યો હતો. ત્યારબાદ અમારે મુશ્કેલી વેઠવી પડી હતી." "કેટલીક ઘટનાઓમાં કેસ કરવાનું કે એ પ્રકારની કોઈ કાયદાકીય ગૂંચવણ ઊભી થાય તો મારા મિત્રો કેસ કરે છે. હું લીગલ હૅલ્પ કરું છું."

અંધશ્રદ્ધા નિર્મૂલનના કામમાં ડૉ વલી અને તેમના સાથીઓ સામે અનેક વખત લોકોનો વિરોધ એટલો ઉગ્ર હોય છે કે થોડી પીછેહઠ પણ કરવી પડે છે.

બે-ત્રણ વર્ષ પહેલાં ડૉ. વલીએ દરગાહ મુદ્દે એક નિવેદન આપ્યું હતું જે અંગે તેમની સામે પોલીસ કેસ થયો હતો. ડૉ વલી જણાવે છે કે," મેં કોઈ એક વિશેષ દરગાહની વાત નહોતી કરી પરંતુ કોઈપણ દરગાહ ઉપર આસ્થા રાખીને બેસી રહો તે અંધશ્રદ્ધા છે. તેનાથી કશું વળતું નથી." "એનાથી તમે તમારું ભવિષ્ય બગાડો છો. આર્થિક રીતે પાયમલ થઈ જતા હોવ છો. ફેમિલી લાઈફ બગાડતા હોવ છો. એટલે મેં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી કહ્યું હતું કોઈપણ દરગાહની નીચે તમે ખોદો તો તેની નીચેથી માત્ર તમને બે ત્રણ હાડકાં અથવા બે ત્રણ બૉડી ટિશ્યુ (શરીરના કોષ) મળી શકે. એમાં કોઈ ઊર્જા હોતી નથી." "અમે કોઈની વિરુદ્ધમાં નથી પરંતુ અમે માત્રને માત્ર અંધશ્રદ્ધાની વિરુદ્ધમાં છીએ. મારા આ પ્રકારના નિવેદન બાદ મને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી હતી." "જેથી મારા અને મારા પરિવારને મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. આ સમગ્ર પ્રકરણમાં પોલીસે ખૂબ જ મદદ કરી હતી અને તેઓએ ધમકી આપનાર લોકોને શોધી કાઢ્યા હતા પણ અમે અંગત કારણોસર તેમના નામ જાહેર કરવા નહોતા માગતા."

ડૉ સુજાત વલી સમાજમાં પ્રર્વતતી માન્યતાઓ અંગે જણાવે છે કે, "મહિલાઓ પિરિયડ દરમિયાન રસોડામાં જતી નથી. પરિવારના સભ્યો તેમની સાથે બેસીને જમતા નથી. પિરિયડ એ ગર્ભાધાન માટેની તૈયારી છે, જો ગર્ભાધાન ન થાય તો તૈયારીઓ કટકા-કટકા થઈને યોનિમાંથી બહાર આવે." "આ મુદ્દો કંઈ અપવિત્ર નથી. જો તમારા યોનિમાંથી નીકળતું લોહી અપવિત્ર હોય તો તેમાંથી જન્મેલાં તમામ બાળકો અપવિત્ર હોય." તેઓ પોતાના પરિવારની વાત કરતા જણાવે છે કે, "મારાં માતા-પિતા પણ મારા જેવા રેશનલ વિચારોવાળાં છે. મારાં ભાઈ-બહેન અને મારાં બાળકો પણ આ દૃષ્ટિકોણ અપનાવેલો છે."

"મારાં માતાનાં મૃત્યુ બાદ અમે તેમનું દેહદાન કર્યું હતું. હું સ્મશાનમાં જાઉં તો લાગે કે મુસ્લિમ છે એટલે લોકો મારો વિરોધ કરે અને હું કબ્રસ્તાનમાં જાઉં તો નાસ્તિક છું તેમ કહીને વિરોધ કરે આમ બંને બાજુ મારે તો માત્ર વિરોધ સહન કરવાનો છે." "વિરોધ કરનારાઓ ક્યારે કામગીરી જોતા નથી. હું કોઈપણ ધર્મના વિરોધમાં હોવા માટેની પ્રવૃત્તિ કરતો હોઉં છું એવું નથી, હું માત્ર ને માત્ર અંધશ્રદ્ધા નિર્મૂલન માટેની પ્રવૃત્તિ

(અનુસંધાન પેજ નં.6 પર)

**"અંતિમ ઈચ્છા"**

સાપ્તાહિક ગુજરાત વંદન

# કેશુ પથારીમાં વલખાં મારતો ને ઘડીક થાય ત્યાં કહેતો, "મને પીવાનું લાવી આપો, હવે હું નહિ જીવું"

**જીવન વહેણ**

**અશોકસિંહ એ. ટાંક**


**સાચું** નામ તેનું કેશવ પણ બધાં તેને કેશુ કહે. નાનપણથી તે ગરીબીમાં ઉછરેલો. મા બાપ મજૂરી કરી જેમ તેમ કરી ઘર ચલાવે. ગામનાં છેવાડે તેનું ઘર. ઘર એટલે આમ તો ઝૂંપડું જ ગણાય તેવું. અડધા ઘરને વિલાયતી નળિયાં, ને અડધાને પતરાથી માળેલું. એક રૂમ, નાનું રસોડુંને ઓસરી. આગળ તડકો ના આવે એટલા માટે બાવળના લાકડાનો માંડવો કરેલો ને તેના ઉપર ઘાસ નાખેલું. મકાનની ભીતો અને તળિયે ગોરમટી ( લીંપણ માટે વપરાતી ચીકણી માટી) અને જીણું કુવળ ( ઘઉં નાં ઘાસનાં એક દમ બારીક ટુકડા) ભેગુ કરી લીંપણ કરેલું હતું.

કેશુ તેનાં મા બાપનો એકનો એક લાડકવાયો. કેશુ ડાયો છોકરો. ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં ભણવા જાય. ભણવામાં પણ ઠીકઠાક કહેવાય તેવો હતો. ને કામમાં પણ ખૂબ હોશિયાર. નિશાળે રજા હોય ત્યારે મા બાપ સાથે દાડિયે જતો રહે. વાને થોડો કાળો પણ શરીરે તંદુરસ્ત. નિશાળે બધાં સાહેબોનો કેશુ માનીતો હતો.

તેની સાથે ભણતો દીપો તેનાં જ ઘર પાસે રહે. દીપો ભણવામાં ખૂબ હોશિયાર. તે વર્ગમાં પહેલો નંબર આવે. કેશુને દીપો પાક્કા મિત્ર હતાં. સાહેબ દીપાને કંઈ કામ ચીંધે તો દીપો તે કામનો હવાલો કેશુને આપી દેતો ને કેશુ હોંશેહોંશે તેનું કામ કરી નાખતો. બદલામાં કેશુને દીપામાંથી હોમ વર્ક જોઈ જોઈને લખવા મળતું.

ગામડે સાત ધોરણની જ શાળા હતી. આઠમાં ધોરણથી બહાર ગામ હાઈસ્કૂલમાં ભણવા જવું પડતું. દીપાને તેનાં બાપુજીએ અપડાઉન કરવાં નવી સાઈકલ લઈ દિધી. પણ કેશુનાં બાપાને આવો વેંત ન હતો. કેશુએ ભણવાનું છોડી દીધું ને મજૂરીએ લાગી ગયો. દીપાએ તેનાં ગામની શાળાએ જઈ સાહેબોને આ વાત કરી. સાહેબોએ ફાળો કરી જૂની સાઈકલ લઈ કેશુને આપી. ને તેના બાપુજીને કેશુને ભણાવવા માટે સમજાવ્યા. કેશુ પણ બાજુનાં ગામમાં હાઈસ્કૂલમાં ભણવા લાગ્યો. દસમાં ધોરણ સુધી દીપાને કેશુની જોડી સાથે ભણી. દીપો ખૂબ સારા ટકા સાથે બોર્ડની પરીક્ષામાં પાસ થયો ને કેશુ પણ પાસિંગ માર્કસ સાથે પાસ થઈ ગયો. દીપાને ptcમાં એડમીશન મળી ગયું. કેશુ વળી પાછો છૂટક કામમાં પરોવાય ગયો.

સમય તેનું કામ કર્યે જતો હતો. દીપાને બીજા જિલ્લામાં શિક્ષક તરીકે નોકરી મળી ગઈ. ને કેશુ બાજુના તાલુકા પ્લેસ પર સફાઈ કામદાર તરીકે કામે લાગી ગયો.



દીપો રજામાં ગામડે આવે ત્યારે બન્ને સાથે રહેતાં ને નાનપણની યાદો તાજી કરી આનંદ માણતા.

કેશુ તેની હોશિયારીને કામની ધગશને લીધે સફાઈ કામદારમાંથી સફાઈ સુપરવાઈઝર બની ગયો. હવે તેની આવક પણ સારી એવી થવાં લાગી. તે નોકરીની સાથે સાથે સફાઈના કોન્ટ્રાક્ટ પણ રાખતો થયો. ગામડે ઝૂંપડામાંથી પાક્કું મકાન બનાવી નાખ્યું. હવે દીપો રજામાં આવે ત્યારે કેશુ પહેલાં જેટલો ફ્રી નહોતો રહેતો. એટલે બંને વધારે મળી શકતાં ન હતાં.

બંનેનાં લગ્ન થયાં. દીપો રસોડું લઈ નોકરીનાં સ્થળે જતો રહ્યો. ને કેશુ અહિ ગામડે જ રહ્યો. કેશુને ધીમેધીમે મિત્રો બદલાતાં ગયાં. ને તેનાં જીવનમાં સંગતની અસર દેખાવા લાગી. મહેનતુંને ભલો કેશુ ધીમેધીમે રાત્રે મોડો ઘરે આવવા લાગ્યો. કેશુ ઘરે આવે ત્યારે તેણે દારૂનું સેવન કરેલું હોય. તેની સમજુ પત્ની તેને સમજાવતી પણ દારૂ મગજને ઘેરી વળેલો હોય તે આ સમજણને ત્યાં સુધી પહોંચવા ન દે ! દિવસો જવાં લાગ્યાં. કેશુના ઘરડાં મા બાપને પણ કેશુની આ આદતની ખબર પડી ગઈ. હવે તો રોજ મોડી રાત્રે ભવાડા થવાં લાગ્યાં. કેશુની પત્ની દારૂ પીવાની ના પાડે તો કેશુ તેને મારજૂડ કરવાં લાગ્યો. બિચારા ઘરડાં માવતર વચ્ચે પડે તો તેને પણ ધક્કે ચડાવતો. દીપાને આ વાતની ખબર પડી તે ગામડે આવ્યોને કેશુને દારૂ છોડવા ખૂબ સમજાવ્યો. કેશુએ તેને તો મોઢે હા એ હા રાખી પરંતુ તેનામાં કઈ ફેર ન પડ્યો. હવે તે દીપો આવે ત્યારે તેને તે મળતો બંધ થઈ ગયો.

દિવસેને દિવસે કેશુનું પીવાનુ વધતું ગયું .હવે તો તેની નગરપાલિકાની નોકરી પણ કેટલાંય દિવસ ગેરહાજર રહેવાના લીધે છૂટી ગઈ. તે આખો દિવસ ઘરે પડ્યો રહેતો ને તેની ઘરવાળીને વાતે વાતમાં મારવા લાગ્યો. તે બિચારી આનાથી કંટાળીને તેનાં પિયરમાં રિહામણે ચાલી ગઈ. બેકારીને લીધે હવે તો ખાવાનાં પણ વાંધા પડવા લાગ્યાં. કેશુની સારી કમાણીને લીધે તેણે તેનાં માવતરને દાડિયે જતાં બંધ કરાવી દીધા હતા. પરંતુ હવે બિચારા શું કરે ફરી દાડિયે જવા લાગ્યાં. ને કેશુ ઘરે પડ્યો પડ્યો તેનાં માવતરની કમાણીમાંથી ખાતોને દેશી દારૂ પીધા રાખતો.

આમને આમ મજબૂત શરીરવાળો કેશુ સૂકાવા લાગ્યો. તેને લીવરની બીમારી લાગુ પડી

(અનુસંધાન પેજ નં.6 પર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# યુપીના એટામાં ભિક્ષા માંગનાર નિકળ્યો પૈસાદાર, આખરે પરિવાર સાથે પુનઃ મિલન

## ગુજરાતના ચિખલીમાં હતો બેંક મેનેજર

ગુજરાત | વંદન

યુપીના એટામા એક શખ્સ કેટલાય દિવસોથી ભીખારીના વેશમાં ફરી રહ્યો હતો. કોઈને તેના વિશે માહિતી ન હતી કે તે કોણ છે અને ક્યાંથી આવ્યો છે. ભીખારીના વેશમાં ફરતો આ શખ્સ હકીકતમાં રૂપિયાવાળો હતો. તેની અસલિયત જ્યારે માલૂમ પડી તો સૌ કોઈ દંગ રહી ગયા હતા. કોઈને પણ તેની હાલત જોઈને વિશ્વાસ થઈ રહ્યો ન હતો. રસ્તાઓ પર ભીખારી બનીને ફરતો આ શખ્સ હકીકતમાં ગુજરાતનો નવસારીનો રહેવાસી નીકળ્યો. જે એક સમયે બેંકમા જનરલ મેનેજરની પોસ્ટ પર હતા. ભીખારી બની ગયેલો શખ્સ રોજ રોડવેઝ બસ સ્ટેન્ડની પાસે ફરતો રહેતો હતો. આ વચ્ચે કોઈએ તેનો વીડિયો બનાવીને વાયરલ કર્યો હતો. રવિવારે વાયરલ વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ચર્ચામાં રહ્યો હતો, જેના બાદ ભીખારીની અસલી હકીકત સામે આવી હતી.

એટામાં ભીખારી બનીને ફરી રહેલા વૃદ્ધની ઓળખ ગુજરાતના નિવૃત્ત બેંક મેનેજર તરીકે થઈ હતી. તેમની માનસિક સ્થિતિ સારી ન હતી. એટાની પોલીસે નવસારીમાં રહેતા તેમના પરિવારજનોને ફોન કરીને આ વિશે માહિતી આપી હતી. તેઓ લાંબા સમયથી એટાના રોડવેઝ બસ સ્ટેન્ડની આસપાસ ભીખ માંગીને પેટ ભરતા હતા. રવિવારે



વીડિયો વાયરલ થતા ગુજરાતમા રહેતા તેમના પરિવારજનોએ તેમને ઓળખી લીધા હતા.

તપાસમા માલૂમ પડ્યુ કે, વૃદ્ધ નવસારીના ચીખલીના રાનવેરી ગામના નિવાસી છે. તેમનુ નામ દિનેશ કુમાર ઉર્ફે દીનુભાઈ પટેલ છે, જેઓ એપ્રિલ મહિનાથી ઘરમાંથી ગાયબ હતા. તેમની મીસિંગ રિપોર્ટ ચીખલી પોલીસ સ્ટેશનમાં આપવામાં આવી હતી. જોકે, તેઓ ગુજરાતથી એટા કેવી રીતે પહોંચ્યા તે કોઈને ખબર નથી.

દિનેશ કુમાર પોતાની માનસિક સ્થિતિ ગુમાવી ચૂક્યા છે. જેથી તેઓ ઘરમાંથી નીકળી ગયા હતા. એટાની પોલીસે આ વિશે નવસારીમા વસતા તેમના પરિવારજનોને માહિતી આપી હતી. જેથી તેમના પરિવારજનો દિનેશભાઈને લેવા માટે ત્યાં જવા નીકળી ગયા હતા. દિનેશ કુમાર હકીકતમાં એક બેંકમાં જનરલ મેનેજર પદથી 2009 માં રિટાયર્ડ થયા હતા.

## વગડાનું ફળ 'ફીંડલું', ઔષધિય ગુણો ધરાવે છે



ક્યારેક વન વગડે કે ખેતરની વાડે ઊગી નીકળેલા કાંટાળા હાથિયા થોર પર જો આવું લાલ ચટ્ટક જેવું ફળ જોવા મળી જાય તો તેની સુંદરતા ઉપર મન મોહી જાય છે. જેમ શુષ્ક અને ખરહટ સ્વભાવના માણસમાં પણ કંઈક સારો ગુણ જોવા મળી જાય છે, તેમ આખા કાંટાથી ભરચક આ હાથીયા થોર પરનું રૂપકડું ફળ એટલે "ફીંડલું." પણ ગુણોથી ભરેલું છે. આ ફળને ગામડામાં ફીંડલુ કે હથેળીયા થોરનું ફીંડવું પણ કહે છે. જેવું રૂપાળું તેવું જ ખતરનાક!! જો તેને હાથથી તોડવા જઈએ તો તેના પર ઉગી નીકળેલી પીળા કલરની ઝીણી લાળુ(બારીક કાંટા) હાથમાં ખૂંપી જાય છે, જે ખૂબ દર્દનાક હોય છે. ફીંડલાને તોડવાની એક ટેકનિક હોય છે, જે ગામડાના લોકોને સારી રીતે ફાવતી હોય છે. તેને તોડ્યા પછી શણના કોથળામાં રગડવામાં આવે અથવા આગમાં શેકવામાં આવે તો તેના પરની લાળુ દૂર થઈ જાય છે. ફીંડલું ખૂબ ગુણકારી ફળ છે. તે અંદરથી ઘાટા લાલ કલરનું અને રસાળ હોય છે. તે સ્વાદે થોડું ગળચટું લાગે છે. લોહીની ઉણપ અને B -12ની કમી હોય તેવા દર્દીઓ માટે ફીંડલું અમૃતફળ ગણાય છે.

ફોટો સ્ટોરીઃ અશોકસિંહ એ. ટાંક

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આપે વાહનથી સંભાળીને શાંતિથી સપ્તાહ પસાર કરવું . મિત્રવર્ગની ચિંતા જણાય. ધર્મકાર્યમાં અડચણ જણાય. આપના અગત્યના કામ અંગે બહાર જવાનું બને. જાહેર ક્ષેત્રના કામમાં વ્યસ્ત રહેવાનું થાય, માનસિક પરિતાપ જણાય.શેરબજારમાં રોકાણ લાંબા ગાળે નફો આપે.

**વૃષભ** (બ.વ.ઉ)
જમીન-મકાન-વાહનની લે-વેચમાં ઉતાવળ ન કરવી. દરમ્યાન આપ કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહો. આપના કાર્યને પૂર્ણ કરવા માટે દોડધામ શ્રમ જણાય. ક્ષણિક ચિંતા રહે. નોકરી કે અગત્યના કામકાજ અંગેના મિલન- મુલાકાતમાં સાનુકૂળતા આવકનાં સ્ત્રોતમાં વધારો થઇ શકે છે.

**મિથુન** (ક.છ.ઘ)
બીજા લોકોનું કાર્ય આપની પાસે આવવાથી કાર્યભાર દોડધામ શ્રમ વધે. વારસાગત સંપત્તિ પ્રશ્નોનોનું નિરાકરણ જણાય, કાર્યક્ષેત્રમાં બઢતી-બદલી સંભવ, જૂના સંબંધો ફરીથી તાજા થતા જણાય. આવેલી તકનો લાભ લઈ લેવામાં દૂરંદેશી છે. કાર્યક્ષેત્ર માં આપને મનગમતી તક મળે.

**કર્ક** (ડ.હ)
અન્ય કોઈ કાર્ય આવી જવાના લીધે આપના કાર્યને પૂર્ણ થવામાં વિલંબ થાય. માંગલિક પ્રસંગો માટે પગરણ મંડાય, વ્યવહારિક સફળતા મળતી જણાય, રવિવારે મધ્યાહન બાદ કોઈ સારા સમાચાર મળી શકે છે. આર્થિક રોકાણમાં વડીલ વર્ગની સલાહ મહત્વપૂર્ણ બની રહે.

**સિંહ** (મ.ટ)
શ્રમમાં વધારો થાય. ઉપરી વર્ગના ઠપકાનો ભોગ બનવું નપડે તો સંભાળવું . આપના કાર્યમાં રૂકાવટ- વિલંબ જણાય, આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. વેપારમાં મોટા સાહસ કરવા જતાં વિચારીને કામ થઈ શકે. મિત્રો સાથે નાના પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**કન્યા** (પ.ઠ.ણ)
તમે ધંધા રોજગાર વધારવા માટે આયોજન કરશો, તો શાંતિ મલશે. આ તબક્કે નિરાશાવાદી વલણથી દૂર રહેવું. નકારાત્મક વિચારો પાછળ ઊર્જા ન વપરાય તેની કાળજી લેવી. ગંભીર નાણાકીય અને કૌટુંબિક જવાબદારીઓના બોજને પહોંચી વળવા આવક્ના નવા સ્રોત માટે સક્રિય વિચારણા હાથ ધરશો.

**તુલા** (ર.ત)
સાપ્તાહિક ગ્રહો જોતાં લાગે છે કે . વ્યક્તિગત, ભાવનાત્મક, અને આર્થિક દૃષ્ટિએ વૃદ્ધિ પામો, વિકસો અને રૂપાંતરિત થાઓ, એવું આ સપ્તાહ જણાય છે. આ વિકાસ બૌદ્ધિક ક્ષેત્રે હોય તેવી પણ શક્યતા છે. લોકો આપને મદદ કરશે તેથી તેમની પર વિશ્વાસ મૂકતા શીખો.

**વૃશ્ચિક** (ન.ય)
આવતા સપ્તાહ દરમિયાન, તમારે શાંતિ થી રહેવાની જરૂર છે. શું બોલવું અને શું ન બોલવું તે સમજી આગળ વધશો, તો વાંધો નથી... નહીં તો બોલાચાલી પણ ઘણી થશે. નવી નાણાકીય બાબતો હાથ ધરતા ચેતવું, કારણ કે કોઈ આપની સાથે છેતરપિંડી કરી શકે છે.

**ધન** (ભ.ધ.ફ)
માનસિક વૃદ્ધિ તથા વિકાસ થશે. લોકો પ્રત્યે સહાનુભૂતિ ઉત્પન્ન થશે. તમારી યોજનાઓ, ઉદેશ્યો, ભવિષ્યમાં તમારું સ્થાન.. વગેરે બધું ઉપર કહેલી નજરે જ પરખવામાં આવશે. પ્રવાસની પણ સંભાવના છે. વિકાસની અને પ્રગતિની પ્રક્રિયામાં વિઘ્ન આવશે.

**મકર** (ખ.જ)
આ અઠવાડિયે, તમારા કાર્યક્ષેત્રમાં સાથ સહકાર મળે, નાણાકીય વ્યવહાર સાચવીને કરવો, કૌટુંબિક મતભેદ દૂર થાય, આર્થિક માર્ગોમાં કઠિન સમય હળવો બને, જૂના વિવાદ સમાપ્ત થાય, કાર્યક્ષેત્રમાં પદોન્નતિ મળવાની શક્યતા છે.


**કુંભ** (ગ.સ.શ.ષ)
ધંધામાં અમુક પ્રકારના વિભાજન કે નાણાં પાછાં ખેંચી લેવા તમારા માટે માત્ર જરૂરી જ નહીં, પણ ભવિષ્યની સુરક્ષા અને વિકાસ માટે અતિ આવશ્યક બની રહેશે. હા, તમે મૂડીરોકાણ અને મિત્રો પ્રત્યે તમારું ધ્યાન કેન્દ્રિત કરશો.

**મીન** (દ.ચ.ઝ)
તમારી નવી યોજનાઓને ગુપ્ત રાખવી, દામ્પત્ય જીવનમાં મતભેદ જણાય તો સાવધાની રાખવી , ખર્ચ અને રોકાણ પહેલા આયોજન કરવું જરૂરી છે નહીં તો વધુ ખર્ચ થવાનો ભય રહે. , રાજકીય ક્ષેત્રે સફળતા જણાય, મહત્ત્વનો નિર્ણય પહેલા જાણકારની સલાહ લેવી, કૌટુંબિક વિવાદથી અંતર જાળવવું, એકંદરે સપ્તાહ સારું જણાય છે . સોમવારે શાંતિથી દિવસ પસાર કરવો.

### વઢવાણના નાગદાને એક ટ્રક ડ્રાઈવર તરીકે નોકરી કરતા કરતા દારૂ સપ્લાયનું મોટું નેટવર્ક ઊભું કર્યું

# ગુજરાતમાં દારૂનું વિશાળ નેટવર્ક ધરાવનાર બૂટલેગર નાગદાન ગઢવીએ હરિયાણામાં દારૂની ફેક્ટરી બનાવી

ગુજરાત | વંદન





રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં દારૂનું વિશાળ નેટવર્ક ધરાવતાં અને 50થી વધુ ગુના આચરીને ફરાર થઈ ગયેલા કુખ્યાત બૂટલેગર નાગદાન ગઢવીને સ્ટેટ મોનિટરિંગ સેલે હરિયાણાના ગુડગાંવમાંથી પકડી પાડ્યો છે. છેલ્લા ત્રણ મહિનાથી હરિયાણામાં બેસીને જ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં દારૂનું વેચાણ કરતાં નાગદાનને પકડવા માટે સ્ટેટ મોનિટરિંગ સેલે ચાર દિવસથી ગુડગાંવમાં ધામા નાખ્યા હતા અને ગતસાંજે અંતે નાગદાનને પકડી પાડ્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં નાગદાને હરિયાણામાં જ નકલી દારૂની ફેક્ટરી ઉભી કરી નાખ્યાનો ખુલાસો પણ થવા પામ્યો છે.

આ અંગે સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાયે જણાવ્યું કે ગુજરાતમાં અનેક ગંભીર ગુનાઓને અંજામ આપી નાગદાન હરિયાણાના ગુડગાંવમાં છુપાઈ ગયો હતો. અહીંથી જ તે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં દારૂની સપ્લાય કરતો હોવાનું ધ્યાન પર આવતાં સ્ટેટ મોનિટરિંગ સેલની ત્રણ ટીમ ચાર દિવસ સુધી ગુડગાંવમાં રોકાઈ હતી અને એક ફ્લેટમાંથી નાગદાનને દબોચી લીધો હતો. નાગદાનને ગંધ ન આવી જાય તે માટે નિર્લિપ્ત રાય સહિતના અધિકારીઓ-કર્મચારીઓએ વેશપલટો કરીને આ ઓપરેશન પાર પાડ્યું હતું. નાગદાન ગઢવી સૌરાષ્ટ્રનો સૌથી કુખ્યાત બૂટલેગર પૈકીનો એક છે.

દરમિયાન ભલભલા આરોપીઓને ભોંભીતર કરી નાખવામાં માહેર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમોએ નાગદાન હરિયાણાના ગુડગાંવમાં છુપાયો હોવાની બાતમી મળતાં જ તુરંત તેનું પગેરું દબાવવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા સમયથી સૌરાષ્ટ્રમાં નકલી દારૂ ઘૂસાડવાના દૂષણમાં સતત વધારો થઈ રહ્યો હતો ત્યારે આ દારૂ નાગદાન દ્વારા જ બનાવવામાં આવી રહ્યાની આશંકા સેવાઈ રહી છે. નાગદાન અત્યાર અત્યાર સુધી ક્યાં ક્યાં રોકાયો હતો તે ઉપરાંત સૌરાષ્ટ્ર-ગુજરાતના કયા કયા બૂટલેગર સાથે મળીને તે આ નેટવર્ક ચલાવી રહ્યો હતો.

કુખ્યાત આરોપી નાગદાન ગઢવી મુળ સુરેન્દ્રનગરના વઢવાણનો વતની છે, અને ટ્રક ડ્રાઈવર તરીકે નોકરી કરતા કરતા તેણે વિદેશી દારૂ સપ્લાયનું સૌથી મોટું નેટવર્ક બનાવ્યું હતું. જેમાં તેના વિરૂધ્ધ સૌરાષ્ટ્રના લગભગ તમામ જિલ્લાઓમાં ગુના નોંધાઇ ચુક્યા છે. ઉત્તર ગુજરાતમાં પણ તેની સામે ગુના નોંધાયાનું જાણવા મળે છે. નાગદાન ગઢવી વર્ષ 2003 આસપાસ ફક્ત એક ટ્રક ડ્રાઈવર હતો, જે બાદ તે ભાવનગરથી બુટલેગિંગમાં સંકળાયેલા તેના સંબંધીઓના સંપર્કમાં આવ્યો હતો. આ બુટલેગરો સાથે તે જોડાયો અને તેમની સાથે અને આસપાસના વિસ્તારનો દારૂ સપ્લાયર બન્યો હતો. તે સમયે હકીકતમાં નાગદાન ફક્ત બુટલેગરોના મદદગાર તરીકે કામ કરતો હતો. પરંતુ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ તે જાણતો થયો કે, દારૂના ધંધો એક નફાકારક વ્યવસાય છે. જે બાદ તેણે મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણાથી ગુજરાતમાં દારૂ લાવીને ગુજરાતમાં મજબૂત નેટવર્ક ઊભું કર્યું હતું.

### OMG! દારૂની બોટલ પર સેલ ઈન હરિયાણા લખેલું આવે એટલે નાગદાને જ બનાવ્યો હોય !!

નિયમિત દારૂનું સેવન કરતાં પ્યાસીઓ જ્યારે પણ બૂટલેગર પાસેથી દારૂની ખરીદી કરે એટલે તે બોટલ ઉપર સેલ ઈન હરિયાણા લખેલું જુએ એટલે તુરંત જ કહી દેતાં કે આ દારૂ નાગદાને જ બનાવ્યો હોવો જોઈએ. નાગદાને આ રીતે અત્યાર સુધીમાં લાખો નકલી દારૂની બોટલોનું વેચાણ કરી નાખ્યું હોવાની આશંકા છે. ગુજરાતમાં તેના ઉપર પોલીસની ભીંસ વધતાં તે હરિયાણા નાસી ગયો હતો અને છેલ્લા ત્રણ મહિનાથી ત્યાં જ રોકાઈને પોતાના ગોરખધંધા ચલાવી રહ્યો હતો. નાગદાન ગઢવીની છેલ્લા ઘણા સમયથી ગુજરાત પોલીસ શોધખોલ કરી રહી હતી. દરમિયાન ત્રણેક સ્ટેટ મોનીટરીંગ સેલને બાતમી મળી હતી કે, નાગદાન ગુડગાંવના એક વૈભવી ફ્લેટમાં રહે છે. બાતમી મળતા નિર્લિપ્ત રાય અને તેમની ટીમ સતત વોચમાં હતી. નાગદાન વર્ષ 2017 થી નાસતો ફરતો હતો અને તેના વિરૂધ્ધ 40થી વધુ ગુના પણ નોંધાયા છે.

### પ્રેમ પ્રકરણ...સગા ભાઈની કાતિલ સાજિશ..સનસનીખેજ ખુલાસો


# ભાઈએ દુપટ્ટાથી ગળું દબાવી બહેનને મારી નાખી, લાશ કૂવામાં ફેંકી દીધી!

ગુજરાત | વંદન

લીંબડીમાં ભોગાવાના કૂવામાંથી શુક્રવારે યુવતીનો મૃતદેહ મળ્યો હતો. આ યુવતીની લાશને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. આ યુવતીની હત્યા કરીને લાશ કુવામાં ફેંકી દીધી હોવાનો ધડાકો થયો છે. એટલું જ નહીં, આ હત્યા બીજા કોઈ નહીં પરંતુ તેના સગા ભાઈએ જ કરી હોવાનું સામે આવ્યું છે.

બહેન દાગીના લઈને પ્રેમી સાથે ભાગી જશે તો બદનામી થશે એ બીકે ભાઈએ જ બહેનની હત્યા કરી નાંખી હતી. અવાજ બહાર ન જાય એટલે ટીવીનું વૉલ્યુમ વધારી હત્યા કરી હતી. ભાઈએ દુપટ્ટાથી ગળું દબાવી બહેન કરી હત્યા. દાગીના લઈને પ્રેમી સાથે ભાગી જશે તો સમાજમાં બદનામી થશે એ બીકે ભાઈએ દુપટ્ટાથી ગળું દબાવી બહેનના શ્વાસ રૂંધી નાખ્યા હતા. પોલીસે આ કેસમાં મૃત યુવતીના સગા ભાઈની ધરપકડ કરી છે. લીંબડીમાં 1 જુલાઈએ ભોગાવા નદીના કૂવામાંથી





યુવતીનો મૃતદેહ મળ્યો હતો.

નયના ઉર્ફે જાગુ રાઠોડની ખૂદ તેના ભાઈ દિનેશ રાઠોડે હત્યા કરી હોવાનો ખુલાસો થયો છે. તેણે પોલીસ સમક્ષ કબુલાત કરી હતી કે, તેઓ 5 વર્ષથી પરિવાર સાથે સાણંદ તાલુકાના સચાણા ગામે રહેતા હતા. અહીં તેની બહેનને રોહિત ઈશ્વર ઠાકોર સાથે આંખ મળી ગઈ હતી, જે તેમને મંજૂર નહોતું. આથી બહેનને પ્રેમસંબંધ તોડી નાંખવા જણાવ્યું હતું. જોકે, બહેન ન માનતા તેઓ લીંબડી રહેવા આવી ગયા હતા.

દિનેશે ઘરનો દરવાજો બંધ કરી ટીવીનું વૉલ્યુમ વધારીને રૂમમાં દાખલ થયો. પછી બહેનને પાછળથી દુપટ્ટો ખેંચી ગળું દબાવી ત્યાં જ પતાવી દીધી હતી. આ પછી બપોરે દિનેશે પ્લાસ્ટિકની કોથળીમાં બહેનના મૃતદેહને ભરી કોથળીને ઘરના પાછળના ભાગે કાઢી, દરવાજા પાછળ છુપાવી દીધો હતો. દરમિયાન બપોરે અઢી વાગ્યે તેની માતા અનુબેનનો ફોન આવ્યો હતો કે નયના અહીં ક્યાં દેખાતી નથી. દિનેશે ઘરે ન આવી હોવાનું જણાવ્યું હતું. તેમજ આ પછી દિનેશ ઘરને તાળું મારીને સંબંધીને ત્યાં પહોંચ્યો. ત્યાં બધા સાથે મળીને તે પણ નયનાને શોધવા લાગ્યો હતો.

તેમજ આ પછી મોકો મળતા બહેનનું મોઢું પ્લાસ્ટિકની કોથળીથી બાંધી દીધું. હાથ-પગ દોરી અને દુપટ્ટાથી બાંધેલી હાલતમાં મૃતદેહ જલદી પાણી બહાર ન આવે એટલે પાણીમાં ડુબાડવા માટે નયનાના પગ વાયરોથી બાંધી સાથે કોથળીમાં રેતી ભરીને લાશને કૂવામાં ફેંકી દીધી હતી. એટલું જ નહીં હત્યા કર્યા બાદ બીજા દિવસે બહેનનું મનગમતું મન્ચુરિન્યન લઈને કૂવામાં નાખી આવ્યો હતો.

### હાઈકોર્ટમાં જાહેરહિતની રીટ અરજી

## 'વિદેશથી લવાયેલાં 95 જેટલા પશુ-પંખીઓ જામનગર ઝૂમાં અસુરક્ષિત'

ગુજરાત | વંદન

મોરક્કોથી પ્રાણીઓને જામનગરના પ્રાણી સંગ્રહાલયમાં બદલી કરવાના નિર્ણય સામે હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરવામાં આવી છે. અરજીમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે, જામનગરનું પ્રાણી સંગ્રહાલય વિદેશથી આવેલા પશુઓ માટે યોગ્ય વાતાવરણ અને સુરક્ષા પૂરી પાડી શકે તેમ નથી. હાઈકોર્ટે અગાઉ થયેલી અરજીમાં હુકમ કર્યો હોય તેને કોર્ટમાં રજૂ કરવા આદેશ કર્યો છે.

સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી દ્વારા મોરક્કોથી 95 પ્રાણીઓ જામનગરના ઝૂમાં લાવવા નિર્ણય લેવાયો હતો. થોડા સમય પહેલાં 95 પ્રાણીઓ જામનગર લવાયા હતા. અરજીમાં રજૂઆત કરાઈ હતી કે, પ્રાણી સંગ્રહાલય માટે કેવા પ્રાણીઓની બદલી કરી શકાય તે અંગે શિડ્યુલ એનિમલની વ્યાખ્યા છે તે મુજબ અયોગ્ય નિર્ણય છે. કાયદા અનુસાર 10 હેક્ટરથી નાનો એરિયા હોય તો તેને મિની ઝૂ કહેવાય, પરંતુ જામનગરનું ઝૂ ઘણું વિશાળ છે, તેમાં પ્રાણીઓની સુરક્ષા જળવાય તેમ નથી. એટલું જ નહિ આ જંગલી પશુના આગમનને લીધે ઝૂના અન્ય પ્રાણીઓ પણ સુરક્ષિત રહેશે નહિ. આ અરજી પર હાઈકોર્ટે અગાઉ કરેલા હુકમની નકલ રજૂ કરવા આદેશ કર્યો છે.ઉલ્લેખનીય છે કે, મોરક્કોથી 95 વિદેશી પશુઓને ફ્લાઈટ મારફતે અમદાવાદ એરપોર્ટ પર લાવી જામનગર લઈ જવાયાં હતાં.

## શબ્દોની સંતાકૂકડી 17 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | ■ | 3 | ■ | 4 | 5 |
| ■ | 6 | | | | ■ | |
| 7 | | ■ | | ■ | 8 | |
| | ■ | 9 | ■ | 10 | | ■ |
| 11 | 12 | ■ | 13 | | | |
| ■ | 14 | | | ■ | | ■ |
| 15 | | ■ | 16 | | ■ | 17 |

**ઊભી ચાવી**

(2) અંધકાર [3]
(3) ઘણાના ..... મોતીના દાણા જેવા હોય છે [3]
(5) ખૂબસુરત સ્ત્રી [3]
(7) સમચોરસ માપનો ટુકડો [3]
(8) નારાયણ કરતાં મુનિ [4]
(10) બાણ, તીર [2]
(12) બાગ, બગીચો, ઉપવન [3]
(13) હોડ, કરાર, બોલી [3]

**આડી ચાવી**

(1) વેગ, ઝડપ [2]
(4) નાનો તંબુ [2]
(6) ટૂંકાણમાં લખેલું [4]
(7) તસ્કર, ડૂંગો [2]
(8) મમ્મીના પપ્પા [2]
(9) ના નું વિરોધી [1]
(10) બાણ, તીર [2]
(11) કલ્પના [2]
(13) શરદઋતુનું વાદળ [4]
(14) એક કઠોળ [3]
(15) એક વજન [2]
(16) કિનારો [2]
(17) માતા [1]

શબ્દોની સંતાકૂકડી-16નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 કો | રો | 2 ના | ■ | 3 પં | ગ | 4 ત |
| 5 ટ | ■ | 4 ક | 6 ર | 7 ચ | ■ | ક |
| ■ | 6 વિ | ■ | મા | ■ | 9 ક | 9 લા |
| 8 સા | 10 ગ | ર | ■ | 11 બા | 11 લ | દી |
| 12 મ | ત | ■ | 13 ગા | 13 જ | ર | ■ |
| 14 સા | ■ | સા | 15 મ | ■ | વ | 15 કી |
| મે | પ | ■ | ઠી | ક | ■ | 17 ડી |

શબ્દોની સંતાકૂડી-17 નો ઉકેલ આવતા અંકે

## કોયડો નં. 19 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 6 | | 1 | | 4 | |
| | 6 | | | 3 | | 1 | | 5 |
| 1 | | 3 | | | | | | |
| | 1 | | | | | | 5 | |
| | | | | | 2 | | | |
| 4 | | | 1 | 6 | | | | 2 |
| | | 5 | | | | | | 4 |
| | | | 2 | | | | 6 | |
| 2 | 9 | | | | 4 | 3 | | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-19નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 7 | 8 | 6 | 2 | 1 | 9 | 4 | 3 |
| 9 | 6 | 4 | 7 | 3 | 8 | 1 | 2 | 5 |
| 1 | 2 | 3 | 9 | 4 | 5 | 7 | 8 | 6 |
| 6 | 1 | 2 | 8 | 7 | 3 | 4 | 5 | 9 |
| 8 | 3 | 9 | 4 | 5 | 2 | 6 | 7 | 1 |
| 4 | 5 | 7 | 1 | 6 | 9 | 8 | 3 | 2 |
| 7 | 8 | 5 | 3 | 1 | 6 | 2 | 9 | 4 |
| 3 | 4 | 1 | 2 | 9 | 7 | 5 | 6 | 8 |
| 2 | 9 | 6 | 5 | 8 | 4 | 3 | 1 | 7 |

## બાલા સાહેબના એક અવાજ પર મુંબઈ અને મહારાષ્ટ્રમાં ચક્કાજામ થઈ જતો હતો!

# ઉદ્ધવ ઠાકરે પિતા બાલ ઠાકરેની વિરાસત અને પાર્ટીને ફરી બેઠી કરી શકશે?

ગુજરાત | વંદન

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે સરકારને ઉથલાવીને નવા મુખ્ય મંત્રી તરીકે શિવસેનાના બળવાખોર નેતા એકનાથ શિંદેએ શપથ લઈ લીધા છે અને ભાજપના દેવેન્દ્ર ફડણવીસ ડેપ્યુટી સીએમ બન્યા છે. બુધવારની રાત્રે શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય મંત્રીપદેથી રાજીનામું આપ્યા બાદ સવાલ એ છે કે તેમનું અને તેમના પિતાએ બનાવેલી પાર્ટીનું ભવિષ્ય શું હશે. તેમના મોટા ભાગના ધારાસભ્યોના બળવા બાદ તેમની પાસે 55માંથી માત્ર 13 ધારાસભ્ય બચ્યા છે. બળવાખોર ધારાસભ્યોએ આક્ષેપ કર્યો હતો કે તેમને ઉદ્ધવ ઠાકરેમાં કોઈ વિશ્વાસ નથી, કેમ કે તેમણે હિંદુત્વની વિચારધારાને છોડીને અને હિંદુ રાષ્ટ્રવાદની તેમની મૂળ વિચારધારાને અવગણીને શરદ પવારની એનસીપી અને કૉંગ્રેસ પાર્ટી સાથે સરકાર બનાવી હતી.

શિવસેના અને ભાજપ 30 વર્ષ સુધી ભાગીદાર રહ્યા બાદ 2019માં અલગ થઈ ગયા હતા. શિવસેના મુંબઈ અને રાજ્યના કેટલાક હિસ્સાઓમાં એક અસાધારણ શક્તિશાળી પાર્ટી રહી છે, પણ તેના બે તૃતીયાંશ ધારાસભ્યોના બળવા બાદ પહેલી વાર અસ્તિત્વ સામે ઝૂઝી રહી છે. શિવસેનાને ભૂતકાળમાં અનેક મોટા ઝટકા લાગી ચૂક્યા છે, પણ આ વખતે રાજકીય ઝટકો મોટો લાગ્યો છે.

રાજકીય વિશ્લેષકનું કહેવું છે કે પાર્ટીમાં વિદ્રોહ એ "શિવસેનાના પતનની શરૂઆત છે." પાર્ટીના પૂર્વ સાંસદ ભરતકુમાર રાઉતનું માનવું છે કે બળવાથી પાર્ટીને બહુ નુકસાન થયું છે, "પાર્ટીને ક્યારેય આવા સંકટનો સામનો કરવાનો આવ્યો નથી. ઘણાં શહેરોમાં સ્થાનિક સમર્થકો અને કાર્યકરોએ પણ પાર્ટી છોડી દીધી હતી." તેમનું કહેવું છે કે આનાથી ઉદ્ધવ ઠાકરે અને પાર્ટી બંને માટે 'હવે નહીં, પછી ક્યારેય નહીં' જેવી સ્થિતિ સર્જાઈ છે.

શિવસેનાની સ્થાપના 1966માં ઉદ્ધવ ઠાકરેના પ્રભાવશાળી પિતા બાલ ઠાકરેએ કરી હતી. શિવસેના પ્રથમ વખત 1991માં વિભાજિત થઈ, ત્યારે વરિષ્ઠ નેતા છગન ભુજબળે ઘણા ધારાસભ્યો અને પાયાના કાર્યકરો સાથે પાર્ટી છોડી દીધી હતી. અન્ય એક નેતા નારાયણ રાણેએ 2005માં પાર્ટી છોડી દીધી અને કેટલાક ધારાસભ્યોને પોતાની સાથે લઈ ગયા હતા. ઉદ્ધવ ઠાકરેના પિતરાઈ રાજ ઠાકરેએ 2006માં ઘણા ધારાસભ્યો અને કાર્યકરો સાથે પાર્ટી છોડી દીધી હતી. એ સમયે આ એક મોટો આંચકો માનવામાં આવ્યો હતો, કારણ કે પાર્ટીમાં ઘણા લોકો ઉદ્ધવને સ્થાને એ સમયના લોકપ્રિય નેતા રાજ ઠાકરેને બાલ ઠાકરેના રાજકીય વારસ માનતા હતા.

પાર્ટીના દિવંગત નેતા બાલ ઠાકરે એક રાજકીય કાર્ટૂનિસ્ટ હતા. તેમણે 1960ના દાયકામાં અન્ય રાજ્યોમાંથી આવીને મુંબઈમાં નોકરી કરનારા વિરુદ્ધ મરાઠીઓની હિમાયત કરતી એક ચળવળ શરૂ કરી હતી, તેમનું કહેવું હતું કે મુંબઈ પર સ્થાનિક લોકોનો પહેલો અધિકાર છે. બાલ ઠાકરેના ઉગ્ર નિવેદને તેમને ભારતના સૌથી વિવાદાસ્પદ રાજકારણીઓમાંના એક બનાવી દીધા હતા. જ્યારે તેઓ તેમની રાજકીય કારકિર્દીની ઊંચાઈ પર હતા, ત્યારે તેમના એક અવાજ પર મુંબઈ અને મહારાષ્ટ્રમાં ચક્કાજામ થઈ જતો હતો.

બાબરી મસ્જિદના ધ્વસ્ત થયા પછી 1992-93માં મુંબઈમાં થયેલાં રમખાણોની એક સરકારી તપાસમાં શિવસેનાના સભ્યો અને પાર્ટીના અનેક નેતાઓને મુસલમાનો પર હુમલાઓનું ષડયંત્ર રચવાના દોષી ઠરાવ્યા હતા. પરંતુ બાલ ઠાકરેને રમખાણો સંબંધિત કોઈ પણ ગુનામાં ક્યારેય દોષિત ઠેરવવામાં આવ્યા નહોતા. પાર્ટી 2014-15માં ઘણી ચર્ચામાં રહી. પાર્ટી ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ સંબંધોને બહાલ કરવા માટે શરૂ થયેલી વાતચીતને રદ કરવામાં સફળ રહી. તેમણે પાકિસ્તાની ગાયક ગુલામ અલીના એક સંગીત કાર્યક્રમને પણ રદ કરાવ્યો હતો. એક પૂર્વ પાકિસ્તાની વિદેશમંત્રીના પુસ્તકનું વિમોચન પણ થવા દીધું નહોતું.

વિશ્લેષકોનું માનવું છે કે શિવસેના માટે તેનો આધાર મજબૂત કરવો અને એ વિશ્વાસ અપાવવો મુશ્કેલ હશે કે તેમાં હજુ પણ એ ઉગ્રતા છે, જેણે અતીતમાં લોકપ્રિયતા અપાવી હતી અને તેને લીધે પાર્ટીને બદનામીનો સામનો પણ કરવો પડ્યો હતો.


ઉદ્ધવ ઠાકરેનું જીવનચરિત્ર લખનારા મુંબઈના એક વરિષ્ઠ વિશ્લેષકનું કહેવું છે કે શિવસેના ગંભીર સંકટમાં છે અને તેના પ્રમુખને હવે પાર્ટીને નવેસરથી બનાવવાની જરૂર છે. તેઓ કહે છે, "શિવસેનાએ 1960ના દશકમાં મરાઠીઓના અસ્તિત્વ સંબંધી ચિંતાઓમાંથી જન્મ લીધો હતો, એ બાદમાં દક્ષિણપંથી હિંદુત્વ વિચારધારામાં ચાલી ગઈ, પરંતુ આજે તે ફરી વાર અસ્તિત્વ સંબંધી ચિંતાઓનો સામનો કરી રહી છે." તેમનું કહેવું છે કે, "શિવસેનાએ તેના ગ્રાસ રૂટ કાર્યકરો પાસે ફરી જવાની જરૂર છે. તેમણે કહ્યું કે "તેનાથી પાર્ટીને બીજી વાર ઊભી કરવામાં મદદ મળશે, પરંતુ તેમાં કેટલાંક વર્ષો જશે."

એકનાથ શિંદેએ ભાજપની સાથે મળીને સરકાર બનાવી લીધી છે, આથી હવે ઉદ્ધવ ઠાકરેના જૂથને રાજકીય ગુમનામીમાં થોડો સમય વિતાવવો પડશે. જો તેમના કાર્યકરો પણ વિદ્રોહીઓનું સમર્થન કરવા લાગશે તો ઉદ્ધવની મુશ્કેલી વધી જશે. હાલમાં એ સ્પષ્ટ નથી કે વિદ્રોહથી વાસ્તવિક સપાટી પર પાર્ટીને કેટલું નુકસાન થયું છે. પાર્ટીના સોલાપુર જિલ્લાના પ્રમુખ ગુરુશાંત ધત્તગાંવકર કહે છે કે, "પાર્ટીના કાર્યકરોની વફાદારી ઠાકરે પરિવાર સાથે છે, પણ તેઓ માને છે કે કેટલાક જિલ્લા અને કસબાઓમાં શિવસેનાના કાર્યકરોએ બળવાખોર નેતાઓ પ્રત્યે તેમની વફાદારી દર્શાવી છે."

ધારાસભ્ય રાહુલ પાટીલ એ કેટલાક ધારાસભ્યોમાંના એક છે જેઓ અત્યાર સુધી તેમના નેતા ઉદ્ધવ ઠાકરેને વફાદાર રહ્યા છે. તેમનું કહેવું છે કે, "કાર્યકરો હજુ પણ ઉદ્ધવ ઠાકરેને વફાદાર છે." તેઓ કહે છે, "શિવસેના એક વિચાર છે, એક આંદોલન છે, વિચારને કોઈ મારી ન શકે. અમે બાળાસાહેબનાં સંતાન છીએ. અમે મરતા સુધી તેમના વફાદાર રહીશું." ઠાકરે પરિવારને એ વાતથી રાહત મળી શકે છે કે પાર્ટી હંમેશાં ભૂતકાળમાં આવા ઝટકામાંથી બહાર આવવામાં સફળ રહી છે.

પાર્ટીના નેતા ગુરુશાંત ધત્તગાંવકર માને છે કે દરેક આંચકા પછી પાર્ટી વધુ મજબૂત બની છે, "અમે ભાજપ સાથે ગઠબંધનમાં સત્તામાં હતા", પરંતુ એ ભાગીદારી અને શક્તિ હવે રહી નથી. તેઓ માને છે કે શિવસેના સામે આ અત્યાર સુધીનો સૌથી મોટો પડકાર છે. તેઓ કહે છે, "જ્યારે તમે સત્તામાં હોવ છો ત્યારે અમે ગામડાં જે કામ કરીએ છીએ તેના માટે નિયમિતપણે ફંડ આવે છે, જો ધારાસભ્યો તમારી પાર્ટીના હોય તો ભંડોળ વધુ સરળતાથી મળી રહે છે, જો અમે કામ કરવામાં અસમર્થ છીએ તો અમે અમારા મતદારોને ગુમાવી દઈએ છીએ.

પરંતુ ધારાસભ્ય રાહુલ પાટીલને વિશ્વાસ છે કે આગામી અઢી વર્ષ બાદ થનારી વિધાનસભાની ચૂંટણીમાં મતદારો બળવાખોરોને સજા આપશે. તેઓ ઉમેરે છે, "મતદારો બળવાખોરોથી નારાજ છે, તેમને ચૂંટણીમાં પાઠ ભણાવવામાં આવશે." કેટલાક લોકો માને છે કે શિવસેનાની ઓળખ ઠાકરે પરિવાર સાથે જોડાયેલી છે અને તેનાથી પુનરાગમન કરવામાં મદદ મળશે. પલ્શિકર કહે છે કે ઠાકરે પરિવાર વિના પાર્ટીનું અસ્તિત્વ નથી. ઉદ્ધવ ઠાકરે અને તેમના પુત્ર આદિત્ય ઠાકરે બાલ ઠાકરેની વિરાસતના



### "મતદારો બળવાખોરોથી નારાજ છે, આગામી ચૂંટણીમાં સબક શીખવાડશે"

ઉત્તરાધિકારી છે. જાણકારોનું કહેવું છે કે, "તેમણે પાર્ટીના પુનઃનિર્માણ શરૂ કરવા માટે બાલ ઠાકરેની વિરાસત પર દાવો કરવા માટે બમણી મહેનત કરવી પડશે, અને એટલા માટે જ એકનાથ શિંદેના નેતૃત્વવાળા જૂથે વારંવાર બાલ ઠાકરેના નામના સોગંદ ખાધા છે." એકનાથ શિંદેએ જ્યારે મહારાષ્ટ્રના મુખ્ય મંત્રીપદના શપથ લીધા ત્યારે તેમણે બાલ ઠાકરે અને પોતાના રાજકીય ગુરુ આનંદ દીઘેનું સ્મરણ કર્યું હતું.

અત્યારે તો એવું લાગે છે કે ઉદ્ધવ ઠાકરેના વિરોધીઓએ તેમની પાસેથી તેમના પિતાનો વારસો છીનવી લીધો છે. સવાલ એ છે કે શું ઉદ્ધવ આગામી વિધાનસભા ચૂંટણી સુધી મજબૂત અને અસલી શિવસેના કહેવાને લાયક સ્થિતિમાં પરત ફરી શકશે.

---

અનુસંધાન પેજ 4 પરથી...

### વિચિત્ર...

સેકન્ડ પછી વાહન 14,000 મીટર (46,000 ફીટ)ની ઊંચાઈએ લિફ્ટઓફની માત્ર 73 સેકન્ડમાં જ એક વિસ્ફોટમાં ગાયબ થઈ ગયું... બચાવી લેવાયેલી ઓડિયો ટેપમાંથી બતાવ્યું કે બ્રેકઅપ પહેલાંની ક્ષણે સ્મિથે "ઉહ-ઓહ" કહ્યું, પરંતુ બીજું કંઈ સાંભળ્યું ન હતું. વિસ્ફોટ પછી એક કલાકથી વધુ સમય માટે એટલાન્ટિક મહાસાગરમાં કાટમાળનો વરસાદ થયો; શોધમાં ક્રૂના કોઈ સંકેત મળ્યા નહોતા.. શક્ય તેટલો કાટમાળ અને ક્રૂના મૃતદેહોને બહાર કાઢવા માટે સઘન બચાવ કામગીરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

રોજર્સ કમિશનનો અહેવાલ, 6 જૂન,1986ના રોજ તત્કાલિન રાષ્ટ્રપતિને વિતરિત કરવામાં આવ્યો હતો, જેમાં સમગ્ર રીતે નાસા અને તેના માર્શલ સ્પેસ ફ્લાઇટ સેન્ટર હન્ટ્સવિલે , અલાબામા, અને કોન્ટ્રાક્ટર મોર્ટન થિયોકોલ, ઈન્ક., ઓગડેન, ઉટાહમાં, ખાસ કરીને નબળા એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટ માટે દોષિત હતા. . માર્શલ શટલ બૂસ્ટર, એન્જિન અને ટાંકી માટે જવાબદાર હતા, જ્યારે મોર્ટન થિયોકોલે બૂસ્ટર મોટર્સનું નિર્માણ કર્યું અને કેપ કેનાવેરલ, ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરમાં તેને એસેમ્બલ કર્યું. પરંતુ સીલ માટે ઉપયોગમાં લેવાયેલી કેટલાક ડોલરની કિંમતની રબર્રની ઓ-રિંગની મજબૂતાઇ અને ઠંડા વાતાવરણની અસરની ચકાસણીમાં ઉદાસીનતા નાસાના ઈતિહાસમાં ચેલેન્જર એક મોટી દુર્ઘટના તરીકે નોંધાઇ ગઇ.

### એક ડોક્ટર....

કરું છું." "હું શાળાઓ અને કૉલેજમાં વિદ્યાર્થીઓને અંધશ્રદ્ધા વિરોધી લૅક્ચર આપુ છું. તેમજ વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવા અંગે સમજાવું છું." . એવું નથી કે તેમને માત્ર બહારના લોકોના વિરોધનો સામનો કરવો પડ્યો છે. શરૂઆતમાં તેમના પરિવારમાં દૂરના સંબંધીઓએ તેમનો બૉયકૉટ કર્યો હતો અને તેમની સાથે વાત કરવાનું પણ ટાળતા.
ડૉ સુજાત વલી ગોધરા લોક વિજ્ઞાન કેન્દ્રના પ્રેસિડેન્ટ છે, ગુજરાત-મુંબઈ રેશનાલિસ્ટ ઍસોસિએશન, ગોધરા ડિસ્ટ્રિક્ટ ચેસ એસોસિએશનના પ્રમુખ, ગોધરા સપ્તક સંસ્થાના પ્રેસિડેન્ટ તરીકે કાર્યરત છે સાથે તેઓ ગોધરા સ્વચ્છતા મિશનના બ્રાન્ડ ઍમ્બેસેડર પણ છે. કર્મશીલ મનીષી જાનીએ બીબીસી ગુજરાતીને જણાવ્યું કે, "ડૉ. સુજાત વલીનો પરિવાર રેશનાલિસ્ટ ઍક્ટિવિટી સાથે જોડાયેલો છે. ડૉક્ટર વલીની અંધશ્રદ્ધાના વિરોધ અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અંગેની પ્રવૃત્તિઓને કારણે તેમના પરિવારને પણ ખૂબ જ મુશ્કેલીઓ સહન કરવી પડી છે. સતત ભયના ઓથાર હેઠળ જીવવું પડ્યું છે.

### અંતિમ ઇચ્છા...

ગઈ. તેને પેટમાં પાણી ભરાવા લાગ્યું. જમવાનુ એકદમ ઓછું થઈ ગયું. લાચાર માવતર તેને ભાવનગર સરકારી હોસ્પિટલ લઈ ગયાં. ત્યાં બધી તપાસ કરતાં તેની કિડની પણ ફેલ હતી. તેને ડાયાલિસિસ કરાવવું પડ્યું. હોસ્પિટલના બેડમાં તે માંડ દેખાય એટલી હદે ગળી ગયો. તેની સેવા કરવા આવે તેવું બીજું કોઈ નહોતું. તેનાં મા બાપ દિવસ રાત તેની પાસે વારાફરતી બેસી રહેતાં. ને બેડની બાજુમા ગોદડું પાથરી સૂઈ રહેતાં. અને સદાવ્રત ચલાવતી સેવાભાવી સંસ્થાનાં ટિફિનમાં જમી લેતાં.

કેશુ આખો દિવસ પથારીમાં વલખાં માર્યાં કરતો ને ઘડીક થાય ત્યાં કહેતો, " મને દારૂ લાવી આપો. હવે હું નહિ જીવું. મને એકવાર પીય લેવાં દયો. નકર મારો જીવ અવગતીએ જાશે." બિચારા લાચાર માબાપ કેશુને ફોસલાવી, પંપાળી સુવરાવી દેતા. ને છાનાછાના આંસુ પાડી લેતાં. પોતાની નજર સામે પોતાનાં સંતાનને મોત તરફ જતો જોવો તેનાથી મોટી કમનસીબી બીજી કઈ હોય?

દીપાને આ વાતની ખબર પડી તે દવાખાને ખબર પૂછવા આવ્યો. તેને આવેલો જોઈ કેશુ ભાવુક થઈ ગયો. દીપો બેડ પાસે નાના ટેબલ પર બેસી ગયો. કેશુએ તેનો હાથ પકડી લીધો. ને આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં. કેશુના મા બાપ પણ ડૂસકાં ભરવા લાગ્યાં. વાતાવરણ ગમગીન થઈ ગયું. ઘડીક કોઈ કશું બોલ્યું નહિ.

" દીપા તું મારો લંગોટિયો ભાઈબંધ છો. તું તો મારી વાત માનીજા, મે પંદર દિવસથી દારૂ પીધો નથી. મારી નાડ્યું તૂટે છે. આમેય હું હવે જીવવાનો નથી. તું મને દારૂ લાવી દે. મારું મોત સુધારી દે!!" આમ કહી કેશુએ દીપાનો હાથ જોરથી દબાવી નાના છોકરાની માફક જોર જોરથી રડવા લાગ્યો.

દીપો તેને કહેવા લાગ્યો, " ભલા માણસ, અહિ દવાખાને દારૂ ક્યાંથી લાવવો? અહીં કોઈ તને દારૂ ન પીવા દે!!ને મે તને દારૂ છોડવા કેટલો સમજાવ્યો હતો? તે જાતે તારી જિંદગી ખરાબ કરી છે."

" મારે તારી સલાહની જરૂર નથી. તું મને દારૂ લાવી દે. આજે તો હું મરી જ જવાનો છું. ભાઈબંધ મે તારા કેટલાંય કામ કર્યા છે. તું મારું આટલું કામ નહિ કરે? તને ભાઈબંધીનાં હમ છે." આમ કહી કેશુ ફરી ધ્રુસકેને ધ્રુસકે રડી પડ્યો.

દીપો તેની સામે ઘડીક તાકી રહ્યો. પછી ઉભો થઈ ચાલવા લાગ્યો. હોસ્પિટલની બહાર જઈ રિક્ષા કરી કાડોડિયા વાસમાં જઈ દેશી દારૂની કોથળી લઈ આવ્યો. પાછો આવી હોસ્પિટલની બહાર લારીમાંથી એક લીલું ત્રોફુ લીધુંને તેમાંથી પાણી પી ગયો.એક ખૂણામાં જઈ ખાલી ત્રોફામાં દારૂની કોથળી ઠાલવી દીધી. ત્રોફાને એક પારદર્શક બેગમાં સીધું ગોઠવી બિંદાસ રીતે હોસ્પિટલમાં આવી ગયો. કેશુનાં બેડ પાસે આવી તેણે ધીમે રહી આ ત્રોફૂ તેનાં હાથમાં પકડાવીને પીવા માટે સ્ટ્રો આપી.

કેશુ ખીજાણો, " અલ્યા, મારે હવે મરવા ટાણે નાળિયેર પાણી નથી પીવું. તારે પાવો જ હોય તો દારૂ પા." એમ કહી કેશુ ત્રોફુ ફેંકવા જતો ત્યાં દીપાએ તેને પકડી લીધો, ને સામે જોઈ આંખ મિચકારી. ભાઈબંધનો આટલો ઈશારો તો કાફી હોય. કેશુ સમજી ગયો.

સ્ટ્રોમાંથી ચૂસકી ભરતાંની સાથે જ તે અલગ દુનિયામાં પહોંચી ગયો. ધીમે ધીમે જેમ દારૂ તેનાં શરીરમાં જવાં લાગ્યો તેમ તે શાંત થવાં લાગ્યો. છેલ્લી બુંદ સૂધી તેણે દારૂ ખેચી લીધો. પછી કંઈ પણ બોલ્યા વગર દીપાનો હાથ પકડી શાંત થઈ પથારીમાં સૂઈ ગયો. તેની આંખો ધીમે ધીમે વિંચાવા લાગી. શરીર ઢીલું થવાં લાગ્યું. તે ગાઢ નિંદ્રામાં પોઢવા લાગ્યો. એકાદ કલાક થઈ હશે. દીપો હજી પથારી પાસે જ બેઠો હતો. કેશુએ દીપાનો હાથ પોતાનાં હાથમાં દબાવી રાખ્યો હતો. કેશુનાં હાથની પક્કડ અચાનક ઢીલી પડી ગઈ. આંખો સ્થિર થઈ ગઈ. એટલાંમાં ડોક્ટર રાઉન્ડ પર નિકળ્યા તેણે કેશુને તપાસ્યો. તે ગંભીર મોઢું કરી બોલ્યા, " દર્દીએ દેહ છોડી દીધો છે."

કેશુનાં માવતરનું આક્રંદ સંભળાય રહ્યું હતું. દીપો કેશુનાં માવતરને સંભાળી રહ્યો હતો. કેશુના મૃત શરીરના મોં પર એક આછું સ્મિત દેખાઈ રહ્યું હતું હોસ્પિટલની હવા જાણે થંભી ગઈ હોય તેવું લાગતું હતું.

(સત્ય ઘટના પર આધારિત)
(કાનુની સૂચનાઃ દારૂ પીવો કે પાવો કાનુની ગુન્હો બને છે. અને સ્વાસ્થ્ય માટે હાની કારક છે.)

---

# અવાજના માધ્યમથી પણ થઈ શકે છે સાયબર હુમલા

ગુજરાત | વંદન



તેજ દફતરી
(સાયબર અને ડિજિટલ ફોરેન્સિક્સ એક્સપર્ટ)

ગયા લેખમાં આપણે જોયું કે કેવી રીતે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કેટલો જોખમી છે અને તે કેવી રીતે સાયબરની લડાઈ શરુ કરી શકે છે. હવે આપણે આ લેખમાં જોઈશું કે કેવી રીતે એક સિગ્નલ ના મોજા (Waves) દ્વારા તમારા વોઈસ આસીસ્ટન્ટ ડિવાઈસને સાંભળી શકાય છે.

સંશોધનકારોએ ભોગ બનેલા લોકોની જાણકારી વિના અશ્રાવ્ય અવાજનાં આદેશોની સાથે વાતચીત કરવા અને તેમની સાથે સમાધાન કરવા માટે નક્કર પદાર્થો દ્વારા અલ્ટ્રાસોનિક તરંગો ફેલાવીને અવાજ-નિયંત્રિત ઉપકરણોને લક્ષ્ય બનાવવાની નવી રીત શોધી કાઢી છે.

આ અટેકનું નામ છે "સર્ફિંગ અટેક" આ એક એવા પ્રકારનો અટેક છે જેમાં ધ્વનિશાસ્ત્રના ઉપયોગ દ્વારા બીજા સોલિડ પદાર્થોમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. જેમકે એક પ્રકારનું માળખું.



તે મલ્ટિપલ રાઉન્ડ્સ ઓફ ઈન્ટરકશન્સને વોઈસ-કોન્ટ્રોલડ સાધન દ્વારા સાયબર હુમલાખોરને તે મદદ કરે છે.

આમ કરવાથી, કોઈ પણ હુમલાખોર દ્વારા વોઈસ સહાયકોનો ઉપયોગ કરીને કોઈપણ ઈન્ટરનેટ દ્વારા ચાલતા ઉપકરણો સાથે સંપર્ક કરવો, એસએમએસ ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન કોડને હાઈજેક કરવો અને કપટપૂર્ણ કોલ્સ પણ કરવો શક્ય બની જાય છે, તમામ સંશોધનકારોએ જણાવેલ છે કે, આમ પીડિત ડિવાઈસને અસ્પષ્ટરૂપે નિયંત્રિત કરી શકાય છે.

હવે આપણે જોઈશું કે કેવી રીતે આ સર્ફિંગ અટેક કામ કરે છે. MEMS (MIcro ElectroMechnical Systems) જે મોટાભાગના વોઈસ સહાયક નિયંત્રિત ઉપકરણોમાં પ્રમાણભૂત હોય છે, તેમાં એક નાની, બિલ્ટ-ઈન પ્લેટ હોય છે જેને ડાયાફ્રેમ કહેવામાં આવે છે, જે અવાજ અથવા પ્રકાશ તરંગો સાથે ઉપયોગ કરવામાં આવે છે, જેને તે ઈલેક્ટ્રિકલ સિગ્નલમાં રૂપાંતરિત કરવામાં આવે છે જે પછી વાસ્તવિક આદેશોમાં ડીકોડ કરવામાં આવે છે.

ભોગ બનનારના હુમલાને છુપાવવા માટે, સંશોધનકારોએ વોઈસ જવાબોને નોંધપાત્ર ન કરી શકાય તેટલા ઓછા ઉપકરણની માત્રાને ભેગી કરવા માટે માર્ગદર્શિત અલ્ટ્રાસોનિક તરંગોનો ઉપયોગ કર્યો, જે કોઈપણ છુપાયેલા ટેપીંગ ડિવાઈસ દ્વારા સહાયકના વોઈસના જવાબોને રેકોર્ડ કરવામાં સક્ષમ છે.

એક વાર આ વોઈસ આસીસટન્ટ લોડ થઈ જાય પછી તે ફક્ત વોઈસ કંમાન્ડને જ નહિ પરંતુ બીજા બધા ઘણા બધા કંમાન્ડને સ્વીકારે છે. અને આ કંમાન્ડ TTS(Text to Speech) ના સ્વરૂપમાં હોય છે અને આજ ફોર્મમાં ટ્રાન્સમિટ થાય છે. આ કંમાન્ડ અલ્ટ્રાસોનિક કિરણો દ્વારા આગળ વધે છે, અને આ કિરણો આગળ જઈને હુમલાખોરોને તમામ ઉપકરણો ઉપરનો કંટ્રોલ આપી દે છે.

જ્યારે હજી સુધી એવા કોઈ સંકેતો નથી કે તેનું આટલું બધું દૂષિત રીત દ્વારા શોષણ કરવામાં આવ્યું હોય, પરંતુ આ પ્રકારના ઈન્જેક્શનના હુમલાનો પર્દાફાશ થયો હોય તેવું પહેલીવાર બન્યું નથી. હાલના રિસર્ચ સ્ટડીમાં આવા બીજા ઘણા બધા હુમલા સામે આવ્યા છે તેમના નામ આ મુજબ છે Backdoor, Lipread, અને Dophinattack. આ હુમલાઓ આપને બતાવે છે કે અલ્ટ્રાસાઉન્ડ સિગ્નલો દ્વારા સિસ્ટમમાં અશ્રાવ્ય આદેશો પહોંચાડવા માટે માઈક્રોફોન્સમાં ઓનલાઈનરીનું શોષણ કરવું શક્ય છે.

જ્યારે આ હુમલાને ધ્યાનમાં લેતા લક્ષ્ય ઉપકરણની સીધી દૃષ્ટિએ લેઝર બીમ હોવું જરૂરી હતું, જ્યારે સર્ફિંગ અટેક અન્ય પ્રસાર ક્ષમતાઓની જરૂરિયાતને દૂર કરે છે, ત્યાં સંભવિત હુમલાખોરને વોઈસ-સક્રિયકૃત ઉપકરણ સાથે દૂરસ્થ સંપર્કવ્યવહાર કરવાની અને સંવેદનશીલતાને એક્સેસ કરવા માટે અનધિકૃત આદેશો ચલાવવાની મંજૂરી આપવામાં આવે છે. પીડિતની જાણકારી વિના આ માહિતી લેવામાં આવે છે.

આ પ્રકારના હુમલા સામે લેખક આપને રક્ષણ આપવા સક્ષમ છે.(શરતોને આધીન)

---

અનુસંધાન પેજ 12 પરથી...

### આવ રે વરસાદ...

તો પડકાર ફેંક્યો-મારી સરકાર ઉથલાવી તો બતાવો..જુઓ પછી હું શું કરૂ છુ..! કેસીઆરને ખબર પણ નહીં પડે અને જે પાર્ટીના ધારાસભ્યોને કોઇ તોડી ના શકે કોઇ ફોડી ના શકે એવી શિવસેનામાંથી બાલપુત્ર ઉદ્ધવ ઠાકરેની સાથે દગો કરીને 49 ધારાસભ્યો વાયા સુરત ગૌહાટી પહોંચી ગયા તેમ તેમની પાર્ટી ટીઆરસીના કેટલાય ધારાસભ્યો તેમને દગો આપીને ક્યારે સુરત પહોંચી જશે ખબર પણ નહીં પડે...!બંગાળમાં પણ એવુ થઇ શકે. મમતાદીદી ભલે કેન્દ્ર સરકાર સામે ગરજે પણ સુવેન્દુ અધિકારીની જેમ તેના પણ ધારાસભ્યો પતલી ગલી સે નિકળી જશે અને દીદી બુમો પાડ્યા કરશે ત્યાં તો કોલકાતામાં ભાજપની નવી સરકાર રચાઇ રહી હશે. વણલેખ્યો પડકાર છે-જ્યાં જીતતા નથી ત્યાં તો ડેફીનેટલી સરકાર બનાવે છે..!

### આ તામિલનાડુને શું થઇ ગયું.. ભારતથી અલગ થવાની ધમકી..?! એલટીટીઇ જાગ્યું..?

તામિલનાડુમાં કોઇ ખાલિસ્તાની વાઇરસ પહોંચી ગયો લાગે મછે. નહીંતર અત્યાર સુધી અલગ તામિલની માંગણી નહીં કરનાર તામિલનાડુના વર્તમાન સત્તાપક્ષ ડીએમકેના એ. રાજાએ સીએમ સ્ટાલિનની હાજરીમાં ભારત સરકારને ધમકી આપી-અમને સ્વાયત્તા આપો નહીંતર ભારતમાંથી છૂટ્ટા અને તમારી સાથે કિટ્ટા..!ઉત્તર ભારતમાં ખાલિસ્તાનનો મુદ્દો હચમચી રહ્યો છે. આપ પાર્ટીની સરકારપંજાબમાં આવ્યાં બાદ ખાલિસ્તાનીઓ ખુલીને બહાર આવ્યાં તેમ તામિલનાડુમાં એ. રાજા ખુલીને બહાર આવ્યાં. ઓળખ્યો આ એ. રાજાને...? ટુજી સ્પેક્ટ્રમ કૌભાંડનો મુખ્ય આરોપી અને મનમોહનસિંગની સરકારમાં ટેલિકોમ મીનીસ્ટર. બે લાખ કરોડના ટુજી સ્પેક્ટ્રમ કૌભાંડમાંથી એ. રાજા અને ડીએમકે પક્ષની મહિલા સાંસદ કનિમોઝી બાઇજ્જત બરી કેમ થઇ ગયા..તેમાં કોઇ પડ્યા નથી. પણ એ. રાજા ભારત સરકારની સામે વિદ્રોહના સૂર વહેતા કરી રહ્યાં છે ત્યારે ટુજીનો કેસ ફરી બોર્ડ પર લેવાય તો નવાઇ નહીં... રાષ્ટ્રીય સ્તરે કોઇ વાદ-વિવાદમાં નહીં પડનાર તામિલનાડુએ ભારતથી અલગ થઇને અલગ દેશ બનવાની માંગણીમાં ક્યાંક એલટીટીઇની બૂ તો નથી ને..? આ એ જ એલટીટીઇ છે કે જેમણે ખોબા જેવટા શ્રીલંકામાં તામિલો માટે અલગ દેશ બનાવવાની માંગણી કરીને કેટલાય નિર્દોષ તમિલોને મરાવી નાંખ્યા અને રાજીવ ગાંધીની હત્યામાં પણ એલટીટીઇનો જ હાથ હતો એ સંગઠન આળસ મરડીને જાગૃત થઇ રહ્યું છે..? ઉત્તર ભારતમાં ખાલિસ્તાન અને દક્ષિણ ભારતમાં તામિલસ્તાન...? પ્ર.ધ.

### કેજરીવાલનું મફત..

તે દિલ્હીની આમ આદમી પાર્ટી પણ બાકાત રહી નથી.ગુજરાતમાં બે દિવસથી લોકોને સંબોધનાર આપ પાર્ટીના સંયોજક અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે મોંઘી વીજળીના બિલો ભરતનાર અમદાવાદમાં લોકો સાથે વીજળી મુદ્દે સંવાદ કર્યો. વીજળી મુદ્દે મુશ્કેલી વેઠી રહેલા લોકોના પ્રશ્નઓ સાંભળ્યા. ત્યારબાદ લોકોને સંબોધતા કેજરીવાલએ ગુજરાતમાં પણ વીજળી મફત મળી શકે અને હું તેનું સમાધાન લઈ ફરી ગુજરાત આવવાની જાહેરાત કરી છે. તેમણે હવે દર અઠવાડિયે ગુજરાત આવી અલગ અલગ મુદ્દાઓ પર સંવાદ કરવાની જાહેરાત પણ કરી છે.

### બિલ સુધારવા...

પરિણામે વસાહતીઓમાં આક્રોશની લાગણી પ્રવર્તી રહી છે. ખોટા નામે આવેલા બિલને સુધારવા જતા, મહાનગરપાલિકાના તંત્ર દ્વારા નિયત થયેલી ફી ની રકમ ભરવા માટે જણાવવામાં આવે છે. જ્યારે બિલ આપવામાં આવ્યું હોય ત્યારે કોઈ પણ પ્રકારની પૂછપરછ કે ડોક્યુમેન્ટ માગ્યા વગર મનઘડંત નામ વિચારીને બિલ આપી દેવામાં આવે છે. જ્યારે નામ સુધારવા માટે મિલકતધારક જાય ત્યારે તંત્ર દ્વારા જણાવવામાં આવે છે કે, હવે નામ સુધારવા માટે અરજી આપો અને ૫૦ રૂપિયા ભરો. પાડાને વાંકે પખાલીને ડામ આપવાની તંત્રની આ નીતિ સામે વસાહતીઓમાં ભારે રોષની લાગણી પેદા થવા પામે છે.

---

અનુસંધાન પેજ 1 પરથી...

### ઝી ટીવીની ધોળે...

છે કે અમે ઝી ટીવીને માફી માંગવા કહ્યું, ખુલાસો કરવા કહ્યું અને ભૂલ થઇ ગઇ એવો લૂલો બચાવ કર્યો છે. પણ અમે જાણીએ છીએ કે ઝીટીવી કોના ઈશારે આવુ કરી રહી છે. કેટલાક ટીવી ચેનલો દ્વારા પાયાવિહોણી બાબતો ચલાવીને કોંગ્રેસને બદનામ કરાતુ હતું પણ ઝીટીવીની ચોરી પકડાઇ જતાં અમે તેને એક દાખલારૂપ કિસ્સા તરીકે લઇને છોડવાના નથી. આખા દેશમાં ઝીની સામે 6 પોલીસ કેસો નોંધવમાં આવ્યાં છે.

### નુપૂર શર્માની...

થયા બાદ પણ પોલીસે કોઈ કાર્યવાહી કરી નથી. આ અરજીમાં પોલીસ પાસે આ મામલે નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસની માંગ કરવામાં આવી છે. આ સિવાય આ અરજીમાં નફરત ફેલાવવાના કેસમાં તહસીન પૂનાવાલાના નિર્ણયને લાગુ કરવાની માંગ કરવામાં આવી છે.અગાઉ મંગળવારે, તેણે ભૂતપૂર્વ ન્યાયાધીશો અને અમલદારો નુપૂર શર્મા વિરુદ્ધ સુપ્રીમ કોર્ટના તાજેતરના અવલોકનોની નિંદા કરી હતી અને આરોપ મૂક્યો હતો કે સુપ્રીમ કોર્ટે આ મામલે "લક્ષ્મણ રેખા" ને પાર કરી છે. 15 ભૂતપૂર્વ ન્યાયાધીશો, 77 ભૂતપૂર્વ અખિલ ભારતીય સેવા અધિકારીઓ અને 25 અન્ય લોકોએ કહ્યું કે, ન્યાયતંત્રના ઈતિહાસમાં, આ કમનસીબ ટિપ્પણીઓ અસંગત છે. આ બાબતે, તાત્કાલિક સુધારાત્મક પગલાં માટે કહેવામાં આવે છે. આના જવાબમાં વકીલોના સંગઠન ઓલ ઈન્ડિયા બાર એસોસિએશને નુપુર શર્મા પર સુપ્રીમ કોર્ટની તાજેતરની ટિપ્પણીને સમર્થન આપતા ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાને પત્ર લખ્યો છે. એસોસિયેશનના અધ્યક્ષ આદિશ અગ્રવાલાએ પત્ર લખીને કહ્યું છે કે સુપ્રીમ કોર્ટની ટિપ્પણી વિરુદ્ધ જે પણ અરજી દાખલ કરવામાં આવી રહી છે, તેને ફગાવી દેવી જોઈએ.

### LPG ગેસ..

નોંધાયો છે. જરૂરી ચીજોના ભાવમાં પણ વધારો થયો છે. અને ખાદ્ય તેલની કિંમત પણ આસમાને પહોંચી છે ત્યારે ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો થતાં ગૃહિણીનું બજેટ ખોરવાયુ છે. ઓઇલ કંપનીઓએ 5 કિ.ગ્રા.ના ઘરેલુ બાટલામાં પણ 18 રૂપિયાનો વધારો કર્યો છે. જો કે 19 કિલોના વાણિજય બાટલાના ભા4વમાં 8.50નો ઘટાડો કર્યો છે. અગાઉ હોટેલ રેસ્ટોરેન્ટ અને અન્ય વ્યવસાયિક સંસ્થાઓ દ્વારા ઉપયોગમાં લેવાતા કોમર્શિયલ એલપીજીના ભાવમાં નરમાઇના આંતરરાષ્ટ્રીય દરોને અનુરૂપ 19 કિલોના બાટલાના ભાવમાં 198નો ઘટાડો કરાયો હતો. આ અગાઉ 7 મેના રોજ બાટલાના ભાવમાં વધારો કરાયો હતો.

દરમ્યાનમાં, આંતરરાષ્ટ્રીય બજારમાં બુધવારે તેલના ભાવમાં લગભગ 3 ટકાનો વધારો થયો હતો. કેમ કે રોકાણકારો અગાઉના સેશનમાં બજારમાં પછડાટ ખાધા બાદ ફરી બજારમાં પરત ફર્યા હતા. વૈશ્વિક સ્તરની ચિંતાઓ હોવા છતાં પુરવઠાની ચિંતાઓ મોખરે આવી છે અને મંદી લંબાય છે.બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર મંગળવારના રોજ 9.5 ટકા ઘટ્યા પછી પ્રારંભિક વેપારમાં 3.08 ડોલર અછવા 2.9 ટકા જેટલો વધીને 105.85 ડોલર પ્રતિ બેરલ થયો હતો., જે માર્ચ પછીનો સૌથી મોટો દૈનિક ઘટાડો હતો. છેલ્લે 92 સેન્ટ્સ અછવા 0.9 ટકા વધીને 0243 જીએમટી પર પ્રતિ બેરલ 103.69 ડોલર હતો.પ્રારંભિક ઉદ્યોગ ડેટા દર્શાવે છે કે ખેતીની સિઝનની શરૂઆત, ઉનાળાના વેકેશનમાં ટુર-ટ્રાવેલ્સ અને આર્થિક પ્રવૃતિઓમાં એકંદરે તેજીને પગલે જૂનમાં ભારતમાં પેટ્રોલ અને ડિઝલના વેચાણમાં વધારો નોંધાયો હતો.

ડિઝલનું વેચાણ કે જે સૌથી વધુ વપરાશવાળું ઈંધણ છે તેનુ વેચાણ જૂનમાં વાર્ષિક ધોરણે 35.2 ટકા વધીને 7.38 મિલિયન ટન થયું હતું. જે 2019ના મહામારી પહેલાના વેચાણ કરતાં 10.5 ટકા વધારે હતું. અને જૂન 2020 કરતાં 33.3 ટકા વધારે હતું. આ વર્ષે મે દરમ્યાન થયેલા 6.7 મિલિયન ટન વપરાશ કરતાં તે 11.5 ટકા વધારે છે.સરકારી માલિકીના ઈંધણ રિટેલર્સ દ્વારા, કે જે બજારના આશરે 90 ટકાને નિયંત્રિત કરે છે, તેના દ્વારા જૂનમાં પેટ્રોલનું વેચાણ ગયા વર્ષના સમાન સમયગાળા કરતાં 29 ટકા વધારે હતું.

# JSW સ્ટીલ ગ્રુપ રૂ. 10000 કરોડના ખર્ચે રિન્યુઅબલ એનર્જીના પ્રોજેક્ટો સ્થાપશે



ગુજરાત | વંદન

જે.એસ.ડબલ્યુ સ્ટીલ નામની શ્રી સજ્જન જિંદાલની કંપની દ્વારા દેશમાં વિજળી શક્તિના સર્જન માટે કાર્બનનું પ્રદુષણ અટકાવવા મહત્વપુર્ણ કાર્યક્રમ હાથ ધરાઈ રહ્યો છે. આ કંપની 10000 કરોડના ખર્ચે જે.એસ.ડબલ્યુ સ્ટીલના પ્લાન્ટોથી વિજળીનું સર્જન કરવાના પ્લાન્ટો હાથ ધરી રહી છે, જે કોલસા આધારિત પાવર પ્લાન્ટો દ્વારા કરાતા કાર્બન ડાયોક્સાઈડના પ્રદુષણને અટકાવવાનો સારો વિકલ્પ પુરો પાડશે.

સામાન્યતઃ દેશના વિવિધ સ્ટીલ પ્લાન્ટો થર્મલ પાવરમાં કોલસાનો ઉપયોગ કરે છે. હવે તેને બદલે ન્યુઅબલ ગ્રીન એનર્જીનો વિકલ્પ પુરો પાડવા માટે કાર્યક્રમ હાથ ધરાઈ રહ્યો છે. કંપનીના ચેરમેન શ્રી સજ્જન જિંદાલ દ્વારા સરકાર સાથે આ સંબંધમાં વાટાઘાટો હાથ ધરાઈ છે. સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝના અહેવાલ મુજબ આયર્ન સ્ટીલનો ઉપયોગ 12 ટકા જેટલો કાર્બન ડાયોક્સાઈડ કોલસાનો ઉપયોગથી કરે છે. પાવર પ્લાન્ટોથીથતું પ્રદુષણ રોકવા માટે અને સસ્તા દરે વિજળી શક્તિ ઉત્પન્ન કરવા માટે સોલાર એનર્જીના પ્લાન્ટો એક સારો વિકલ્પ છે.

જે.એસ.ટી. સ્ટીલ દ્વારા વર્ષ 2022 માં 1 ગીગા વોટ રીન્યુએબલ એનર્જી માટે કોન્ટ્રાક્ટ કરેલ છે. જેમાંથી 225 મેગા વોટ એનર્જીનં સર્નજ થઈ રહ્યો છે. મળતી માહિતી મુજબ વિજયનગરના પ્લાન્ટન્ સક્ષણતા 12 ટનથી વધારીને 19.5 મીલિયન ટન કરવાનો હાથ ધરાઈ રહ્યો છે. તેની પાછળનું મુડી ખર્ચ (એપેક્ષ) વિશ્વમાં સૌથી ઔછો રહેશે.

કંપની સ્ટીલ વેલ્યુએડેડ અને સ્ટીલ પ્રોજટ્કનું ઉત્પાદન કરશે તેના કુલ ઉત્પાદનમાં 50 ટકાનો હિસ્સો રહેશે. કંપની કોલસા આધારિત થર્મલ પાવરને બદલને રિન્યુએબલ એનર્જીના પ્રોજેક્ટ 2030 સુધીમાં સ્થાપીને 42 ટકા કાર્બન ડાયોક્સાઈડનું પ્રદુષણ ઘટાડી શકશે.

## બજારોનાં અંતરંગ

### ડી-માર્ટ રીટેઈલ કંપનીની અફલાતુન કામગીરીઃ ઝડપથી વિક્સતો વેપાર

એવન્યુ સુપર માર્કેટ લિમીટેડ કે જે ડી-માર્ટ રીટેઈલની કંપની છે. તેની વ્યવસાયિક કામગીરી બજાવે છે. આ કંપનીએ 22-23 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ઉત્સાહભેર કામગીરી હાંસલ કરી છે. તેની રેવન્યુ (આવક)9806.89 કરોડની સપાટીએ પહોંચી છે. આગલા વર્ષ એટલે કે એપ્રિલ -જુનના ડી-માર્ટ રીટેઈલની સપાટી 531.75 કરોડની હતી. આ કંપની 294 સ્ટોર ધરાવે છે. કંપનીની માલીકી શ્રી રાધાકિશન દામાણી અને તેમના કુટુંબીઓની છે. આ કંપનીના સ્ટોર્સ મહારાષ્ટ્ર, ગુજરાત, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, કર્ણટક, તેલંગાણા, છત્તીસગઢ, એન.સીઆર., તામિલનાડુ, રાજસ્થાન, પંજાબ ખાતે આવેલા છે.

### રિન્યુઅબલ કાર્બન ડાયોક્સાઈડને રોકવા NTPCની મહત્વની કામગીરી

નેશનલ થર્મલ પાવર લિમિટેડ એનટીપીસી દ્વારા પ્રમોટ કરાયેલી એનટીપીસીલિ. દ્વારા રાજસ્થાન સરકાર સાથે તાજેતરમાં એમ.ઓ.યુ. ઉપર સહી સિક્કા કર્યા છે. આ રિન્યુઅબલ એનર્જી 10 ગીગા વોટ અલ્ટ્રા મેગા રિઅન્યુઅલ એનર્જી પાવર પાર્ક સ્થાપવામાં આવશે. એનટીપીસી 60 ગીગા રીન્યુઅલ એનર્જીના પાવર જનરેટીંગ પ્લાન્ટોની ક્ષમતા ધરાવે છે. તેની પાસે 22 જેટલા પ્રોજેક્ટો છે. આ ઉપરાંત કચ્છના રણમાં વિસ્તારમાં 4.75 ગીગા વોટની ક્ષમતાનો સોલાર એનર્જી પ્લાન્ટ સ્થાપવાની કામગીરી પણ હાથ ધરનાર છે.

### રિલાયન્સ રિટેલ બિઝનેસ સુશ્રી ઈશા અંબાણીને હસ્તક

મુકેશ અંબાણીની દીકરી ઈશા અંબાણીને રિટેલની કમાન સોંપવામાં આવશે. તે રિટેલ બિઝનેસની ચેરમેન બનશે. અમુક મીડિયા રિપોર્ટમાં આ પ્રમાણેનો દાવો કરવામાં આવ્યો છે. બે દિવસ પહેલાં 27 જૂને જિયોની બોર્ડ મીટિંગમાં આકાશ અંબાણીની જિયો ઈન્ફોકોમ લિમિટેડના બોર્ડ ચેરમેન તરીકે નિમણૂક કરી છે. આ પ્રમાણેની નિમણૂકથી હવે સ્પષ્ટ લાગી રહ્યું છે કે મુકેશ અંબાણીએ તેમનું સામ્રાજ્ય આગામી પેઢીને સોંપવાનો પ્લાન તૈયાર કરી દીધો છે.

### 100 વર્ષ જૂની સહકારી બેન્કને પ્રાપ્ત થયેલો એવોર્ડ

એસવીસી કો-ઓપરેટિવ બેંક લિમિટેડને દિલ્હીના વિજ્ઞાન ભવનમાં નેશનલ ફેડરેશન ઓફ અર્બન કોઓપરેટિવ બેંક્સ એન્ડ ક્રેડિટ સોસાયટીઝ લિમિટેડ (NAFCUB) કોન્ક્લેવમાં સહકાર મંત્રી અમિત શાહના હસ્તે રાજ્ય કક્ષાના કેન્દ્રીય સહકાર મંત્રીબી એલ વર્માની ઉપસ્થિતિમાં સહકારી બેંકિંગ ક્ષેત્રમાં 100થી વધુ વર્ષની કટિબદ્ધ સેવાઓ બદલ એવોર્ડ એનાયત થયો હતો. આ કોન્ક્લેવમાં ભારત સરકાર, સહકારી બેંકો, ક્રેડિટ સોસાયટીઓ અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના આગેવાનોની ભાગીદારી જોવા મળી હતી. આ કોન્ક્લેવમાં શહેરી સહકારી ધિરાણ ક્ષેત્રની ભવિષ્યની ભૂમિકા પર સેમિનારો અને પેનલ ચર્ચાઓનું આયોજન થયું હતું. એસવીસી બેંકના ચેરમેન દુર્ગેશ ચંદાવરકર અને વાઈસ ચેરમેન ઉદયકુમાર ગુરકરે એવોર્ડ સ્વીકાર્યો હતો.

### ફર્નિચર કંપની પેપરફ્રાય રૂ. 2000 કરોડના આઈપીઓ લાવશે

ઓનલાઈન અને ઓફલાઈન ફર્નિચર અને હોમ ગુડ્સનું વેચાણ કરતી કંપની પેપરફ્રાયે રૂ.2000 કરોડથી વધુના આઈપીઓની યોજના હાથ ધરી છે. કંપનીએ આ માટે મર્ચન્ટ બેન્કર્સની નિમણૂક કરી છે અને આઈપીઓમાં ઓફર ફોર સેલ અને ફ્રેશ ઈસ્યૂ રહેશે એમ કંપનીના ફાઉન્ડર અને સીઈઓ અંબરિષ મુર્તિએ જણાવીને ઉમેર્યું હતું કે, કંપની છેલ્લા પાંચ- છ વર્ષથી 40% ગ્રોથ કરી રહી છે. કંપની દ્વારા કરવામાં આવનારા ભરણું કેટલાક પીઈ ફંડ અને ઈન્વેસ્ટમેન્ટ કંપનીઓને એક્ઝિટ આપવા માટે કરવામાં આવશે. અત્યાર સુધી કંપનીએ વિવિધ રોકાણકારો પાસેથી 24 કરોડ ડોલર ઊભા કર્યા છે, જેનું નેટવર્ક વિસ્તરણ, લોજીસ્ટીક સપોર્ટ ઊભો કરવા પાછળ રોકાણ કરાયું છે. પેપરફ્રાયે મે 2017માં અમદાવાદમાં તેનો પ્રથમ સ્ટુડિયો લોંચ કર્યો હતો. હાલમાં પેપરફ્રાય અમદાવાદમાં ચાર અને ગાંધીનગરમાં એક સ્ટુડિયો ધરાવે છે.


## એક દિવસની મંદી પછી ઉછાળા સાથે શેરબજાર બંધ થયું

# સેન્સેક્સ 600 પોઇન્ટ ઉંચકાયો

ગુજરાત | વંદન

સપ્તાહના ત્રીજા દિવસે બુધવારે ભારતીય શેરબજાર ઉછાળા સાથે બંધ થયું હતું. બપોરે 3.30 વાગ્યે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ 616.62 પોઈન્ટ (1.16 ટકા)ના ઉછાળા સાથે 53,750.97ના સ્તર પર બંધ થયો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી 178.95 પોઈન્ટ (1.13 ટકા)ના વધારા સાથે 15,989.80ના સ્તર પર બંધ થયું હતું. આ સાથે જ શેરબજારે એક દિવસની મંદીનો સામનો કર્યા પછી ફરી એક વાર તેજીનો સ્વાદ ચાખ્યો હતો. જ્યારે સેન્સેક્સ ફરી એક વાર 54,000 અને નિફ્ટી 16,000ની નજીક પહોંચી ગયો છે.

સ્મોલકેપ અને મિડકેપ શેરોમાં નબળાઈ જોવા મળી. બીએસઈના મિડકેપ ઈન્ડેક્સ 1.76 ટકા વધીને 22,346.06 ના સ્તર પર બંધ થયા છે. જ્યારે બીએસઈના સ્મૉલકેપ ઈન્ડેક્સ 0.94 ટકા વધારાની સાથે 25,239.68 પર બંધ થયા છે. બેન્કિંગ, ઑટો, ફાઈનાન્શિયલ સર્વિસ, એફએમસીજી, આઈટી, મેટલ, ફાર્મા, પીએસયુ બેન્ક, પ્રાઈવેટ બેન્ક, રિયલ્ટી, હેલ્થકેર અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોમાં 0.03-2.64 ટકાનો વધારો જોવા મળી છે. બેન્ક નિફ્ટી 1.50 ટકાના વધારાની સાથે 34,324.25 ના સ્તર પર બંધ થયા છે. જ્યારે ઑયલ એન્ડ ગેસ શેરોમાં ઘટાડો જોવા મળ્યો. મિડકેપ શેરોમાં કંસાઈ નેરોલેક, એબીબી ઈન્ડિયા, ઈમામી, હનીવેલ ઓટોમોટિવ અને રેમ્કો સિમેન્ટ્સ 4.58-7.75 ટકા સુધી વધીને બંધ થયા છે. જો કે મિડકેપ શેરોમાં ઑયલ ઈન્ડિયા, ગ્લેક્સોસ્મિથ, પીએન્ડજી, અજંતા ફાર્મા અને બેયર કૉર્પસાઈન્સ 2.01-8.97 ટકા સુધી ઘટીને બંધ થયા છે. સ્મૉલકેપ શેરોમાં કિરિ ઈન્ડસ્ટ્રીઝ, રેસ્પોંસિવ ઈન્ડસ્ટ્રીઝ, હિમાદ્રિ સ્પેશલ, અજમેરા રિયલ્ટી અને અપોલો પાઈપ્સ 11.25-20.00 ટકા સુધી ઉછળીને બંધ થયા છે. જો કે સ્મૉલકેપ શેરોમાં ચેન્નઈ પેટ્રો, એમઆરપીએલ, સોરિલ ઈન્ફ્રા, એચઓઈસી અને ગ્રેવિટા ઈન્ડિયા 4.98-8.41 ટકા નબળાઈની સાથે બંધ થયા છે.




### ત્રણ દિવસ ભાવ વધારા પછી સોનાના દરમાં ઘટાડો

સોના-ચાંદીના ભાવમાં ત્રણ દિવસ ચાલી રહેલી તેજી બાદ બુધવારે મોટો ભાવ ઘટડો જોવા મળ્યો હતો. સરકારે સોનાની આયાત ડ્યૂટીમાં 5 ટકાનો વધારો કર્યા બાદ પીળી ધાતુના દરમાં સતત વધારો થઈ રહ્યો હતો. મંગળવારે 52,000 પ્લસ પર બંધ રહેલું સોનું એક ઘટાડામાં 700 રૂપિયાથી વધુ ગબડ્યું હતું. એ જ રીતે મંગળવારે ચાંદીના ભાવમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો હતો. બુધવારે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર સોના-ચાંદીના ભાવ લીલા નિશાન પર કારોબાર કરતા જોવા મળ્યા હતા.

### રોકાણકારો માટે મલ્ટિબેગર સ્ટોક

બજાજ ફાઈનાન્સ રોકાણકારો માટે મલ્ટિબેગર સ્ટોક રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં શેરનું વળતર 326% થી વધુ રહ્યું છે. બજારના તાજેતરના ઘટાડામાં શેરમાં ઘણું કરેક્શન જોવા મળ્યું છે. આ સ્ટોક તેની રેકોર્ડ હાઈથી લગભગ 26 ટકાના ડિસ્કાઉન્ટ પર ટ્રેડ થઈ રહ્યો છે. શેરે 18 ઓક્ટોબર 2021ના રોજ રૂ. 8050ની સર્વકાલીન ઊંચી સપાટી બનાવી હતી. તે જ સમયે, 17 જૂન, 2022 ના રોજ, શેરે રૂ. 5220ની 52 સપ્તાહની નીચી સપાટી બનાવી હતી.

### વિશ્વભરના શેરબજારો વિશે

અન્ય એશિયન બજારોમાં જાપાનનો નિક્કી, ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ, હોંગકોંગનો હેંગસેંગ અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ઘટયા હતા. શરૂઆતના વેપારમાં યુરોપના મુખ્ય બજારો ઉપર હતા. આંતરરાષ્ટ્રીય તેલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ 2.43% વધીને 105.3 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે.

## BOIની એનપીએ એકાઉન્ટમાં આંકડો 3600 કરોડની સપાટીએ

ગુજરાત | વંદન

બેંક ઓફ ઈન્ડિયા દ્વારા 3600 કરોડની કિંમતના ડિસ્ટ્રેસ્ડ લોન પોર્ટફોલિયા માટે ખરીદનારા શોધી કાઢવા માટે જાહેરાત કરાઈ છે. બેંક ઓફ ઈન્ડિયાએ 35 જેટલા લોન એકાઉન્ટોની કંપનીઓ પાસેથી નહીં વસુલ થઈ શકેલા બાકીની રકમ માટે નોન પર્ફોર્મીંગ એસેસ માટે આ દરખાસ્ત રજુ કરી છે. આ એકાઉન્ટમાં શ્રેઈ ઈક્વીપમેન્ટ ફાઈનાન્સને રૂ. 650 કરોડની લોન અપાઈ હતી. આ ઉફરાંત શ્રેઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સને રૂ. 37.73 કરોડની લોન અપાઈ હતી, જે એન.પી.એ. થવા પામી છે. 65 જેટલા લોન ડિફોલ્ટરોની યાદી શ્રેઈ એડમીનીસ્ટ્રેટર દ્વારા રજુ કરેલી 30 જુલાઈ સુધીની મુદત માંગી છે. આ ઉપરાંત 535 કરોડની લોન એકાઉન્ટો બાકી છે. જેમાં મેકનેલી ભારત એન્જિનિયરીંગ લિમીટેડ, વંદના વિદ્યુત લિમીટેડ અને સિમ્પ્લેક્ષ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે.




બીના ટીકી લોન એકાઉન્ટની યાદીમાં એન.બી.એસ. ઈન્ત્રફાસ્ટ્રક્ચર, કોર્નકાસ્ટ સ્ટીલ એન્ડ પાવર લિમીટેડ, વિસા સ્ટીલ લીમીટેડ, ક્રેઈન સોફ્ટવેર ઈન્ટરનેશનલ લીમીટેડનો સમાવેશ થાય છે. બેંક ઓફ ઈન્ડિયાનો એન.પી.એમાં. અટકાયેલી કુલ રકમ રૂ. 9851 કરોડની છે. વર્ષ 2022 ના વર્ષમાં આ આકંડો છે.

આ ઉપરાંત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પણ 168 ડિસ્ટ્રેસ્ડ લોન પોર્ટફોલિયાની યાદી બહાર પાડી છે, જેની કુલ રકમ રૂ. 31363 કરોડની છે. જે યાદી બહાર પડાઈ છે તે માટે કંપનીએ તેમાં મોટા ભાગની પાવર કંપનીઓનો સમાવેશ થાય છે.

## HDFC બેંક સાથે HDFC લિ. ના મર્જની દરખાસ્તને BSE તેમજ NSEની મંજુરી

ગુજરાત | વંદન

હાઉસીંગ ફાઈનાન્સના ક્ષેત્રની અગ્રણી કંપની એચડીએફસી લિ. નું એચડીએફસી બેંકમાં જોડાણ કરવાની દરખાસ્તને નેશનલ સ્ટોક એક્સચેન્જ તેમજ મુંબઈ સ્ટોકએક્સચેન્જ દ્વારા નો ઓબ્જેક્શન સર્ટીફીકેટ રજુ કરીને લીલી ઝંડી દર્શાવી છે. આ જોડાણની પ્રક્રમિયા માટે કોમ્પીટીટેશન કમિશન ઓફ ઈન્ડિયા, રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા, કંપની લો ટ્રીબ્યુનલ તેમજ બંને કંપનીના ઈન્વેસ્ટરો અને ક્રેડીટર્સની મંજુરી મેળવવાની રહેશે. આ મર્જની સ્કીમ હેઠળ એચડીએફસી લી. ના શેર હોલ્ડરોને તેમના 25 શેરોના હોલ્ડીંગ સામે એચડીએફસી બેંકના 42 શેરો એલોટ કરવામાં આવશે.




## ઈન્ડિયન ઓવરસીઝ અને સેન્ટ્રલ બેંકનું ખાનગીકરણ માટે ઉચ્ચ કક્ષાએ વિચારણા

ગુજરાત | વંદન

નીતિ આયોગ દ્વારા તાજેતરમં જાહેર ક્ષેત્રની બે બેંકોનું ખાનગીકરણ કરવાની સરકારને ભલામણ કરાઈ છે. ઈન્ડિયન ઓવરસીઝ બેંક અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાનું ખાનગીકરણ કરવા બાબતને સરકાર હાથ ધરશે તેવું જાણવા મળ્યુ છે.

કેન્દ્ર સરકાર ઈન્ડિયન ઓવરસીઝ બેંક શેર મુડીનો 96.38 નો હિસ્સો ધરાવે છે. જ્યારે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા શેર મુડીનો 93.08 ટકાનો હિસ્સો ધરાવે છે. આ ખાનગીકરણની પ્રક્રિયાને શક્ય બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં બેંકીંગ લોઝ એમેન્ડમેન્ટ બીલ રજુ કરવાનો ઈરાદો ધરાવે છે. જે સંસંદી ચોમાસુ બેઠકમાં રજુ કરાશે તેવું જાણવા મળે છે.

કેન્દ્ર સરકાર હાલ જાહેર ક્ષેત્રની બેંકોની ઈક્વીટી મુડીના 51 ટકા ઉપરાંતનું શેર હોલ્ડીંગ ધરાવે છે. તે સબંધમાં ખાનગીકરણ માટેની પ્રક્રિયાથી હોલ્ડીંગ ઘટાડીને 0 ઉપર લાવવા માટે સંસદની મંજુરી મેળવવા ખરડો રજુ કરાશે.

ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લીક એસેટ્સ મેનેજમેન્ટ (ડીપમ) ખાનગીકરણ ની પ્રક્રિયા માટે વિવિધ પ્રકારનાં ઈન્વેસ્ટરો સાથે વાટાઘાટો કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સરકાર તાજેતરનાં ભુતકાળમાં આઈડીબીઆઈ બેંક માટેનું માહેનું સરકારી હોલ્ડંગ વેચવાની બાબતમાં મંજુરી મેળવવા માટે રોડ શોનું આયોજન કર્યું હતું. કેન્દ્ર સરકારના ફાઈનાન્સિયલ સર્વિસના સેક્રેટરી શ્રી સંજય મલ્હોત્રાએ ઝણાવયું હતું કે ઉપરોક્ત જાહેર ક્ષેત્રોના ખાનગીકરણની વિચારણા ઉચ્ચ સ્તરે થયેલ છે.

## મારૂતી નાની ઓટોમોબાઈલ કારનું ઉત્પાદન બંધ કરશે

ગુજરાત | વંદન

મારૂતી સુઝુકી કે જે દેશના ઓટોમોબાઈલ ઉદ્યોગમાં મહત્વની ઉત્પાદક કંપની છે. તેના દ્વારા દેશમાં ઓટોમોબાઈલ કારનું ઉત્પાદન મહત્વકક્ષાનું છે. આ કંપની દ્વારા ઉત્પાદન કરાતી કુલ કારનું પ્રમાણ લગભગ દેશના કુલ ઉત્પાદન કરતાં લગભગ અડધા ઉપરાંતનું છે. તાજેતરમાં આ કંપનીનાં ચેરમેન શ્રી આર.સી. ભાર્ગવે દર્શાવ્યું હતું કે તાજેતરમાં કેન્દ્ર સરકારનાં રોડ અને હાઈવે ડેવલપમેન્ટ ખાતેના પ્રધાન નીતીન ગડકરે અકસ્માતનું પ્રમાણ ઘટાડવા માટે કારોના ઉત્પાદનમાં વિશિષ્ટ પ્રકારની સુવિધાઓ અમલી બનાવવાની વાતો કરી હતી. પરંતુ તેમણે જણાવ્યું હતું કે નાની કક્ષાની કાર કે જેની ગતિ સામાન્ય કરતાં ઓછી હોય છે તે કારને તેના વપરાશકારો દ્વારા ફુલ સ્પીડમાં હાંકવામાં આવતાં મોટા ભાગના અકસ્માતો સર્જાય છે. આ સંજોગોમાં કંપનીએ નાની કક્ષાની ઓટોમોબાઈલ કરાનું ઉત્પાદન ઘટાડવાની અથવા તો તેને બંધ કરવાની વિચારણા કરી છે.




વધુમાં જણાવ્યું છે કે જો સરકાર આ બાબત ઉપર વધુ ધ્યાન આપી કાયદો ઘડશે તો કંપની પાસે નાની કારનું ઉત્પાદન ઘટાડવાનો એક માત્ર વિકલ્પ રહેશે. હકીકતરમાં કારના અકસ્માતમાં લગભગ દોઢ લાખ માણસો મૃત્યુ પામે છે અને પાંચ લાખ માણસોને વાર્ષિક ધોરણે ઈજા થાય છે. આમ, દેશમાં 10 ટકા કાર એક્સીડેન્ટના કારણે લોકોના મૃત્યુ થાય છે. તેમણે જણાવ્યું હતું કે આ બાબતમાં મારુતિ ઉદ્યોગ અત્યાર સુધી નાની કદની કારોનું વિપુલ ઉત્પાદન કરતી હતી તે કારમાં 6 એર બેગ પ્રોવાઈડ કરવાની 1 લી ઓક્ટોબરની મર્યાદા કંપની માટે પડકારરુપ છે. આ સજોગોમાં કંપનીએ તેવી કારનું વેચાણ કરવાનું મુશ્કેલભર્યું દર્શાવ્યું છે. આ સંજોગોમાં કંપની તેની નફા ક્ષમતાની દષ્ટિએ તેમજ કારમાં વપરાતા કોમ્પોનેન્ટની દષ્ટિએ નાની કારનું ઉત્પાદન ઘટાડવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. શ્રી ભાર્ગવે જણાવ્યું હતું કે કંપનીના નફા ક્ષમતાને નાની કારના ઉત્પાદનથી વિપરીત અસર થાય છે. કંપની નાની કારો વેચે છે તેમાં નફો હોતો નથી. એલ્ટો જેવી કાર નાની છે તેમાં કંપની નહી નફો કરી ઉત્પાદન કરે છે.

તેમણે જણાવ્યું હતું કે મારુતિ સુઝુકી પેસેન્જરની સલામતી માટે તમામ નિયમો અનુરુપ ડિઝાઈન કરી રહી છે. સ્પીડ બાબતમા દેશમાં રોડની બાબતે એક્સીડેન્ટનું પ્રમાણ વધવાથી લોકોના મૃત્યુ વધે છે. 67 ટકા જેટલા મૃત્યુ કારક અકસ્માતો બને છે તેના માટે મુખ્ય કારણ કારની વધુ પડતી સ્પીડ કારણભુત છે. હકીકતમાં શ્રી ભાર્ગવને ભારત સરકારે વર્ષ 2016 માં પદ્મભુષણનો ઈન્કલાબ આપ્યો હતો. તે માટે સરકારનો આભાર માને છે. પરંતુ વર્ષ 2014 ની સાલમાં 20 વર્ષ પછી આ સંસ્થાને ગવર્મેન્ટ દ્વારા જે પણ એવોર્ડ અપાયા છે તેની સારી કામગીરી કારણભુત છે. કંપની કારોની ઉત્પાદન પ્રક્રિયામાં વધુ ચિવટ રાખી રહી છે અને અકસ્માતનું પ્રમાણ ઘટે તે માટેની વ્યવસ્થા તેમાં વપરાતા પાટ્ર્સ ઉપર ધ્યાનમાં રખાય છે.

## તામિલનાડુમાં 25600 કરોડના ખર્ચે હાઈટેક સેમિ કન્ડક્ટર ફેબ યુનિટ સ્થપાશે

ગુજરાત | વંદન

તામિલનાડમું 300 એકર જમીનનો ઉપયોગ કરીને 25600 કરોડના ખર્ચે હાઈ ટેક સેમિ કન્ડક્ટર ફેબ યુનિટ અને હાઈ ટેક પાર્ક સ્થાપવામાં આવશે. સિંગાપુર સ્થિત આઈજીએસએસ વેન્ચર નામની કંપની આ પ્રોજેક્ટ આગામી પાંચ વર્ષમાં સ્થાપશે. આ માટે તામિલનાડુ સરકાર સાથે નજીકમાં એમ.ઓ.યુ. કારાયા છે. આ સંકુલ સ્થાપવા 1500 ઉપરાંતની પરોક્ષ રોજગારીની તક ઉભી કરી શકાશે તેમજ વધારાની 25000 ની રોજગારીની ઈકો સ્સિટમ પાર્ટનર દ્વારા રોજગારીનું સર્જન કરાશે. તામિલનાડુના શ્રી પેરુમ્બુકલમ જિલ્લાના વાલ્લમ ગામ ખાતે આ પ્રોજેક્ટ સ્થાપવામાં વશે. આ પ્રોજેક્ટ માટેની ટેકનોલોજી અને સર્વિસ પુરી પાડશે. નવી ઈનોવેશન દ્વારા સિંગાપુરની આ વિશ્વવિખ્યાત કંપની 3 સબસીડરી કંપનીઓ દ્વારા સેમી કન્ડક્ટર બિઝનેસમાં કાર્યરત છે,.

## રિલાયન્સ કંપનીની જિયો અને ડિજીબોક્સ વચ્ચે સ્ટોરેજ માટે નવો કરાર

ગુજરાત | વંદન

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ અને ડિજીબોક્સની ડિજીટલ સર્વિસીઝ પાંખ એવી જિયો પ્લેટફોર્મ્સ, સ્ટોરેજ સોલ્યુશન્સ વિકસાવવા અને જિયોના વર્તમાન અને ભાવિ ગ્રાહક આધારની ક્લાઉડ કોન્સોલિડેશન જરૂરિયાતોને વધુ પૂરી કરવાના ઉદ્દેશ્યથી જોડાણ કર્યું છે. આ સહયોગથી, હાલમાં ઓફર કરાયેલ 20GBની સ્ટોરેજ સ્પેસ ઉપરાંત, વપરાશકર્તાઓ જિયોફોટોસ એપ્લિકેશન દ્વારા સાઈન અપ કરીને ડીજીબોક્સ પર વધારાની 10GB સ્પેસ મેળવી શકે છે. અપલોડ કરી શકે છે અને તરત જ ફોટા અને વીડિયો શેર કરી શકે છે અને વિવિધ ફોર્મેટની ફાઈલોને એક જગ્યાએ સાચવે છે. Jio ગ્રાહકો ઓટો-સિંક સક્ષમ કરીને તેમનો અંગત ડેટા સ્ટોર કરી શકે છે અને જિયો સેટ-ટોપ બોક્સ પરની દરેક વસ્તુ એકીકૃત રીતે જોઈ શકે છે.

## મલ્ટી સ્પેશિયાલિટી સ્ટર્લિંગ હોસ્પિટલને અંદાજે રૂ. 650-750 કરોડમાં ખરીદી

ગુજરાત | વંદન

સ્ટર્લિંગ એડલાઈફ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, જે ગુજરાતમાં મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલોની સ્ટર્લિંગ હોસ્પિટલ્સ ચેઈનનું સંચાલન કરે છે, તેને એપ્રુવ્ડ પાર્ટનર્સ હસ્તકના વૈશ્વિક કન્સોર્ટિયમ દ્વારા ખરીદી લેવામાં આવી છે. સ્ટર્લિંગ હોસ્પિટલ્સના સ્થાપક ગિરીશ પટેલે માઈનોરીટી હિસ્સો જાળવી રાખ્યો છે અને સ્ટર્લિંગ હોસ્પિટલ્સના માર્ગદર્શક તરીકે ચાલુ રહેશે. આ ડીલ રૂ. 650-750 કરોડની આસપાસ થઈ હોવાનું જાણવા મળે છે. આ એકવિઝેશન સાથે સંકળાયેલી એક વ્યક્તિના જણાવ્યા મુજબ ગિરીશ પટેલે સ્ટર્લિંગ હોસ્પિટલનો 90% હિસ્સો એપ્રુવ્ડ પાર્ટનર્સને વેચ્યો છે. જ્યારે બાકીનો 10% શેર પોતાની પાસે રાખ્યો છે. સંયોગવશાત અર્પવૂડના તમામ ત્રણ સંસ્થાપકોએ અમદાવાદમાંથી અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કર્યો છે અને તેઓ ગુજરાત અને તેના પ્રેમાળ લોકો સાથેના તેમના સંબંધોને પુનઃ સ્થાપિક કરીને આનંદની લાગણી અનુભવી રહ્યાં છે.

## ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટની ઉત્સાહપ્રેરક કામગીરીઃ શેર હોલ્ડરને આકર્ષક વળતર

ગુજરાત | વંદન

ટાટા ગ્રુપની - ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટની કંપની કે જે ચ્હા, મીઠુ (નમક), મરી મસાલા વગેરેના વેચાણ સાથે સંકળાયેલી છે. આ કંપની છેલ્લા બે વર્ષમાં સારી પ્રગતિ કરીને તેના ઈન્વેસ્ટરોને સારુ વળતર પુરુ પાડ્યું છે. મળતી માહિતી મુજબ શેર હોલ્ડરને 90 ટકાનું આકર્ષક વળતર પુરુ પાડવામાં દેશની અગ્રગણ્ય કંપની છે. દેશમાં ફુગાવાના વિષમ સંજોગો વચ્ચે પણ કંપનીની કામગીરી ઉત્સાહભેર રહી છે. કંપની નજીકના ભવિષ્યમાં હેલ્થ પ્રોડ્ક્સ અને વેલનેસ પ્રોડ્ક્ટનું માર્કેટીંગ હાથ ધરનાર છે. આ માટે કંપની તે માટે વિતરણ કડીઓની વધુ કાર્યક્ષમ બનાવવાની યોજના બનાવી રહી છે.

ફાસ્ટ મુવીંગ કન્સ્યુમર પ્રોડક્ટના બિઝનેસમાં આ કંપની કાર્યરત છે. અને તેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માર્કેટીંગની નીતિમાં આમુલ પરિવર્તન લાવવાનું વિચારાઈ રહ્યું છે. કપનીએ તેના ઈન્વેસ્ટરોને બે ગણું વળતર આપ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં કંપનીએ 85 ટકાનું વળતર આપ્યું છે. આના પરિણામે કંપનીના શેરનો ભાવ 52 અઠવાડિયામાં 889 ની સપાટીએ પહોંચ્યો છે. આ શેરનો ભાવની વૃદ્ધિ થવાની શક્યતા દર્શાય છે. અને નજીકના ભવિષ્યમાં તેનો ભાવ 900ની સપાટીએ વધી જશે તેવું નિષ્ણાતોનું માનવુ છે.

## ત્રિવેણી એન્જિનીયરીંગ અને ઈન્ડસ્ટ્રીઝ ઈથેનોલનાં રૂ. 210 કરોડનું રોકાણ કરશે

ગુજરાત | વંદન

ત્રિવેણી એન્જિનીયરીંગ અને ઈન્ડસ્ટ્રીઝ લિ. કે જે શેરડીના પીલાણથી સ્યુગરનું ઉત્પાદન કરે છે, તે કંપનીએ શેરડીના પિલાણમાંથી ઈથેનોલનું ઉત્પાદન કરવાની ક્ષમતા બમણી કરવાનું કાર્યક્રમ હાથ ધર્યો છે. આ કંપની શરેડીનાપિલાણના વિસ્તરણ માટે રૂ. 210 કરોડનું રોકાણ ચાલુ વર્ષમાં કરનાર છે. કંપની આ ઉપરાંત 130 કરોડના ખર્ચે તેની 3 સ્યુગલ મીલોનું અદ્યતનીકરણ કરવા માટે ખર્ચ કરશે. ઉત્તર પ્રદેશમાં ખટાઉલી, દેવબોન્ડ અને સાબિત ગઢના એકમોનો સમાવેશ થાય છે. તેમ કંપનીના ડિરેક્ટર શ્રી તરુણ સહાનીએ જણાવ્યું હતું.

આ અદ્યતીકરણ કંપની ફાર્માસ્યુટીકલ ગ્રેડની ખાંડનું ઉત્પાદન કરી શકશે. કંપની આ ઉપરાંત રીફાઈન્ડ સ્યુગરનું ઉત્પાદન વિકસાવીવાનો ઈરાદો ધરાવે છે. હકીકતમાં રીફાઈન્ડ સ્યુગરનો ભાવ કિલો દિઠ 75 પૈસા વધુ પ્રાપ્ત થાય છે અને તેનો ઉત્પાદન ખર્ચ પાછળ સામાન્ય વધારો અનુભવવો પડે છે. કંપની આ ઉપરાંત 80 કરોડના પાવર ટ્રાન્સમીશનની અદ્યતીનીકરણ અને ક્ષમતાના વિસ્તરણ માટે ખર્ચ કરનાર છે.



પાવર ટ્રાન્સમીશન બીઝનેસનો હિસ્સો વાર્ષિક આવકમાં 97 ટકા ઉપરાંતનો છે. આ વિસ્તૃતીકરણ યોજનાથી બીઝનેસ વધી શકશે. કંપની પાસે હાલ 221 કરોડના ઓર્ડરો પેન્ડીંગ છે. કંપની ઈથેનોલની ક્ષમતા દૈનિક 320 કિલોનીથી વધારીને 530 કિલો લીટર કરી હરહી છે. આ માટે કંપની 350 કરોડનું રોકાણ કરનાર છે. હાલ વિસ્તૃતીકરણ હાથ ધરાઈ રહ્યુ છે. તેનાથી ક્ષમતના વિસ્તરણથી 660 કિલો લીટર ઉત્પાદન પ્રાપ્ત થઈ શકશે.

પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણ માટે સરકાર દ્વારા 20 ટકાની લેન્ડીંગ પરવાનગી આપવામાં આવી છે, તેથી ઈથેનોલની માંગ વૃદ્ધિના કારણે કંપનીને તેનો વિશેષ ફાયદો થશે

## કોલ ઈન્ડિયા દ્વારા બહાર પાડેલ કોલસાના ટેન્ડરમાં અદાણી એન્ટરપ્રાઈઝનું સૌથી ઓછી કિંમતનું ટેન્ડર

ગુજરાત | વંદન

અદાણી એન્ટરપ્રાઈઝ કોલ ઈન્ડીયા માટે કોલસાની આયાત કરવા માટેનું સૌથી ઓછા ભાવનું બીડ રજુ કરાયું છે. અદાણી એન્ટરપ્રાઈઝ ને 2.416 મીલીયન ટન કોલસાની આયાત માટે રૂ. 4033 કરોડનો ખર્ચ દર્શાવાયો છે. આ બીડમાં અન્ય બીડો કરતાં ઘણી નીચી કિંમતનું છે. અન્ય કંપનીઓ દ્વારા આ બીડમાં ભાગ લેવાયો છે. જેમાં મોહિત મિનરલ્સ દ્વારા 4225 કરોડનું બીડ રજુ કરાયું છે. આયાત કરેલા કોલસો 7 રાજ્યોના 19 ખાનગી પાવર પ્લાન્ટોને પુરો પાડવામાં આવશે.

અત્રે ઉલ્લેખનયી છેકે અદાણી એન્ટરપ્રાઈઝ નેશનલ થર્મલ પાવર કોર્પોરેશનને જુન્યુઆરીથી જુન સુધીમાં કોલસો આયોત કરી આપવા માટેનો કોન્ટ્રાક્ટ કરાયો છે. ઓસ્ટ્રેલીયાના ક્વિન્સલેન્ડથી આયાતી કોલસાનું પ્રથમ શીપમેન્ટ રવાના થઈ ગયું છે. અદાણી એન્ટરપ્રાઈઝ દ્વારા કોલ ઈન્ડિયા સમક્ષ રજુ કરેલા બીડ માટે કોલ ઈન્ડીયાના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મંજુરી મેળવવાની રહેશે.

કોલ ઈન્ડિયા દ્વારા બહાર પડાયેલ ટેન્ડરો માટે 11 જેટલા આયાતકારો અને કેટલાક વિદેશી વેપારોનો સમાવેશ થાય છે.

# વરસાદમાં ફરવા જવાનો પ્લાન છે? તો આ સ્થળોની મુલાકાત લેવાનું ચૂકતા નહીં, જશો તો મજા પડી જશે

દેશમાં ચોમાસાએ દસ્તક આપી દીધી છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં મેઘરાજાની પધરામણી થઈ ગઈ છે. વરસાદની સિઝનમાં ફરવા જવાની રાહ જોઈ રહેલા લોકો હવે તૈયાર થઈ ગયા છે. દેશમાં એવા ઘણા પર્યટન સ્થળ છે જ્યાં તમે વરસાદની સિઝનમાં ફરવા જઈ શકો છો. જો તમે પણ વરસાદની સિઝનમાં ફરવાનો પ્લાન કરી રહ્યા છો તો દેશના આ સુંદર સ્થળો પર ચોક્કસથી જાઉં.

## ચેરાપૂંજી, મેઘાલય



વર્તમાન સમયમાં માસિનરામમાં સૌથી વધુ વરસાદ પડે છે. આ પહેલાં ચેરાપૂંજીમાં સૌથી વધુ વરસાદ પડતો હતો. જો તમે પણ વરસાદની મજા માણવા માગો છો તો ચેરાપૂંજી જરૂરથી જાઉં. વરસાદના દિવસોમાં ચેરાપૂંજીની સુંદરતામાં ચાર ચાંદ લાગી જાય છે.

## મહાબલેશ્વર, મહારાષ્ટ્ર



મહાબલેશ્વરને રોમેન્ટિક ગેટવે પણ કહેવામાં આવે છે. વરસાદની સિઝનમાં મોટી સંખ્યામાં મુસાફરો મહાબલેશ્વર આવે છે. મોનસૂનમાં ટ્રેકિંગ માટે આ બેસ્ટ ડેસ્ટિનેશન છે. ત્યાંની સુંદરતા જોવા જેવી છે. જો તમે પણ વરસાદની સિઝનમાં ફરવાનો પ્લાન કરી રહ્યા છે તો મહાબલેશ્વર ડેસ્ટિનેશન બેસ્ટ છે.

## ગોવા




ચેરાપૂંજી અને માસિનરામની સાથે કોંકણમાં પણ ખુબ વરસાદ પડે છે. તેના માટે તમે ગોવા ફરવા જઈ શકો છો. ગોવા સુંદર બીચ માટે જાણીતું છે. આ સિવાય ત્યાં ઘણા હિસ્ટોરિકલ ડેસ્ટિનેશન પણ છે. એટલા માટે ગોવા ટ્રાવલિંગ નાટે ફૂલ ફન પેકેજ છે. એટલે જ ત્યાં મોટી સંખ્યામાં લોકો ફરવા જાય છે.

## કેરળ



કેરળ પ્રાકૃતિક સુંદરતા માટે જાણીતું છે. વરસાદ સૌથી પહેલાં કેરળના તટ સાથે ટકરાય છે. ભારતના અન્ય ભાગોમાં આવે છે. જૂનમાં તમે કેરળનો પ્રવાસ કરી શકો છો. ત્યારે કેરળની સુંદરતા જોવા જેવી હોય છે. કોચી શહેરથી 73 કિલોમીટરની દૂરી પર અથિરાપલ્લી વોટરફોલ છે.

# વૈજ્ઞાનિકોએ પણ માન્યું: ઉપવાસ કરવાથી શરીરને થાય છે અઢળક ફાયદાઓ





ભારતીય સંસ્કૃતિમાં ઉપવાસને હંમેશા મહત્વનો માનવામાં આવ્યો છે. આપણા પૂર્વજોએ પણ ઉપવાસના અનેક ફાયદાઓ વર્ણવ્યા છે. જ્યારે મુસ્લિમ સમુદાયમાં રોઝા રાખવાની પરંપરા છે અને તેના પણ અનેક ફાયદાઓ છે. ઓછું ભોજન(Less Eating) લેવું આપણા સ્વાસ્થ્ય (Health) માટે હંમેશા ફાયદાકારક માનવામાં આવે છે. પરંતુ હાલ ઉંદરો પર થયેલા સંશોધનમાં પણ આ વાતનો ખુલાસો થયો છે. આ અભ્યાસમાં સામે આવ્યું છે કે, ઉંદરો(Rodents)ને ઓછું ખાવાથી ફાયદો થયો છે. તેનાથી તેમનું સ્વાસ્થ્ય સારું અને ઉંમર લાંબી થઈ છે. સંશોધકોએ અભ્યાસ માટે ઉંદરો(Mice)ના વિવિધ ખોરાક પર સંશોધન કર્યુ અને જાણવા મળ્યું કે, એક દિવસમાં ખોરાકમાં ઓછી કેલેરી (Low Calorie Food) ખાતા ઉંદરો લાંબુ જીવન જીવે છે.

**મેટાબોલિઝમને બનાવે છે મજબૂત** | અભ્યાસમાં સામે આવેલી સૌથી રસપ્રદ વાત તે છે કે એક દિવસમાં વારંવાર ઓછી કેલેરીવાળો ખોરાક લેનાર ઉંદરોની સરખામણીએ એક સાથે ઓછી કેલેરીવાળો ખોરાક લેનાર ઉંદરો વધુ જીવે છે. નેચર મેટાબોલિઝમમાં પ્રકાશિત આ અભ્યાસમાં દર્શાવ્યા અનુસાર, જે ઉંદરો એક દિવસમાં એક જ વખત ખાય છે તેનું મેટાબોલિઝમ વધુ સારું જોવા મળ્યું છે.

**પહેલાથી જાણતા હતા આ વાત** | ઉપવાસનું મહત્વ સદીઓથી આપણે જાણીએ છીએ અને વૈજ્ઞાનિકો પણ આ વાત લાંબા સમયથી જાણે છે કે ઓછી કેલેરી વાળા ખોરાક ઉંદરોનું જીવન લંબાવી શકે છે. પરંતુ આ પહેલા ઉંદરો પર અને કેલેરી મર્યાદિત કરનાર અભ્યાસમાં તેમનો ખોરાક દિવસમાં એક વખત ભોજન કરવા સુધી મર્યાદિત રાખ્યો હતો. પરંતુ સંશોધકોએ આ અભ્યાસ દ્વારા જાણવા ઈચ્છતા હતા કે શું ભોજનના સમયમાં અંતરની કોઈ ભૂમિકા છે કે નહીં.

સંશોધકોને આ અભ્યાસ બાદ જાણવા મળ્યું કે માત્ર ખોરાકનું પ્રમાણ જ જરૂરી નથી, પરંતુ કેલરી મર્યાદિત કરનાર ખોરાક તે નક્કી કરે છે કે ઉંદરો દિવસમાં કેટલા સમય સુધી ભૂખ્યા રહી શકે છે. આ સિવાય ભૂખ્યા રહેવાની મર્યાદા નક્કી કરવાથી પણ સ્વાસ્થ્ય અને જીવનને અનેક ફાયદાઓ થાય છે. સંશોધકોએ ઉંદરોને અલગ-અલગ ગૃપમાં વહેંતીને વિવિધ ખોરાક પર રાખ્યા, જેમાં કંટ્રોલ સમૂહ પાસે નિયમિત ભોજનની અમર્યાદિત પહોંચ હતી.

**વારંવાર ખાવા કરતા એકવાર ખાવું ફાયદાકારક** | આ સિવાય અન્ય બે ગૃપમાં 30 ટકા કેલેરી રહેલી હતી. જેમાં એક ગૃપમાં ઓછી કેલેરી વાળું ભોજન આપવામાં આવ્યું હતું અને બીજી ગૃપમાં 3 ટકા કેલેરી વાળું ભોજન એક જ સાથે આપીને 21 કલાક સુધી ભોજન વગર જ રાખવામાં આવ્યા હતા. જેમાં સામે આવ્યું કે બે વખતના ભોજન વચ્ચે 21 કલાક સુધી મર્યાદિત કેલેરીવાળો ખોરાક લેનાર ઉંદરો તે ઉંદરો કરતા દોઢ વર્ષ વધુ જીવ્યા જે દિવસમાં ગમે ત્યારે ગમે તેટલું ભોજન લેતા હતા.

# જાણો શા માટે થાય છે પથરીની સમસ્યા? અપનાવો આ ઘરેલુ નુસ્ખા

પથરી થવી એ એક સામાન્ય સમસ્યા છે, જો તેની યોગ્ય સારવાર કરવામાં આવે તો જલ્દી ઠીક થઈ શકે છે. જ્યારે શરીરમાં ખનિજો અને ક્ષાર પથ્થરનું રૂપ ધારણ કરે છે ત્યારે આપણે તેને પથ્થર (Stone) કહીએ છીએ. પત્થરો મોટાભાગે મગના દાણાના કદના હોય છે, પરંતુ કેટલીકવાર પથ્થરો વટાણા કરતા પણ મોટા હોઈ શકે છે. શરીરમાં પાણીની ઉણપ પથરીનું મુખ્ય કારણ છે. સંશોધન મુજબ, યુરિક એસિડ જાળવી રાખવા માટે પૂરતું પાણી પીવું જોઈએ. કિડનીમાં પથરી થવાનું મુખ્ય પૂરતા પ્રમાણમાં પાણી નહીં પીવાથી થાય છે. જો વિટામિન-ડી અથવા કેલ્શિયમનો વિકલ્પ લાંબા સમય સુધી લેવામાં આવે તો શરીરમાં કેલ્શિયમનું પ્રમાણ વધે છે. જેનાથી પથરી થઈ શકે છે. સ્થૂળતામાં વધારો, શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો, હાઈ બ્લડ પ્રેશર અને શરીરમાં કેલ્શિયમનું શોષણ ઓછું થવાથી પણ પથરી થઈ શકે છે. વધુ પડતું મીઠું અથવા પ્રોટીન આહાર જેમ કે મટન, ચિકન, ચીઝ, માછલી, ઈંડા, દૂધ વગેરે ખાવાથી પણ પથરી થઈ શકે છે.



**એપલ સાઇડર પથરીમાં છે અસરકારક** | સફરજનના વિનેગરમાં સારી માત્રામાં સાઈટ્રિક એસિડ હોય છે, જે કિડનીની પથરીને નાના ટુકડાઓમાં કાપવાનું કામ કરે છે. બે ચમચી વિનેગર ગરમ પાણી સાથે લેવાથી પથરીની સમસ્યામાં ઘણી રાહત મળે છે.

**ઓલિવ અને લીંબુ** | લીંબુનો રસ પથરીને તોડવામાં મદદ કરે છે અને જેતૂનનું તેલ પથરીને બહાર કાઢવામાં મદદ કરે છે. એક ગ્લાસ પાણીમાં લીંબુ અને ઓલિવ ઓઈલ નાખો. તેને સારી રીતે મિક્સ કરીને પીવાથી પથરી થોડા જ સમયમાં દૂર થઈ જાય છે.

**દાડમનું જ્યુસ** | પથરીની દવામાં દાડમનું જ્યુસ ઘણું અસરકારક રીતે કામ કરે છે. આનું જ્યુસ પીવાથી શરીરમાં પાણીની ઊણપ રહેતી નથી. અને પથરીની સમસ્યામાટની ઘણી રાહત મળે છે.

**લીમડો** | લીમડાના પાંદડાઓને શેકીને એક ભસ્મ બનાવી લો અને રોજ એક ચમચી સવાર સાંજ પાણીની સાથે લેવી

**પત્થર ચટ્ટા** | પત્થર ચટ્ટાનો છોડ ઘણી સરળતાથી ગમે ત્યાં મળી જશે, એક પાનમાં થોડી ખાંડ નાખીને પીસી લો. દિવસમાં બે થી ત્રણ વાર તેનું સેવન કરવાથી મોટી-મોટી પથરી પણ થોડા સમયમાં જ ઠીક થઈ જાય છે.

**કુલથ** | જો પથ્થર નાનો હોય તો કુલથની દાળનું સેવન કરવાથી ઘણી વખત કિડની સ્ટોન આપોઆપ પીગળીને બહાર આવે છે.

# હવે ઘરમાં જ બનાવો મલ્ટીપ્લેક્સ જેવો માહોલ! આ રમકડું તમારી જિંદગીને બનાવી દેશે એકદમ રંગીન

KGF-2, RRR જેવી સુપરહિટ ફિલ્મોને જોવાની મજા તો ખરેખર થિયેટરમાં જ છે. ઘણા લોકો ફોનમાં જ મુવી જોતા હોય પરંતુ ખરેખર મુવી જોવાની અસલી મજા તો થિયેટરમાં જ આવે. પરંતુ શું તમે પોતાના ઘરે થિયેટરમાં મુવી જોતા હોય એવો અનુભવ કરવા માગો છો. જો હા હોય તો BenQ નામની પ્રખ્યાત પ્રોજેક્ટર બનાવતી કંપનીએ એક પોર્ટેબલ પ્રોજેક્ટર BenQ GS50 લોન્ચ કર્યું છે. આ ફુલ HD રિઝોલ્યુશન પર વાયરલેસ પ્રોજેક્શન પ્રદાન કરે છે. આ પ્રોજેક્ટર 500 ANSI Lumens બ્રાઈટનેસ સાથે આવે છે. કંપનીએ જણાવ્યું છે કે આના LED સોર્સની લાઈફ 30,000 કલાકની છે.

BenQ GS50 એક ઈઝી ટુ કેરી ડિઝાઈન્ડ પ્રોજેક્ટર છે. જેની પ્રોજેક્શન સાઈઝ 100 ઈંચ સુધીની છે. કંપનીએ કહ્યું છે કે આ પ્રોજેક્ટર એકદમ શાર્પ અને ક્લિયર ઈમેજને 100 ઈંચ સુધી માત્ર સેકેન્ડ્સમાં ઓટોફોકસ કરી લે છે. સ્માર્ટ વાયરલેસ પોર્ટેબલ પ્રોજેક્ટરમાં 2.1 ચેલન બ્લુટુથ સ્પીકર્સ એક્સટ્રા બેસ સાથે આપવામાં આવ્યા છે. આમાં બિલ્ટ ઈન Android TV અને 2.5 કલાક સુધી ચાલે તેવી બેટરી આપવામાં આવી છે. એટલે કે તમે આસાનીથી એક મુવીને નિહાળી શકશો.

BenQ GS50માં સિનેમા, ગેમ, સ્પોર્ટ્સ અને મ્યુઝિક મોડ્સ આપવામાં આવ્યા છે. આમાં સ્પ્લેશ અને વોટર રેસિસ્ટન્સ માટે IPX2 રેટિંગ આપવામાં આવી છે. આ સિવાય 2.3 ફીટ ડ્રોપ પ્રોટેક્શન પણ BenQના પ્રોજેક્ટરને સ્માર્ટ બનાવે છે. BenQ GS50માં મલ્ટીપલ કનેક્ટિવિટી ઓપશન્સ આપવામાં આવ્યા છે. આમાં HDMI 2.0b પોર્ટ, HDCP 2.2 પોર્ટ, એક USB Type-C પોર્ટ, DisplayPort Alt સાથે વધુ એક USB Type-A પોર્ટ આપવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટર મોબાઈલ મિરરિંગ અને કાસ્ટિંગને પણ સપોર્ટ કરે છે. આ પ્રોજેક્ટર એન્ડ્રોઈડ અને iOS સાથે કોમ્પિટેબલ છે. Android TV સાથે આવતા આ પ્રોજેક્ટરમાં 3.5 MM ઓડિયો સપોર્ટ પણ છે.



**કિંમત** | BenQ GS50ને એક્સક્લુસિવલી ઈ-કોમર્સ સાઈટ એમઝોન પર ઉપલબ્ધ છે. લિમિટેડ ટાઈમ માટે આ પ્રોજેક્ટરની કિંમત 79,990 રૂપિયા રાખવામાં આવી છે. કંપનીએ 2 વર્ષ અથવા LED લાઈટના સોર્સ પર 2000 કલાકની વોરંટી આપી છે.

# ઔષધીય ગુણોથી ભરપૂર જીરા વિના ભારતીય વાનગી છે અધૂરી



ભારતની ઘણી વાનગીઓમાં વઘાર કર્યા પછી જ જીરા (Cumin seeds) નો સ્વાદ ઉભરી આવે છે. વઘારમાં કાંદા, લસણ વગેરે ઉમેરો કે નહીં, પણ જીરું તો ચોક્કસ હોય છે જ. જીરાનો સ્વાદ અને સોડમ માત્ર ભોજનને સ્વાદિષ્ટ જ નથી બનાવતી, પરંતુ તેમાં સુગંધ પણ ઉમેરે છે. જીરાને મસાલાની શ્રેણીમાં રાખી શકાય. તેમાં શરીરને સ્વસ્થ રાખવાના એટલા બધા ગુણ છે કે તેને આયુર્વેદમાં ઔષધ પણ કહેવામાં આવે છે. ભારતનું રસોડું જીરું વિના અધૂરું છે, તેથી હજારો વર્ષોથી ભોજનમાં તેનો ઉપયોગ થાય છે. પરંતુ, તમને જાણીને આશ્ચર્ય થશે કે જીરું

**નાનકડું જીરું વિટામિન્સ અને મિનરલ્સથી ભરપૂર છે** | ખાવાની સાથે જીરું શરીર માટે પણ ખૂબ ફાયદાકારક છે. સદગુણોથી ભરપૂર છે એમ કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય. આ નાના અમથા જીરામાં વિટામીન A, C, E અને B6 મળી આવે છે, આયર્ન, મેંગેનીઝ, કોપર, કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ અને પોટેશિયમ જેવા ખનિજો પણ હોય છે. આ સાથે જીરાના સેવનથી પ્રોટીન, એમિનો એસિડ, કાર્બોહાઈડ્રેટ્સ, ફાઈબર્સ અને ફેટ અને ફેટી એસિડની યોગ્ય માત્રા પણ મળે છે.

**પાચન અને ત્વચા માટે સૌથી ફાયદાકારક** | જાણીતા આયુર્વેદિક નિષ્ણાંત ડૉ. વીણા શર્માના જણાવ્યા અનુસાર, જીરાની સૌથી મહત્વની વિશેષતા એ છે કે, તે શરીરની પાચનક્રિયામાં પણ મદદ કરે છે, સાથે જ મેટાબોલિઝમની ક્રિયાને પણ વધારે છે. તે આયર્નનો સારો સ્ત્રોત છે. શરીરમાં લોહીની ઉણપથી પીડાતા લોકોએ જીરુંનું સેવન કરવું જોઈએ. તેની ગરમ અસરને કારણે તે શરદી, શરદી અને કફને દૂર કરવામાં મદદરૂપ છે. પેટ અને ત્વચા માટે આયુર્વેદિક દવાઓમાં જીરુંનો ઉપયોગ વિવિધ રીતે કરવામાં આવે છે. જીરાનું પાણી ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે.તેમાં એન્ટી-ફંગલ, એન્ટી-બેક્ટેરિયલ ગુણ હોય છે, જે ચેપને નિયંત્રિત કરે છે. જીરાને શેકીને તેનો પાઉડર દહીંમાં ભેળવીને ખાવાથી વજન ઓછું થાય છે. પેટ સારું રહે છે. તેમણે જણાવ્યું કે, કેટલાક સંશોધનો સૂચવે છે કે જીરું ડાયાબિટીસના દર્દીઓના બ્લડ સુગર લેવલને ઘટાડવામાં પણ મદદરૂપ છે.

**ભારતમાં જીરાનો વપરાશ ઉપજના 70 ટકા** | જીરું ભારતના લોકોનું એક 'વ્યસન' છે કે અહીં ઉત્પાદિત જીરુંનો 70 ટકા દેશમાં જ વપરાશ થાય છે. બાકીના 30 ટકા જીરાની નિકાસ થાય છે. નિકાસ કરતા દેશોમાં અમેરિકા, કેનેડા, દક્ષિણ અમેરિકા અને મધ્ય પૂર્વના ઘણા દેશોનો સમાવેશ થાય છે. ભારતમાં જીરાનો સૌથી વધુ ઉપયોગ શાકભાજીમાં વઘાર કરવા માટે થાય છે. શાકભાજી કે નોનવેજ માટે તૈયાર કરવામાં આવતા મસાલામાં પણ તેની યોગ્ય માત્રા ઉમેરવામાં આવે છે.

# જાંબુ ખાતી વખતે આ બાબતોનું ખાસ ધ્યાન રાખજો, નહીં તો ફાયદાની જગ્યાએ થશે નુકસાન

જાંબુ શરીર માટે ફાયદો કરાવે છે તેવું વારંવાર સાંભળવા મળ્યું છે. તે પેટના દુખાવા, ડાયાબિટિસ, સાંધાના દુખાવા, ઉપરાંત અનેક અન્ય પાચન સમસ્યાઓમાં મદદરૂપ છે. પરંતુ અનેકવાર એવું બનતું હોય છે કે જાંબુ ખાવામાં કેટલાક બાબતો આપણે અવગણીએ છીએ જેના કારણે બીમાર પડવાનો વારો આવે છે. જાંબુ ખાતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ તે ખાસ જાણો. જેથી કરીને તેના ફક્ત સ્વાસ્થ્ય ફાયદા જ આપણને મળે.

## જાંબુ ખાતી વખતે આ બાબતોનું ખાસ રાખો ધ્યાન...

**1. ખાલી પેટ જાંબુનું સેવન ન કરવું** | ખાલી પેટે જાંબુ ખાવાથી નુકસાન પહોંચી શકે છે અને તે અનેક સમસ્યાઓ ઊભી કરી શકે છે. જાંબુનો સ્વાદ ખાટ્ટો મીઠો હોય છે. આથી જાંબુ ખાલી પેટે ખાવાથી એસિડિટી, પેટનો દુખાવો, પેટમાં બળતરા જેવી સમસ્યા થઈ શકે છે. જાંબુ ભોજન કર્યા બાદ જ ખાવા જોઈએ.

**2. જાંબુ અને હળદર સાથે ન ખાવા** | જાંબુ ખાધા બાદ તરત હળદરવાળા બદાર્થનું સેવન કરવાથી તમને પેટમાં બળતરા થઈ શકે છે. જો તમે જાંબુ ખાધા બાદ હળદરનું સેવન કરવા માંગતા હોવ તો ઓછામાં ઓછું 30 મિનિટ રાહ જુઓ. હળદર અને જાંબુ એકસાથે સેવન કરવાથી શરીરમાં રિએક્શન થઈ શકે છે. જેથી કરીને તમે લાંબા સમય સુધી અસહજ મહેસૂસ કરી શકો છો. આ સાથે જ પેટ સંલગ્ન કેટલીક સમસ્યાઓ પણ થઈ શકે છે.

**3. દૂધ અને જાંબુ એક સાથે ખાવાથી ગેસ થાય** | દૂધ અને જાંબુ પણ એક સાથે ખાવાથી અનેક પ્રકારની સ્વાસ્થ્ય સંલગ્ન સમસ્યાઓ થઈ શકે છે. આ ફળને ખાધા બાદ તરત દૂધ પીવાથી ગેસ, પેટનો દુખાવો જેવી પાચન સમસ્યાઓ થઈ શકે છે. જાંબુ ખાધા બાદ તરત દૂધ અને મિલ્ક પ્રોડક્ટનું સેવન કરવાથી બચો. ઓછામાં ઓછા 30 મિનિટ બાદ દૂધ પીઓ.

**4. અથાણું અને જાંબુ એક સાથે ન ખાવા** | ઘરમાં બનેલા ખાટા કે ગળ્યા અથાણા કોને ન ભાવતા હોય. પરંતુ અહીં કેટલાક ફૂડ કોમ્બિનેશન સાથે અથાણાનું સેવન સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. આ બંને ચીજો ભેગી ખાવાથી પેટની સમસ્યા થઈ શકે છે. જાંબુ ખાધા બાદ એક કલાક સુધી અથાણાનું સેવન કરવાથી દૂર રહેવું સારું રહેશે.

**5. જાંબુ ખાઈને પાણી ન પીવું** | જાંબુ ખાધા બાદ તરત પાણી પીવું જોઈએ નહીં કારણ કે તેનાથી પરેશાનીઓને આમંત્રણ આપવા જેવું બને છે. ડાયેરિયા જેવી બીમારી થઈ શકે છે. જાંબુ ખાધા બાદ 30થી 40 મિનિટ બાદ જ પાણીનું સેવન કરવાની સલાહ અપાય છે.



# બોરસદનું સ્વંયભૂ શિવલિંગનું સ્થળ બની ગયુ પિકનિક સ્પોટ, રોજ 5 હજાર લોકો આવે છે

આણંદના બોરસદ નજીકના અલારસા ગામમા તળાવમાં માટી ખોદકામ દરમિયાન તાજેતરમાં વિશાળ શિવલિંગ મળી આવ્યું છે. ત્યારે સ્વયંભૂ પ્રકટ શિવલિંગના દર્શન માટે જે રીતે રોજ લોકો ઉમટી પડે છે, તે જોતા હવે તે ટુરિસ્ટ પ્લેસ બની ગયુ છે. અહી રોજ 5 હજાર લોકો દર્શને આવી રહ્યા છે. જેને પગલે તેની આસપાસ મંદિર જેવો માહોલ બની ગયો છે. લોકો શ્રદ્ધાથી નારિયેળ ચઢાવી રહ્યાં છે. જેથી આસપાસ રેંકડીઓ પણ ઉભી થઈ ગઈ છે.



**વરસાદની અમી છાંટણાથી શિવલિંગ બહાર આવ્યું હતું** | આણંદના બોરદસદ તાલુકાના અલારસા તાબે અભેટાપુરા ગામ આવેલું છે. ગામમાં રેલવે કોરીડોર માટે કામગીરી કરવામાં આવી રહી હતી. ત્યારે પાસેના તળાવમાં 18 જૂનની આસપાસ ખોદકામ દરમિયાન એક શિવલિંગ આકારની પ્રતિકૃતિ મળી આવી હતી. આ જાણ થતા જ મામલતદાર અને પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. શિવલિંગની વાત ગામમાં ફેલાતા લોકો એકઠા થઈ ગયા હતા. અભેટાપુરાના તળાવમાં આશરે 20 થી 25 ફૂટ ઊંડું ખોદકામ કરવામાં આવ્યું હતુ. ખોદકામ દરમિયાન એક બાજુ વૃક્ષના થડીયા જેવો આકાર જોવા મળ્યો હતો. લોકોએ પહેલા તેને વૃક્ષનુ મોટુ થડ સમજી લીધુ હતું. પરંતુ બાદમાં વરસાદ આવતા આ આકારમાંથી પાણી વહેલા લાગ્યુ હતું. અને શિવલિંગ જેવી પ્રતિકૃતિ દેખાવા લાગી હતી. શિવલિંગની આ પ્રતિકૃતિ અંદાજે 15થી 17 ફૂટ ઊંચી છે અને 10 ફૂટનો ઘેરાવો ધરાવે છે.

**ખાણીપીણીની રેંકડીઓ ઉભી થઇ ગઇ** | હવે સ્થિતિ એવી છે કે, મોટી સંખ્યામાં લોકો અહી દર્શન કરવા આવી રહ્યાં છે. સ્વયંભૂ પ્રગટ થયેલું 'શિવલિંગ' હવે આસ્થાનું ધામ બની ગયુ છે. જેને કારણે અહીં રોજ 5 હજાર લોકો દર્શન માટે ઉમટી પડે છે. એટલુ જ નહિ, આ સ્થળે રોજગારીનુ કેન્દ્ર પણ બન્યુ છે. કારણ કે, અહીં આવનારા દર્શનાર્થીઓ માટે ચા-નાસ્તા અને ખાણીપીણીની દુકાનો પણ ચાલુ થઈ ગઈ છે. જેથી અહી સવારથી લઈને રાત સુધી ચહલપહલ હોય છે.

**જેસીબીનો પંજો તૂટ્યો પણ શિવલિંગને કંઈ ન થયુ** | આ શિવલિંગને પહેલી નજરે જોનારા બુધાભાઈ કહે છે કે, હુ નજીક જ રહુ છું. તેથી અમે તેની તસવીરો લઈને સોશિયલ મીડિયા પર મૂકી હતી. જે દિવસે અહી કામ ચાલતુ હતું ત્યારે રેલવેવાળા આ તળાવમાંથી જ્યારે માટી લેતા હતા ત્યારે JCBનો પંજો તૂટી પડ્યો હતો, પણ શિવલિંગને કંઈ નુકસાન થયું નહોતું.'



# બુમ-બુમ બુમરાહે અંગ્રેજોના છોતરાં કાઢી નાખ્યા, 1 ઓવરમાં 35 રન કરીને બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ

ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ ટીમ ઈંગ્લેંડ વિરૂદ્ધ પાંચ મેચોની ટેસ્ટ સીરીઝના અંતિમ મુકાબલામાં ટકરાઈ છે. આ મેચમાં ટીમ ઈન્ડીયાએ ઋષભ પંત અને રવિન્દ્ર જાડેજાની સદી બાદ શાનદાર વાપસી કરી. પરંતુ આ બંને ખેલાડીઓ કરતાં વધુ ચર્ચામાં જે ખેલાડી છે તે છે ટીમ ઈન્ડીયાના નવા કેપ્ટન જસપ્રીત બુમરાહ. બુમરાહ પાંચમા દિવસે બેટીંગ કરવા ઉતર્યા તેમણે એક નવો ઈતિહાસ રચી દીધો.

## બુમરાહે ફટકાર્યા 35 રન

જસપ્રીત બુમરાહ ટીમ ઈન્ડીયા માટે પાંચમી ટેસ્ટના બીજા દિવસે બેટીંગ કરવા માટે આવ્યા તો તેમણે કમાલ કરી દીધો. બુમરાહે ઈંગ્લેંડના મુખ્ય બોલર સ્ટુઅર્ટ બ્રોડના છોતરા કાઢી નાખ્યા. જોકે બ્રોડ ઈંગ્લેંડ માટે 84મી ઓવર લઈને આવ્યા. બુમરાહે આ ઓવરમાં તેમના પર જોરદાર હુમલો કરતાં 35 રન ફટકાર્યા. આ ટેસ્ટ ક્રિકેટમાં એક ઈતિહાસ છે અને આજ સુધી મોટામાં મોટા બેટ્સમેન એક ઓવરમાં આટલા રન ફટકારી શક્યા નથી.

## ચોગ્ગા-સિક્સરની વણઝાર

બુમરાહ બ્રોડની ઓવરના પ્રથમ બોલ પરથી જ તૂટી પડ્યા. તેમણે આ ઓવરના પ્રથમ બોલમાં ચોગ્ગો ફટકાર્યો, બીજો બોલ વાઈડ સાથે જ એક ચોગ્ગો જતો રહ્યો. ત્રીજા બોલ બ્રોડે નો બોલ ફેંક્યો અને તેના પર બુમરાહે સિક્સર ફટકારી. આ સાથે જ બુમરાહે સતત ત્રણ ચોગ્ગા અને એક સિક્સર ફટકારી. ત્યારબાદ પણ આ ઓવરના છેલ્લો બોલ બાકી હતો. બુમરાહે સિંગલ લઈને સ્ટ્રાઈક બદલી દીધી. આ મુજબ બ્રોડની એક ઓવરમાં કુલ 35 રન બનાવ્યા. આ એક વર્લ્ડ રેકોર્ડ છે. આ પહેલાં બ્રાયન લારાએ એક ઓવરમાં 28 રન ફટકારી રેકોર્ડ બનાવ્યો હતો.

**ટેસ્ટ ક્રિકેટમાં એક ઓવરમાં સૌથી વધારે રન**

- 35 રન, બર્મિંગહામમાં 2022માં, હીરો જસપ્રિત બુમરાહ.
- 28 રન, જોહનિસબર્ગમાં 2003માં, હીરો બ્રાઈન લારા.
- 28 રન, પર્થમાં 2013માં, હીરો જોર્જ બેલી.
- 28 રન, પોર્ટ એલિજાબેથમાં 2020માં, હીરો. કેશવ મહારાજ.

# વિરાટને T20 વર્લ્ડકપની ટીમમાં નહીં મળે સ્થાન! સેહવાગે કરી જાહેરાત

ગુજરાત | વંદન

20 વર્લ્ડકપ 2022 માટે ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ વર્ષે ઓક્ટોબર- નવેમ્બરમાં ટી20 વર્લ્ડકપ રમાનાર છે. ટી20 ક્રિકેટમાં વિરાટ કોહલી ભારતનો સૌથી સફળ બેટ્સમેનોમાંથી એક છે. તે ટીમ ઈન્ડિયાના બેટિંગ ઓર્ડરમાં ટોપ-3માં ઉતરે છે, પરંતુ ભારતીય ક્રિકેટના એક દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલીને ટી20 વર્લ્ડકપ 2022ની ટીમમાં ટોપ-3નો હિસ્સો માનતા નથી.

**આ દિગ્ગજે આપ્યું મોટું નિવેદન** | છેલ્લા કેટલાક સમયથી વિરાટ કોહલી (વિરાટ કોહલી) ખૂબ જ ખરાબ ફોર્મમાં ચાલી રહ્યો છે, પરંતુ તેઓ ટીમના મહત્વપૂર્ણ ખેલાડીઓમાંથી એક છે. ત્યારે પૂર્વ દિગ્ગજ ખેલાડી વીરેન્દ્ર સહવાગે વિરાટ કોહલી પર એક મોટું નિવેદન આપ્યું છે. વીરેન્દ્ર સેહવાગે ટી20 વર્લ્ડકપ 2022ની ટીમમાં વિરાટ કોહલીને ટોપ-3નો હિસ્સો માની રહ્યા નથી. તેઓ કોહલીના સ્થાને એક યુવા ખેલડીને ટીમમાં સામેલ કરવા માંગે છે.

## આ ખેલાડીને મળ્યું ટોપ-3માં સ્થાન



વિરાટ કોહલીની કેપ્ટનશિપમાં ટીમ ઈન્ડિયાને ગત વર્ષે ટી20 વર્લ્ડકપમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારથી વિરાટ કોહલી ટી20માં સારું પ્રદર્શન કરી રહ્યા નથી. સેહવાગે ટોપ-3ના બેટિંગ ક્રમ વિશે જણાવ્યું હતું કે, ટીમ ઈન્ડિયાની પાસે ઘણા સારા ઓપ્શન છે, પરંતુ મારું માનવું છે કે જ્યારે ઈન્ડિયા આ વર્ષ ઓસ્ટ્રેલિયામાં ટી20 વર્લ્ડકપ રમવા જાય ત્યારે ટોપ-3માં રોહિત શર્મા, ઈશાન કિશન અને કેએલ રાહુલ જ હોવા જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, 'રોહિત અને ઈશાનનું લેફ્ટ-રાઈટ કોમ્બિનેશન છે અને ઈશાન અને રાહુલ ટી20 વર્લ્ડકપમાં પણ સારી જોડી સાબિત થશે.'

## આ ખેલાડીને T20 વર્લ્ડકપમાં સામેલ કરવો જોઈએ

વીરેન્દ્ર સેહવાગ પણ ટી20 વર્લ્ડ કપ 2022 માટે ટીમ ઈન્ડિયાની ટીમમાં યુવા ફાસ્ટ બોલરને જોવા માંગે છે. આ ખેલાડી બીજો કોઈ નહીં પણ ઉમરાન મલિક છે. ઉમરાન મલિકના વખાણ કરતા સેહવાગે જણાવ્યું હતું કે, 'છેલ્લા કેટલાક વર્ષોમાં જો કોઈ ફાસ્ટ બોલરે મને પ્રભાવિત કર્યો હોય તો તે છે ઉમરાન મલિક. તે જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ શમીની સાથે પેસ આક્રમણનો ભાગ હોવો જોઈએ.

# ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ભારતની શરમજનક હાર

## પાંચમી ટેસ્ટમાં 7 વિકેટથી અંગ્રેજોએ મ્હાત આપી, 350+નો ટાર્ગેટ આપીને પહેલી વખત ટીમ ઈન્ડિયા મેચ હારી

ગુજરાત | વંદન

ભારતનું ઈંગ્લેન્ડમાં 15 વર્ષ પછી ટેસ્ટ સીરીઝ જીતવાનું સપનું તૂટી ગયું છે. ઈંગ્લેન્ડે બર્મિંગહામ ટેસ્ટમાં ઈન્ડિયાને 7 વિકેટથી હરાવ્યું છે. શાનદાર ફોર્મને કારણે જો રૂટ (142) અને જોની બેયરસ્ટો (114) વચ્ચે ચોથી વિકેટ માટે 269 રનની પાર્ટનરશિપના કારણે ઈંગ્લેન્ડે 378 રનના ટાર્ગેટને ત્રણ વિકેટ ગુમાવીને મેળવી લીધો. આ સાથે જ પાંચ ટેસ્ટની સીરીઝ 2-2થી બરોબરી પણ પૂરી થઈ.

આ પહેલી વખત છે જ્યારે ભારતે વિરોધી ટીમને 350 રનથી વધુનો ટાર્ગેટ આપ્યો હોય તેમ છતાં મેચ ગુમાવી દીધી હોય.

જો રુટે પાંચમા દિવસે પોતાની ટેસ્ટ કરિયરની 28મી સેન્ચુરી ફટકારી, 2021 પછી ઈંગ્લેન્ડના આ બેટ્સમેનના બેટમાંથી 47 ઈનિંગમાં 11 સેન્ચુરી મારી છે. ભારત વિરૂદ્ધ રુટની 9મી સેન્ચુરી હતી. ભારતીય ટીમ બીજી ઈનિંગમાં 245 રને ઓલઆઉટ થઈ ગઈ અને ઈંગ્લેન્ડને 378 રનનો ટાર્ગેટ આપ્યો હતો.

એવું લાગતું હતું કે લક્ષ્યાંક મોટો છે, પરંતુ ભારતીય બોલર્સને પહેલા ઈંગ્લેન્ડના ઓપનર બેટ્સમેનોએ ધોઈ નાખ્યા. એલેક્સ લીસ અને જેક ક્રોલીએ પહેલી વિકેટ માટે 107 રન કર્યા, જો કે તે બાદ 2 રનની અંદર 3 બેટ્સમેન પેવેલિયન પરત ફર્યા ત્યારે એવું લાગતું હતું કે ભારતે મેચમાં વાપસી કરી છે. પરંતુ એવું ન થયું. જોની બેયરસ્ટો અને જો રુટે આખી મેચ જ બદલી નાખી.



છેલ્લા દિવસે ઈંગ્લેન્ડને જીત માટે 119 રન જોઈતા હતા અને તેની પાસે સાત વિકેટ હતી. આ પહેલાં ઓસ્ટ્રેલિયાએ 1977માં ટીમ ઈન્ડિયા સામે 339 રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો.

### ભારતની બીજી ઈનિંગ

બીજી ઈનિંગમાં ભારતની પ્રથમ વિકેટ 4 રને પડી હતી. ગિલ 4 રન બનાવી આઉટ થયો હતો. પૂજારાએ સૌથી વધારે 66 રન અને પંતે 57 રન બનાવ્યા હતા. શાર્દૂલ ઠાકુર માત્ર 4 રન પર આઉટ થયો હતો. ભારત 245 રન પર ઓલ આઉટ થયું હતું. ઈંગ્લેન્ડ વતી બીજી ઈનિંગમાં બેન સ્ટોક્સે સૌથી વધારે 4 વિકેટ લીધી હતી. જ્યારે સ્ટુઅર્ટ બ્રોડ અને મેથ્યુ પોટ્સે 2-2 તેમજ એન્ડરસન અને જેક્સ લીચે 1-1 વિકેટ લીધી હતી. એન્ડરસને પ્રથમ ઈનિંગમાં 5 વિકેટ લીધી હતી.

# મહિલા ખેલાડીઓને પણ પુરૂષ ક્રિકેટરોના સમાન વેતન મળશે

ગુજરાત | વંદન

ન્યુઝીલેન્ડની મહિલા ક્રિકેટરોને હવે આંતરરાષ્ટ્રીય અને ટોપ લેવલ ડોમેસ્ટિક મેચો માટે પુરૂષ ક્રિકેટરોની સમાન વેતન મળશે. ન્યુઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે જાહેરાત કરી છે કે, પ્રોફેશનલ મહિલા અને પુરૂષ ક્રિકેટરોને સમાન રમત માટે સમાન વેતન મળશે. તેના માટે 5 વર્ષની ડીલ કરવામાં આવી છે. જેમાં વ્હાઈટ ફર્નેસ અને સ્થાનિક મહિલા ખેલાડીઓને ODI, T20I, ફોર્ડ ટ્રોફી અને સુપર સ્મેશ સ્તર સહિત તમામ ફોર્મેટ અને સ્પર્ધાઓમાં પુરૂષો જેટલી મેચ ફી મળશે.

આ એગ્રીમેન્ટ ન્યુઝીલેન્ડમાં મહિલા ક્રિકેટરોને આપવામાં આવતા કરારની સંખ્યામાં પણ વધારો કરે છે અને ઉભરતા ખેલાડીઓ માટે ઉપલબ્ધ સ્પર્ધાત્મક મેચોની સંખ્યામાં વધારો કરે છે. વ્હાઈટ ફર્ન્સની કેપ્ટન સોફી ડેવિને કહ્યું હતું કે, આ એગ્રીમેન્ટ મહિલા ક્રિકેટ માટે ગેમ ચેન્જર હશે.


## રાંચીના 'રાજકુમાર' ધોનીનો આજે જન્મદિવસ

# ICCની ત્રણેય ટ્રોફી જીતનાર ધોની વિશ્વનો એકમાત્ર કેપ્ટન

ગુજરાત | વંદન

ભૂતપૂર્વ કેપ્ટન કૂલ મહેન્દ્ર સિંહ ધોનીનો આજે 41મો જન્મદિવસ છે. તે પોતાનુ જન્મદિવસ મનાવવા લંડન પહોચ્યો છે. ધોનીના કરિયરની વાત કરીયે તે પોતાની કેપ્ટનશિપમાં ઘણા રેકોર્ડ બનાવ્યા. તેણે 15 ઓગસ્ટ 2020ના રોજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહ્યું.

**ICCની ત્રણેય ટ્રોફી જીતનાર ધોની એકમાત્ર કેપ્ટન છે**| રાંચીના રાજકુમાર મહેન્દ્ર સિંહ ધોનીએ તેની કેપ્ટનશિપ હેઠળ ત્રણેય મોટી ICC ટૂર્નામેન્ટ, T20 વર્લ્ડ કપ, ODI વર્લ્ડ કપ અને ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે. આ સિદ્ધિ મેળવનાર તે વિશ્વનો એકમાત્ર કેપ્ટન છે. મેદાન પર તેના શાંત સ્વભાવ માટે પ્રખ્યાત, ધોનીએ ભારત માટે 90 ટેસ્ટ, 350 ODI અને 98 T20



આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. તેણે ટેસ્ટમાં 4,876 રન અને વનડેમાં 10,773 રન બનાવ્યા હતા. T20માં માહીના નામે 1,617 રન છે.

**આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ સ્ટમ્પિંગ ધોનીના નામે** | આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ સ્ટમ્પિંગ કરવાનો રેકોર્ડ મહેન્દ્ર સિંહ ધોનીના નામે છે. તેણે 538 આંતરરાષ્ટ્રીય મેચોમાં કુલ 195 સ્ટમ્પિંગ કર્યા છે. આ યાદીમાં બીજા નંબરે શ્રીલંકાના દિગ્ગજ કુમાર સંગાકારા છે.

**વિકેટકીપર તરીકે ODIમાં સૌથી વધુ સ્કોર** | વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં વિકેટ કીપર તરીકે સૌથી મોટી ઈનિંગ્સ રમવાનો રેકોર્ડ ધોનીના નામે છે. તેણે વર્ષ 2005માં જયપુરમાં શ્રીલંકા સામે અણનમ 183 રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન ધોનીએ 15 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકાર્યા હતા. તેણે 145 બોલમાં 15 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકાર્યા હતા.

**રેકોર્ડ 2 વખત ICC પ્લેયર ઓફ ધ યર પસંદ** | IPLમાં થાલા તરીકે પ્રખ્યાત ધોનીને ICC ODI પ્લેયર ઓફ ધ યર તરીકે બે વાર પસંદ કરવામાં આવ્યો હતો. તેણે 2008 અને 2009માં સતત બે વખત આ ખિતાબ જીત્યો હતો. બે વખત આ સિદ્ધિ મેળવનાર તે પ્રથમ ખેલાડી છે.

# કેનેડા અંડર-19 ટીમમાં 15માંથી 10 ખેલાડીઓ મૂળ ગુજરાતી! નવસારીનો જશ બન્યો કેપ્ટન

ગુજરાત | વંદન

ક્રિકેટએ એક ઝુનુન છે. ભારતમાં એ થી પણ વધારે ક્રિકેટ એ એક ધર્મ બની ગયો છે. સચિન તેંડુલકર દુનિયાભરમાં આ ક્રિકેટના ભગવાન તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યા છે. ત્યારે ઘણાં એવા ખેલાડીઓ છે જેમને દેશમાં તક નથી મળતી તો તેઓ બીજે એટલેકે, વિદેશમાં જઈને પણ પોતાના ટેલેન્ટને પ્રસ્થાપિત કરતા હોય છે. કંઈ આવું જ કર્યું છે નવસારી જિલ્લાના યશ અને એ સિવાય કેનેડામાં રહેતા બીજા ગુજ્જુ બોઈસે.

જે ક્રિકેટર્સને એવું લાગતું હોય તે તેમને સ્પર્ધાના કારણે ભારતમાં તક નહીં મળે તેઓ પહેલાંથી જ આનું પ્લાનિંગ કરીને વિદેશમાં ક્રિકેટની ટીમમાં સિલેક્ટ થવા માટે મહેનતમાં લાગી જતા હોય છે. હજુ ઘણાં દેશો એવા છે જ્યાં ક્રિકેટને એટલું મહત્ત્વ નથી આપવામાં આવતું. જોકે, ધીરે ધીરે હવે અમેરિકા જેવા દેશો પણ ક્રિકેટની ટીમ બનાવવા માટે મહેનત



કરી રહ્યાં છે. એવામાં કેનેડામાં નવસારીના યશે ગુજરાતનો ડંકો વગાડ્યો છે. નવસારીનો જશ કેનેડાથી ભારત આવી પુના સ્થિત ક્રિકેટ ક્લબમાં તાલીમ લીધી હતી. જે બાદ 8 મહિના પહેલાં તેની કેનેડાની ટીમમાં સ્થાન મળ્યું હતું.

કેનેડાની અંડર 19 ટીમમાં ગુજરાતીઓનો ડંકો વાગ્યો છે. 15 પ્લેયરની સ્કોડમાં 10 પ્લેયર મૂળ ગુજરાતી છે. જેમાંથી 2 પ્લેયર નવસારીના છે. જશ શાહ અને સિદ્ધ લાડ બંને ખેલાડીઓ નવસારીના છે. ત્યારે, હવે કેનેડામાં રહીને પણ ગુજરાતીઓ ગુજરાતનું નામ રોશન કરશે.

મૂળ નવસારીના અને કેનેડામાં 17 વર્ષથી સ્થાયી થયેલાજશ પટેલનું કેનેડા ક્રિકેટ ક્લબમાં અંડર 19 વર્લ્ડ કપ ટીમ માટે 8 મહિના પહેલા સિલેક્શન થયું હતું. ત્યારે હવે તેના સારા પ્રદર્શનના પગલે કેનેડા ક્રિકેટના પદાધિકારીઓએ જશને કેનેડા અંડર 19 ટીમની સુકાની આપી છે. જશ શાહ કેનેડામાં બિઝનેસ ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરી રહ્યો છે. સાથે સાથે તે ક્રિકેટ પણ રમે છે. જશના પિતા પણ ક્રિકેટ પ્રેમી છે. જેના કારણે જશનો પણ ક્રિકેટમાં રસ વધ્યો હતો. જશના ક્રિકેટમાં રસ વધતાં તેના પિતાએ તેને પુણે ખાતેની ક્રિકેટ ક્લબમાં એનરોલ કર્યો હતો. જ્યાં જશે સાત વર્ષ ક્રિકેટની ટ્રેનિંગ લીધી હતી. જે બાદ તે કેનેડા ગયો હતો.

**નેતૃત્વ** સતત ત્રણ રિપોર્ટ નેગેટીવ આવ્યા; બુમરાહને ટીમમાં કેપ્ટનશીપની જવાબદારી સોંપવામાં આવી હતી

# કેપ્ટન રોહિત શર્મા કોરોના મુક્ત થયો; ઈંગ્લેન્ડ સામે ત્રણ T-20 મેચમાં કપ્તાની કરશે

ગુજરાત | વંદન

ઈંગ્લેન્ડ સામે મર્યાદિત ઓવરની સિરીઝ અગાઉ ટીમ ઈન્ડિયા માટે સારા સમાચાર આવ્યા છે. કેપ્ટન રોહિત શર્મા કોરોના મુક્ત થઈ ગયો છે. તેનો સતત ત્રણ રિપોર્ટ નેગેટીવ આવ્યો છે. હવે રોહિત 7 જુલાઈથી શરૂ થઈ રહેલી 3 T-20 મેચની સિરીઝની પ્રથમ મેચમાં ટીમનું નેતૃત્વ કરશે. રોહિત શર્મા બર્મિંગહામમાં રમાઈ રહેલી 5મી ટેસ્ટ અગાઉ કોરોના સંક્રમિત થયો હતો. તેને લીધે તેણે મેચમાંથી બહાર થવું પડ્યું હતું. તેના સ્થાને ઝડપી બોલર જસપ્રીત બુમરાહને ટીમમાં કેપ્ટનશીપની જવાબદારી સોંપવામાં આવેલી છે.

રોહિતની ગેરહાજરીમાં ભારતીય ઈનિંગની શરૂઆત કરવાની જવાબદારી ચેતેશ્વર પુજારાએ નિભાવી છે. રિઝર્વ ખેલાડી તરીકે ટીમમાં સામેલ કરવામાં આવેલ મયંક અગ્રવાલને ઈંગ્લેન્ડ બોલાવવામાં આવ્યો હતો.

## પ્રથમ T-20માં પંત, બુમરાહ અને વિરાટ રમશે નહીં



ઈંગ્લેન્ડ સામે ત્રણ T-20 મેચની સિરીઝની પ્રથમ મેચમાં વિરાટ કોહલી, જસપ્રીત બુમરાહ અને ઋષભ પંત નહીં રમે. આ તમામ ખેલાડી 1લી જુલાઈથી બર્મિંગહામમાં શરૂ થયેલી મેચમાં રહી રહ્યા છે. આ મેચ 5 જુલાઈના રોજ પૂરી થશે અને પ્રથમ T-20 7મી જુલાઈના રોજ રમાશે. બન્ને મેચમાં ઓછો ગેપ હોવાથી ટેસ્ટમાં ઉતરનાર ખેલાડીઓને પ્રથમ T-20માં આરામ આપવામાં આવશે. આ ખેલાડીઓ સિરીઝની બીજી મેચમાં ટીમમાં જોડાશે.

### ક્વૉરેન્ટાઈનમાંથી બહાર આવ્યો હિટમેન

રોહિત શર્મા ક્વૉરેન્ટાઈનમાંથી બહાર આવ્યો છે. હવે તેને કોરોના પ્રોટોકોલ હેઠળ લંગ્સની તપાસમાંથી પસાર થવાનું રહેશે. આ ટેસ્ટ બાદ તેઓ ટીમ સાથે જોડાઈ શકશે. કોરોના મહામારીની સૌથી વધારે અસર ફેફસાં પર થાય છે.

# મુંબઈમાં જન્મેલા એલેક્સ એમ્બ્રોસ સામે વધુ કાર્યવાહી થશે

■ ભારતની અંડર-૧૭ મહિલા ફૂટબોલ ટીમના આસી. કોચની યૌન શોષણના આરોપ બાદ હકાલપટ્ટી

ગુજરાત | વંદન

ભારતની અંડર-૧૭ મહિલા ફૂટબોલ ટીમના આસીસ્ટન્ટ કોચ તરીકેની જવાબદારી સંભાળી રહેલા ભારતના ભૂતપૂર્વ ખેલાડી એલેક્સ એમ્બ્રોસ પર યૌન શોષણનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જે પછી એલેક્સની હકાલપટ્ટી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલમાં ભારતીય ફૂટબોલનું સંચાલન સુપ્રીમ કોર્ટે નિમેલી કમિટિ ઓફ એડમિનિસ્ટ્રેટર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

એલેક્સ એમ્બ્રોસની સામે વધુ કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે. ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશને આ મામલે 30મી જુને ખુલાસો કર્યો હતો. ભારતની અંડર-૧૭ મહિલા ટીમ હાલમાં યુરોપના પ્રવાસે છે અને આ



દરમિયાન એલેક્સ એમ્બ્રોસ પર યૌન શોષણનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જે પછી એઆઈએફએફ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે તેની સામે તપાસની કાર્યવાહી આગળ ધપાવવામાં આવશે. એલેક્સ એમ્બ્રોસ ભારત પરત ફરે ત્યાર બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે. ફિફા અંડર-૧૭ મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ ઓક્ટોબર મહિનામા ભારતની ભૂમિ પર યોજાવાનો છે. ભારતની અંડર-૧૭ મહિલા ફૂટબોલ ટીમ આ વર્લ્ડ કપની ટીમ વર્લ્ડ કપની તૈયારીના ભાગરૂપે જ યુરોપ પ્રવાસે ગઈ છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



### ગૃહમંત્રીએ કહ્યું, કોંગ્રેસ સંપૂર્ણપણે હતાશ અને નિરાશ

# આગામી 30થી 40 વર્ષ સુધી ભાજપનો જ યુગ રહેશે, ભારત બનશે વિશ્વગુરૂ: શાહ

ગુજરાત | વંદન

ભાજપના દિગ્ગજ નેતા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે હૈદરાબાદમાં પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારી બેઠકમાં કહ્યુ કે આગામી 30થી 40 વર્ષ સુધીનો સમય ભાજપનો હશે અને આ દરમિયાન ભારત વિશ્વ ગુરુ બની જશે. વંશવાદ, જાતિવાદ અને તુષ્ટિકરણ આ દેશની રાજનીતિ માટે મોટો અભિશાપ હતો, જે દેશની પીડાનુ કારણ હતુ.

ગૃહ મંત્રીએ કહ્યુ કે ભાજપ તેલંગાણા અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં પારિવારિક શાસનને ખતમ કરી દેશે અને આંધ્ર પ્રદેશ, તમિલનાડુ અને ઓડિશા સહિત અન્ય રાજ્યોમાં પણ સત્તામાં આવશે. 2014થી કેન્દ્રમાં સત્તામાં રહેલી ભાજપ આ રાજ્યોમાં સત્તાની બહાર છે.

હૈદરાબાદમાં ભાજપની રાષ્ટ્રીય કાર્ય સમિતિની બેઠક દરમિયાન પસાર કરવામાં આવેલા રાજકીય ઠરાવ પર બોલતા અમિત શાહે જાતિવાદ, વંશવાદ અને તુષ્ટિકરણની રાજનીતિનો અંત લાવવા અને તાજેતરની વિધાનસભા અને વિવિધ પેટાચૂંટણીઓમાં પાર્ટીની જીત માટે હાકલ કરી. આનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે વિકાસની રાજનીતિ અને ભાજપની સારી કામગીરી પર આ જનતાની મહોર છે.

તેમણે દક્ષિણ ભારતને ભાજપના ઉદયનું નવું ક્ષેત્ર ગણાવ્યું અને કહ્યું કે વર્તમાન રાજકારણમાં દેશના વિપક્ષી દળો વિખરાયેલા છે. કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં તેમણે કહ્યું હતું કે દેશની મુખ્ય વિપક્ષી પાર્ટીમાં લોકશાહીની સ્થાપના માટે તેના જ સભ્યો લડી રહ્યા છે, પરંતુ ગાંધી પરિવાર ડરના કારણે પ્રમુખ પદ માટે ચૂંટણી નથી કરાવી રહ્યો.

### નવો વિવાદ: રામ રહિમ અસલી કે નકલી?

# સમર્થકોનો દાવો- જેલ મુક્ત વ્યક્તિ અસલી રામ રહિમ નહીં

ગુજરાત | વંદન



હરિયાણાના ડેરા સચ્ચા સૌદા પ્રમુખ રામ રહીમને પેરોલ આપવામાં આવી છે. જેલ વિભાગે રોહતકની સુનારિયા જેલમાં બંધ ગુરમીત રામ રહીમને પેરોલ આપી છે. ત્યારે હવે ડેરાના સમર્થકોને એવી શંકા થઈ રહી છે કે, જેલમાંથી બહાર આવેલો રામ રહીમ અસલી નથી અને આ મામલે તપાસ માટે તેમણે હાઈકોર્ટમાં એક અરજી પણ કરી છે.

**હાવભાવ અસલી રામ રહીમ જેવા ન હોવાની શંકા** |અરજીમાં એવું કહેવામાં આવ્યું છે કે, પેરોલ પર બહાર આવેલા ડેરા પ્રમુખના હાવભાવ અસલી રામ રહીમ જેવા નથી. સાથે જ એવો દાવો કરવામાં આવ્યો છે કે, અસલી ડેરા પ્રમુખને રાજસ્થાન લઈ જવામાં આવ્યો છે. અરજીમાં સરકાર સમક્ષ આ મામલે તપાસ કરવા માગણી કરવામાં આવી છે અને સોમવારના રોજ હાઈકોર્ટમાં આ અંગેની સુનાવણી થવાની છે.

**એક મહિનાના પેરોલ મળ્યા**

ગત 17 જૂનના રોજ સવારના સમયે રામ રહીમને જેલમાંથી બહાર લાવવામાં આવ્યો હતો. પેરોલની અવધિ દરમિયાન તે ઉત્તર પ્રદેશના બાગપત આશ્રમમાં રહી રહ્યો છે. આ આશ્રમ બાગપતના બરનાવા ગામમાં આવેલો છે. હરિયાણા સરકારે રામ રહીમને એક મહિનાના પેરોલ આપ્યા છે. ગુરમીત રામ રહીમનો હરિયાણાના સિરસા પછીનો દેશનો સૌથી મોટો આશ્રમ બાગપતમાં આવેલો છે. ગુરમીત રામ રહીમ સિંહને 2017ના વર્ષમાં દુષ્કર્મના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યો ત્યારથી તે હરિયાણામાં રોહતકની સુનારિયા જેલમાં બંધ છે. જોકે હાલ તે એક મહિનાના પેરોલ પર બહાર છે.

# ભારતના પડોશી દેશ નેપાળે ‘પાણીપુરી’ પર મૂકાયો પ્રતિબંધ

ગુજરાત | વંદન



ભારતમાં ખાસ કરીને ગુજરાતના લોકોને વિવિધ જાતની વાનગીઓ ખાવાનો જબરો શોખ છે, તેમાંય જ્યારે ‘પાણીપુરી’ ખાવાની વાત આવે ત્યારે ગુજરાતીઓ સૌથી આગળ હોય છે. પરંતુ ભારતના જ એક પડોશી દેશમાં પાણીપુરીના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, તે પણ એક નાના અમથાં કારણસર..., તો ચાલો જાણીયે...

અમે વાત કરી રહ્યા છે ભારતની ઉત્તર દિશામાં આવેલા પડોશી દેશ નેપાળની. નેપાળની રાજધાની કાઠમંડુના લલિતપુર મેટ્રોપોલિટન સિટીમાં ‘પાણીપુરી’ના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જો કે પ્રતિબંધ મૂકવા પાછળનું કારણ એટલુ મોટુ નથી જેટલુ તમે માની રહ્યા છો. હકીકતમાં આ વિસ્તારના 12 લોકોને કોલેરાની બિમારી થઇ છે, ત્યારબાદ અહીં ‘પાણીપુરી’ના વેચાણ પર સ્થાનિક વહીવટી અધિકારીએ કડક પ્રતિબંધ મૂક્યો છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, ‘પાણીપુરી’ના પાણીમાં બેક્ટેરિયા મળી આવ્યા હતા. આ કારણે લલિતપુર મેટ્રોપોલિટન સિટીએ શહેરમાં ‘પાણીપુરી’ના વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે.

નેપાળના આરોગ્ય મંત્રાલયે તમામ લોકોને સ્વાસ્થ્ય અંગે સાવધાની રાખવા વિનંતી કરી છે, કારણે કે વધારે પડતા ઝાડા-ઉલટી, કોલેરા અને પાણીજન્ય રોગો થવાનું જોખમ સામાન્ય રીતે વરસાદની સિઝનમાં વધી જાય છે.

# મરાઠા કિંગ શરદ પવારની રાજકીય આગાહી; શિંદે સરકાર માત્ર 6 મહીના માટે છે, ત્યાર બાદ...

ગુજરાત | વંદન

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી પ્રમુખ શરદ પવારે કહ્યુ કે મહારાષ્ટ્રમાં મધ્ય ગાળાની ચૂંટણી થવાની સંભાવના છે કેમ કે શિવસેનાના બાગી નેતા એકનાથ શિંદેના નેતૃત્વવાળી સરકાર આગામી 6 મહિનામાં પડી શકે છે. તેમણે એ નિવેદન રાકાંપા ધારાસભ્યો અને પાર્ટીના અન્ય નેતાઓને સંબોધિત કરતા આપ્યુ. શરદ પવારે પોતાની પાર્ટીના ધારાસભ્યો અને અન્ય નેતાઓ સાથે રાજ્યમાં મધ્ય ગાળાની ચૂંટણીની સંભાવનાને ધ્યાનમાં રાખતા જનસંપર્ક વધારવા માટે કહ્યુ.

બેઠકમાં સામેલ રાકાંપાના એક નેતાએ




શરદ પવારના હવાલાથી કહ્યુ, મહારાષ્ટ્રમાં નવરચિત સરકાર આગામી છ મહિનામાં પડી શકે છે. તેથી તમામે મધ્યગાળાની ચૂંટણી માટે તૈયાર રહેવુ જોઈએ. એનસીપી નેતા અનુસાર શરદ પવારે બેઠકમાં કહ્યુ કે શિંદેનુ સમર્થન કરી રહેલા કેટલાક બાગી ધારાસભ્ય હાજર વ્યવસ્થાથી ખુશ નથી. એકવાર મંત્રીઓને વિભાગોની વહેંચણી થયા બાદ તેમની અશાંતિ સામે આવશે, જેના પરિણામ સ્વરૂપ અંતત સરકાર પડી જશે. પવારે એ પણ કહ્યુ કે આ પ્રયોગની નિષ્ફળતાના કારણે કેટલાક બાગી ધારાસભ્ય પોતાની મૂળ પાર્ટીમાં પાછા આવશે. તેમણે કહ્યુ કે જો અમારા હાથમાં માત્ર 6 મહિના છે, તો રાકાંપા ધારાસભ્યોએ પોત-પોતાના વિધાનસભા વિસ્તારમાં વધારે સમય વિતાવવો જોઈએ. શિવસેના-એનસીપી-કોંગ્રેસના ગઠબંધનવાળી મહાવિકાસ અઘાડી સરકારના પતન બાદ એકનાથ શિંદેએ ગત 30 જૂને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા જ્યારે ભાજપના વરિષ્ઠ નેતા દેવેન્દ્ર ફડણવીસે તેમના ડેપ્યુટી તરીકે શપથ લીધા.

# ગજબ કમાલ! બ્રિટનમાં ભારતીય મૂળની મહિલા પર દવાનો થયો ટેસ્ટ અને કેન્સર છૂમંતર

ગુજરાત | વંદન

બ્રિટનની એક હોસ્પિટલમાં ડોક્ટરોએ જબરદસ્ત કમાલ કરી નાખ્યો છે. એક ક્લિનિકલ ટ્રાયલ બાદ ભારતીય મૂળની 51 વર્ષની મહિલામાં સ્તન કેન્સર હોવાના કોઈ જ પુરાવા જોવા મળ્યા નહીં. મહિલાને થોડા વર્ષ પહેલા જણાવવામાં આવ્યું હતું કે તે ગણતરીના મહિનાની મહેમાન છે. માનચેસ્ટરના ફેલોફીલ્ડની જાસમિન ડેવિડ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવામાં સફળ પરીક્ષણ બાદ હવે સપ્ટેમ્બરમાં તેના લગ્નની 25મી વર્ષગાંઠ ઉજવવા માટે મહિલા ખુબ ઉત્સાહિત છે.

**કેન્સરની આ દવા વિશે જાણો** | માનચેસ્ટર ક્લિનિકલ રિસર્ચ ફેસિલિટી (સીઆરએફ)માં બે વર્ષ સુધી ડેવિડ પર કરાયેલા પરીક્ષણ દરમિયાન તેમને એટેઝોલિજુમેબ સાથે એક દવા આપવામાં આવી જે એક ઈમ્યુનોથેરેપી ઔષધિ છે. આ દવા અંત:શિરા દ્વારા અપાય છે. જાસમિન ડેવિડે જણાવ્યું કે મને કેન્સરની સારવાર કરાયે 15 મહિના વીતી ગયા હતા અને તે



તેને લગભગ ભૂલી ચૂકી હતી, પરંતુ તે પાછું આવી ગયું.

તેમણે કહ્યું કે જ્યારે મને પરીક્ષણ માટે કહેવામાં આવ્યું ત્યારે મને ખબર નહતી કે તે મારા કામ આવશે પરંતુ મેં વિચાર્યું કે ઓછામાં ઓછું મારા શરીરનો ઉપયોગ કરીને બીજાની મદદ અને આગામી પેઢી માટે કઈક કરી શકું છું. શરૂઆતમાં મને માથાનો દુ:ખાવો અને ખુબ તાવ સહિત અનેક સમસ્યાઓ જોવા મળી. પણ પછી મને સારવારથી ફાયદો થતો જોવા મળ્યો.

તેમણે જણાવ્યું કે તેમને નવેમ્બર 2017માં સ્તન કેન્સરની બીમારી વિશે ખબર પડી હતી. છ મહિના સુધી તેમની કિમોથેરેપી કરવામાં આવી અને એપ્રિલ 2018માં માસ્ટેકટોમી કરાઈ. ત્યારબાદ 15 રેડિયોથેરેપી કરાઈ અને પછી કેન્સર ખતમ થઈ ગયું.

### 20 જૂને ઉમેશ કોલ્હેની હત્યાનો પ્લાન કરવામાં આવ્યો હતો, સાતની ધરપકડ

# ઉમેશ અન્ય રસ્તેથી ઘરે જતા હત્યાનો પ્રથમ પ્રયાસ નિષ્ફળ ગયો હતો: ખુલાસો

ગુજરાત | વંદન

અમરાવતી કેમિસ્ટ ઉમેશ કોલ્હે હત્યા કેસના 7 આરોપીઓને અમરાવતી કોર્ટમાં રજૂ કર્યા બાદ 4 દિવસના ટ્રાન્ઝિટ રિમાન્ડ પર મોકલવામાં આવ્યા હતા. ઉમેશ કોલ્હેની 21 જૂનના રોજ હત્યા કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ઉમેશ કોલ્હેએ નૂપુર શર્માના સમર્થનમાં એક પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટના વિરોધમાં આરોપી યુસુફ ખાને ઉમેશ કોલ્હેની હત્યાનું કાવતરું ઘડ્યું. ઉમેશ કોલ્હેએ બ્લેક ફ્રીડમ નામથી બનેલા વોટ્સએપ ગ્રુપ પર નૂપુર શર્માના સમર્થનમાં એક પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટ મૂક્યા બાદ યૂસુફ ખાને આ પોસ્ટને રેહબરીયા નામના વોટ્સએપ ગ્રુપ સિવાય અન્ય ગ્રૂપમાં પર્સનલ ચેટ વાયરલ કરી હતી. જે બાદ યૂસુફ ખાન સહિત તમામ આરોપીઓએ ઉમેશ કોલ્હેની હત્યાનું કાવતરું ઘડ્યું હતું.

19 જૂનના રોજ અતીબ, શોએબ, ઈરફાન શેખે એક મિટિંગ કરી હતી. જેમાં નક્કી થયું કે બીજા દિવસે એટલે કે 20 જૂને કોલ્હેની હત્યા કરવામાં આવશે. શોએબને છરી ખરીદવાનું કામ સોંપવામાં આવ્યું હતું. શોએબે તેના મિત્ર પાસેથી 300 રૂપિયામાં છરી ખરીદી હતી. ઉમેશની 20 જૂને હત્યા કરવાનો પ્લાન હતો. તમામ આરોપીઓ નિર્ધારિત સ્થળે કલાકો સુધી રાહ જોતા રહ્યા. પરંતુ ઉમેશ બીજા રસ્તેથી ઘરે જતો




રહ્યો હતો. આવી સ્થિતિમાં આરોપીઓનો પ્લાન બરબાદ થઈ ગયો. 21 જૂનના રોજ સાતમાંથી ત્રણ આરોપી ઉમેશ કોલ્હેની દુકાન પાસે ઊભા રહ્યા અને ઘટનાને અંજામ આપનારા 4 આરોપીઓને ઉમેશની પળે પળની માહિતી આપતા હતા. જ્યારે 21 જૂને ઉમેશ દુકાનમાંથી બહાર નીકળ્યો ત્યારે આ માહિતી શોએબને આપવામાં આવી હતી. શોએબે ઉમેશ પર છરી વડે હુમલો કર્યો હતો.

### ‘જે નુપુરનું માથું વાઢશે, તેને હું મારું મકાન આપીશ’ કહેનારા

# અજમેર દરગાહના ખાતિમ સલમાન ચિશ્તીની ધરપકડ

ગુજરાત | વંદન

અજમેર દરગાહના ખાતિમ સલમાન ચિશ્તીની આખરે ધરપકડ કરવામાં આવી છે. તેણે ભારતીય જનતા પાર્ટીના પૂર્વ પ્રવક્તા નુપુર શર્મા વિરુદ્ધ ભડકાઉ નિવેદન આપ્યું હતું. વીડિયો વાયરલ થયા બાદ અમજેર દરગાહના ખાદિમની ચારેબાજુ આલોચના થઈ રહી હતી.

એડિશનલ સુપ્રીટેન્ડેન્ટ ઓફ પોલીસ વિકાસ સાંગવાને જણાવ્યું કે સલમાન ચિશ્તીને ગત રાતે ધરપકડ કરાયો છે. સલમાન ચિશ્તી દરગાહ પોલીસ મથકનો એક હિસ્ટ્રીશીટર પણ છે, તે વીડિયોમાં નુપુર શર્માનું માથું વાઢી નાખનારાને પોતાનું મકાન ઈનામમાં આપવાની વાત



કહેતો નજરે ચડ્યો હતો.ખાદિમ સલમાન ચિશ્તીનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો એવો જ છે જેવો વીડિયો ઉદયપુરમાં દરજી કન્હૈયાલાલના હત્યારા રિયાઝ મોહમ્મદ અને ગૌસ મોહમ્મદે કન્હૈયાલાલની હત્યા પહેલા તૈયાર કર્યો હતો. લગભગ બે મિનિટ પચાસ સેકન્ડના આ વીડિયોમાં પોતાની ધાર્મિક ભાવનાઓનો હવાલો આપતા સલમાન ચિશ્તી ખુલ્લેઆમ નુપુર શર્માની હત્યાની ધમકી આપતો જોવા મળે છે.

### વડાપ્રધાન બોરિસ જોનસન પર ઉઠાવ્યાં સવાલ

# બ્રિટનના નાણામંત્રી અને હેલ્થ સેક્રેટરીએ આપ્યું રાજીનામું

ગુજરાત | વંદન

બ્રિટનના નાણામંત્રી ઋષિ સુનક અને હેલ્થ સેક્રેટરી સાજિદ જાવિદે રાજીનામું આપી દીધું છે. સુનકે પ્રધાનમંત્રી બોરિસ જોનસનને પત્ર લખીને રાજીનામું આપી દીધું છે. તેમાં તેમણે તેમની કાર્યશૈલી પર સવાલ ઉઠાવ્યા છે.

ઋષિ સુનકે પોતે ટ્વીટ કરી તેની જાણકારી આપી છે. તેમણે કહ્યું કે જનતા આશા કરે છે કે સરકાર યોગ્ય, ગંભીર અને સક્ષમ રીતે સંચાલિત થશે પરંતુ ઘણીવાર આમ થતું નથી. બની શકે કે એક મંત્રીના રૂપમાં આ મારી અંતિમ નોકરી હોય પરંતુ મારું માનવું છે કે આ માપદંડો માટે લડાઇ લડવી જોઈએ. એટલા માટે જ હું પ્રધાનમંત્રી બોરિસની કેબિનેટમાંથી રાજીનામું આપી રહ્યો છું.

# દિલ્હી વિધાનસભાના MLAના પગાર અને ભથ્થા વધશે, વિધેયક પસાર

ગુજરાત | વંદન



દિલ્હી વિધાનસભાએ દેશમાં સૌથી ઓછો પગાર મેળવતા પોતાના ધારાસભ્યોના પગાર અને ભથ્થાઓમાં ૬૬ ટકાથી વધુનો વધારો કરવા સંબધિત બિલને મંજૂરી આપી હતી. પ્રધાનો, ધારાસભ્યો, મુખ્ય દંડક, અધ્યક્ષ-ઉપાધ્યક્ષ અને વિપક્ષના નેતાના પગારમાં વૃદ્ધિ માટે પાંચ અલગ અલગ બિલ રજૂ કરવામાં આવ્યા હતાં. જેને સભ્યોને મંજૂરી આપી હતી.


હવે આ બિલ અંતિમ મંજૂરી માટે રાષ્ટ્રપતિ સમક્ષ મોકલવામાં આવશે. મેંહસૂલ પ્રધાન કૈલાશ ગેહલોત સોમવારે ટ્વિટ કરીને આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ૧૧ વર્ષ પછી ધારાસભ્યોનો પગાર વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દિલ્હીના નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયાએ જણાવ્યું હતું કે પ્રતિભાશાળી લોકોને રાજકારણમાં લાવવા માટે પુરસ્કાર પણ હોવું જોઈએ.

હાલમાં દિલ્હી વિધાનસભાના ધારાસભ્યોને પગાર અને ભથ્થાનાસ્વરૂપમા ૫૪૦૦૦ રૂપિયા મળે છે. જે રાષ્ટ્રપતિની મંજૂરી પછી વધીને ૯૦,૦૦૦ રૂપિયા થઈ જશે. સત્તાવાર આંકડાઓ મુજબ એક ધારાસભ્યને હાલમાં પગાર સ્વરૂપે દર મહિને ૧૨૦૦૦ રૂપિયા મળે છે. જે વધીને ૩૦,૦૦૦ રૂપિયા થઈ જશે. મતવિસ્તાર ભથ્થું ૧૮૦૦૦ રૂપિયાથી વધારી ૨૫૦૦૦૦ રૂપિયા કરવામાં આવશે. જ્યારે કન્વેન્સ એલાઉન્સ ૬૦૦૦થી વધારી ૧૦,૦૦૦ રૂપિયા કરવામાં આવશે.

# બિલ ગેટ્સએ શેર કર્યો પોતાનો 48 વર્ષ જૂનો Resume, નોકરી શોધી રહેલાને ખાસ સંદેશ

ગુજરાત | વંદન

માઈક્રોસોફ્ટના કો ફાઉન્ડર બિલ ગેટ્સને દુનિયામાં કોણ ઓળખતું નથી. તેમની સફળતા જ એવી છે કે હવે મોટાભાગના લોકો માટે પ્રેરણા બની ગયા છે. બિલ ગેટ્સને મળેલી સફળતાએ જણાવ્યું કે માણસના સપના ખરેખર સાચા થાય છે. બસ જરૂર હોય છે તેના સખત મહેનત અને ધૈર્ય રાખવાની. હાલમાં બિલ ગેટ્સનો રિઝ્યૂમ ખુબ ચર્ચામાં છે. જોકે આ વાતથી આપણે બધા સારી રીતે પરિચિત છીએ કે રિઝ્યૂમ કોઈ નોકરીની શોધી રહેલા વ્યક્તિ માટે કેટલો મહત્વપૂર્ણ હોય છે.



નોકરી મેળવવા માટે રિઝ્યૂમ હોવો જોઈએ જે તમારી યોગ્યતા, અનુભવ અને કૌશલને સારી રીતે દર્શાવી શકે. રિઝ્યૂમ, હાયરિંગ માટે સૌથી મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. દુનિયાના સૌથી અમીર લોકોમાં સામેલ વ્યક્તિ બિલ ગેટ્સએ તાજેતરમાં જ 48 વર્ષ પહેલાંનો પોતાનો રિઝ્યૂમ શેર કર્યો છે. તેમણે તેને શેર કરતાં કહ્યું કે તેમને વિશ્વાસ છે કે આજના રિઝ્યૂમના મુકાબલે ઘણો સારો છે.

બિલ ગેટ્સ દ્વારા શેર કરવામાં આવેલા 1974 ના રિઝ્યૂમમાં તેમનું નામ વિલિયમ એચ ગેટ્સ છે. આ ત્યારનું છે જ્યારે તે હાર્વર્ડ કોલેજમાં ફર્સ્ટ ઈયરમાં ભણી રહ્યા હતા. બિલ ગેટ્સએ પોતાના રિઝ્યૂમમાં મેંશન કર્યું છે કે તેમણે ઓપરેટિંગ સિસ્ટમ સ્ટ્રક્ચર, ડેટાબે મેનેજમેન્ટ, કંપાઈલર કંસ્ટ્રક્શન અને કોમ્પ્યુટર ગ્રાફિક્સ જેવા કોર્સ કર્યા છે. રિઝ્યૂમમાં લખ્યું છે કે તેમને FORTRAN, COBOL, ALGOL, BASIC, વગેરે જેવી તમામ મુખ્ય પ્રોગ્રામિંગ લેંગ્વેંઝમાં અનુભવ છે.

### મોબાઈલ ફોનનું વળગણ જોઈને શોધક નિરાશ થયા, કહ્યું-મિત્રો સાથે પણ સમય વિતાવો

# મોબાઇલ ફોનના શોધક માર્ટિન પોતે જ ઓછામાં ઓછો વપરાશ કરે છે..!

ગુજરાત | વંદન

આજના સમયમાં જ્યાં જુઓ ત્યાં લોકો હાલતાં-ચાલતા મોબાઈલ ફોનમાં રહે છે. બસમાં બેઠાં બેઠાં કે કારમાંથી ઉતરતાં જ ફોનમાં વાત કરતાં જોવા મળે છે. ખતરનાક તો એ છે કે કેટલાક તો ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતાં જોવા મળે છે. જેમાં ડોકને એક તરફ નમાવીને ખભો અને કાનની વચ્ચે મોબાઈલ ફોન દબાવી રાખીને ચાલુ વાહને સડસડાટ જતાં હોય ત્યારે જોનારને બીક લાગે કે હમણાં ક્યાંક ટકરાઇ જશે..? મોબાઈલનું ખરા અર્થમાં વળગણ થઇ ગયું એમ જો કહીએ તો તેમાં અતિશયોક્તિ નહીં ગણાય. પણ મજા તો એ છે કે જેમણે મોબાઈલ ફોનની શોધ કરીને દુનિયા આખીને વ્યસ્ત કરી તે માર્ટિન કૂપર પોતે ઓછામાં ઓછો મોબાઈલ વાપરે છે...!

વર્તમાન સમયમાં લોકો તેમની આસપાસના જીવન કરતાં તેમના મોબાઈલમાં વધુ જુએ છે. આ મોબાઈલની શોધ કરવાનો શ્રેય માર્ટિન કૂપરને આપવામાં આવે છે. તેણે 1973માં મોબાઈલની શોધ કરી હતી. પરંતુ હવે તેણે પોતે જ તેના ઈન્ટરવ્યુમાં લોકોને તેનો ઉપયોગ ઓછો કરવા વિનંતી કરી છે..!. આ મુલાકાતે બધાને ચોંકાવી દીધા હતા. તે શા માટે માર્ટિને પોતે બનાવેલી વસ્તુનો ઉપયોગ ઘટાડવા વિનંતી કરી રહ્યા છે?

તાજેતરમાં, માર્ટિન એક ચેટ શોમાં જોવા



મળ્યા . જેમાં શોધક અને એન્જિનિયર માર્ટિને જણાવ્યું કે તે પોતાના ચોવીસ કલાકમાં માત્ર પાંચ ટકા સમય મોબાઈલ જોવામાં વિતાવે છે. મૂળ શિકાગોના રહેવાસી માર્ટીનને જ્યારે એક ઈન્ટરવ્યુમાં પૂછવામાં આવ્યું કે જે લોકો પોતાનો મોટાભાગનો સમય મોબાઈલ પર વિતાવે છે તેમને તે શું કહેશે? આના પર માર્ટિને કહ્યું કે આવા લોકોએ પોતાનો મોબાઈલ બંધ કરી દેવો જોઈએ અને પોતાનું જીવન થોડું જીવવું જોઈએ.

1970 ના દાયકામાં મોબાઇલ વિશ્વમાં તદ્દન ક્રાંતિકારી લાવવામાં આવ્યો હતો. તે સમયે મોટાભાગની કારમાં બેટરીથી ચાલતા ફોન લગાવવામાં આવતા હતા. પરંતુ માર્ટિને એવો ફોન માર્કેટમાં લૉન્ચ કર્યો જે પોર્ટેબલ હતો. તેને વાયરની જરૂર નહોતી. આ સિવાય દરેકને અલગ-અલગ નંબર એલોટ કરવાનો વિચાર પણ તેમનો હતો. આ સાથે માર્ટિન સેલ ફોન ટાવરથી ફોન ચલાવવાનો કોન્સેપ્ટ પણ લાવ્યો હતો.

દુનિયાનો પહેલો ફોન 10 કલાકમાં ચાર્જ થયો હતો. માર્ટિને બનાવેલો પહેલો મોબાઈલ વર્તમાન ફોનથી તદ્દન અલગ હતો. તેની બેટરી 25 મિનિટ સુધી ચાલતી હતી. તેમજ તેને ચાર્જ કરવામાં દસ કલાકનો સમય લાગ્યો હતો. પહેલો ફોન પણ ભારે હતો. તેનું વજન એક કિલો તેર ગ્રામ હતું. તેની લંબાઈ દસ ઈંચ હતી. પચાસ વર્ષ પછી માર્ટિનને લાગે છે કે મોબાઈલના કારણે લોકો પોતાનું જીવન જીવી શકતા નથી. તેનો મોટાભાગનો સમય મોબાઈલમાં પસાર થાય છે. તેણે લોકોને કહ્યું કે મોબાઈલનો ઉપયોગ ઓછો કરો અને તેમના મિત્રો સાથે વધુ સમય વિતાવો.

# 46 વર્ષની સુષ્મિતા સેને લગ્ન ન કરવા પર આખરે કર્યો ખુલાસો



પૂર્વ મિસ યુનિવર્સ અને પોપ્યુલર બૉલીવુડ એક્ટ્રેસ સુષ્મિતા સેન થોડા જ મહિનામાં 47 વર્ષની થઈ જશે પણ એમણે આજ સુધી લગ્ન નથી કર્યા. એક ઈંટરવ્યૂમાં એમને આની પાછળના કારણ વિશે ખુલાસો કર્યો હતો અને એમનું કહેવું છે કે એમના લગ્ન નથી થયા તેની પાછળનું કારણ એમની દત્તક લીધેલી દીકરીઓ નથી. સુષ્મિતાએ કહ્યું હતું કે. ' ખુશકિસ્મતીથી મારા જીવનમાં ઘણા સારા લોકો આવ્યા હતા પણ મેં લગ્ન ન કર્યા કારણ કે એ બધા લોકોએ મને ક્યાંકને ક્યાંક નિરાશ કરી છે. મારા લગ્ન ન કરવાના નિર્ણય સાથે મારા બાળકોનું કઈ લેવા-દેવા નથી.

સુષ્મિતાએ જણાવ્યું હતું કે રેનીને દત્તક લીધી હતી ત્યારે એમના જીવનમાં કોઈ નહતું. એ પછી એમના જીવનમાં જે લોકો આવ્યા એ ક્યારેય ન સમજી શક્યા કે સુષ્મિતાના જીવનની પ્રાથમિકતા શું છે. સાથે જ સુષ્મિતાએ એમ પણ કહ્યું હતું કે એ કોઈ પાસે એવી આશા નથી રાખતી કે તેની જવાબદારીમાં કોઈ ભાગ પડાવે પણ મને મારી જવાબદારીથી દૂર કરે એ મને પસંદ નથી.

### "કોઈ મને મારી જવાબદારીથી દૂર કરે એ મને નથી પસંદ..."

સુષ્મિતા સેને વર્ષ 1994 માં મિસ યુનિવર્સનો ખિતાબ જીત્યો હતો અને એ પછી વર્ષ 1996માં મહેશ ભટ્ટની ફિલ્મ "દસ્તક" થી એમણે બોલીવુડમાં ડેબ્યૂ કર્યું હતું. એ પછી સુષ્મિતાસેને ઘણી ફિલ્મો કરી અને બોલીવુડમાં સારી ઓળખ ઊભી કરી હતી. એ પછી 8 વર્ષ સુધી ફિલ્મોમાંથી બ્રેક લીધા વર્ષ 2020માં એમણે "આર્યા" વેબસીરિજ થી ફરી એક્ટિંગ કરવાની શરૂઆત કરી અને 2021 માં તેની સિજન 2માં પણ તેઓ જોવા મળ્યા હતા.

# આ મહિને આરકે ફિલ્મથી મલ્લિકા શેરાવતનું કમબેક




90 દાયકાની સૌથી હોટ અને વિવાદાસ્પદ સ્ટાર મલ્લિકા શેરાવત છેલ્લા કેટલાય સમયથી ફિલ્મો અને વેબસિરીઝના છૂટાછવાયા પ્રોજેક્ટસમાં ખોવાઈ ગઈ છે. જોકે, આ મહીને તેની આર કે નામની ફિલ્મ રિલીઝ થવાની છે. આ ફિલ્મને મલ્લિકાની કમબેક ફિલ્મ ગણાવવામાં આવી રહી છે.

આર કેમાં મલ્લિકા સાથે રજત કપૂર, રણવીર શૌરી તથા અન્ય કલાકારો છે. આ ફિલ્મમાં એક એક્ટર ગાયબ થઈ ગયા પછી સર્જાતી ઘટનાઓની વાત છે. રજત કપૂર ખુદ આ ફિલ્મના ડાયરેક્ટર અને રાઈટ પણ છે.એક એક્ટર તરીકે રજત કપૂરના પ્રશંસકોનો મોટો વર્ગ છે. ફિલ્મ ભારતમાં રિલીઝ થતાં અગાઉ શાંઘહાઈ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ, રિવર ટૂ રિવર ફેસ્ટિવલ ફ્લોરેન્સ, ઓસ્ટિન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એમ કેટલાક આંતરરાષ્ટ્રીય ફેસ્ટિવલમાં રજૂ થઈ ચૂકી છે.

બીજી તરફ, મલ્લિકાને આશા છે કે આ ફિલ્મ દ્વારા ફરી ઈન્ડસ્ટ્રીનુ અને લોકોનું ધ્યાન તેને તરફ ખેંચાશે. ખ્વાહિશ જેવી કેટલીક ફિલ્મોમાં મલ્લિકાના અભિયનની પ્રશંસા થઈ હતી. પરંતુ મર્ડર જેવી ફિલ્મોના કારણે તેના પર બોલ્ડ હિરોઈનનું લેબલ લાગી ગયા બાદ તેને એક્ટિંગ માટે ક્યારેય કોઈ સ્કોપ મળ્યો જ નહીં.

# બ્રાલેટ-પ્લાઝોમાં અભિનેત્રી રાશિનો ગ્લેમરસ લુક્સ



સાઉથ ઈન્ડસ્ટ્રીની દમદાર એક્ટ્રેસ રાશિ ખન્નાનું નામ આજે એક બૉલ્ડ એક્ટ્રેસમાં સામેલ છે. તે પોતાની સુંદરતા અને હૉટનેસના કારણે હંમેશા ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ સાઉથ એક્ટ્રેસ રાશિ ખન્નાએ લેટેસ્ટ ફોટોશૂટ કરાવ્યુ છે, જેની તસવીરો એક્ટ્રેસે પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. આ લેટેસ્ટ ફોટોશૂટની તસવીરોને રાશિએ ખુદ શેર કરી છે, આમાં તે સુંદરતા અને બૉલ્ડનેસ કારણે કમાલની લાગી રહી છે.ખરેખરમાં, રાશિ ખન્ના તમને આ તસવીરોમાં બ્રાલેટ અને પ્લાઝો પહેરીને દેખાઈ રહી છે, આમાં એક્ટ્રેસનો નવો લૂક સામેલ થયો છે. સોશ્યલ મીડિયા પર રાશિ ખન્નાની આ લેટેસ્ટ તસવીરોને ખુબ જ પસંદ કરવામાં આવી રહી છે.

# આ ડૉક્ટર પર લોકોનું આવ્યુ દિલ, પહેલી ઝલક જ ઈન્ટરનેટ પર વાયરલ



ફિલ્મ 'ડૉક્ટર જી'માંથી આયુષ્માન ખુરાનાનો નવો લુક સામે આવ્યો છે. આ તસવીરમાં આયુષ્માન ખુરાના ડોક્ટરના લુકમાં જોવા મળી રહ્યો છે. અભિનેતાની તસવીર સોશિયલ મીડિયા પર ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. અનુભૂતિ કશ્યપ દ્વારા દિગ્દર્શિત, આ કેમ્પસ કોમેડી-ડ્રામામાં આયુષ્માન પ્રથમ વખત રકુલ પ્રીત સિંહ અને પીઢ અભિનેતા શેફાલી શાહ સાથે ગાયનેકોલોજિસ્ટની ભૂમિકામાં જોવા મળે છે. આ ફિલ્મ જંગલી પિક્ચર્સ દ્વારા નિર્મિત કરવામાં આવી છે. અને ડિરેક્ટર અનુરાગ કશ્યપે આ ફિલ્મને ડિરેક્ટ કરી છે.

# પ્રભાસનું વજન વધી જતાં સાલારનું શૂટિંગ ઠપ્પ



લોકપ્રિય અભિનેતા પ્રભાસનું વજન વધી જતાં તેની ફિલ્મ સાલારનું શૂટિંગ અટકાવવું પડયું હતું. ફિલ્મના દિગ્દર્શકે પ્રભાસને પાત્ર અનુસાર યોગ્ય શેપમાં આવવા જણાવ્યું છે. આ ઘટનાક્રમને લીધે સાલારનું શૂટિંગ શિડયૂલ અસ્તવ્યસ્ત થઈ ચૂક્યું છે.

પ્રભાસની છેલ્લી ફિલ્મ રાધે શ્યામ બોક્સ ઓફિસ પર ઝાઝું ઉકાળી શકી ન હતી. હાલ તેની સાલાર ઉપરાંત પ્રોજેક્ટ કેનું શૂટિંગ ચાલી રહ્યું છે.

જોકે, એક અપડેટ અનુસાર શૂટિંગ દરમિયાન પ્રભાસનું સ્થૂળ શરીર પાત્રની મૂળ જરુરિયાત સાથે મેચ નથી થતું એમ ડિરેકટર પ્રશાંત નીલને લાગ્યું હતું. આથી તેમણે પ્રભાસને તે જ્યાં સુધી વજન ઘટાડી ફિટનેસ પાછી ના મેળવે ત્યાં સુધી તેના ભાગનું શૂટિંગ નહીં થાય એમ જણાવી દીધું હતું.

પ્રભાસની ફિલ્મ પ્રોજેક્ટ કેના શૂટિંગમાં પણ હાલમાં બાધા સર્જાઈ હતી. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન અભિનેત્રી દીપિકા પાદૂકોણની તબિયત લથડતાં પ્રભાસે જ શૂટિંગ અટકાવ્યું હતું. જોકે, બાદમાં ફિલ્મના સર્જકોએ દીપિકા સ્વસ્થ હોવાનો ખુલાસો કરતાં શૂટિંગ અટકવાનું રહસ્ય ઘેરાયું હતું. પ્રભાસ અને દીપિકા વચ્ચે સેટ પર અણબનાવ સર્જાયો હોવાના અહેવાલ પણ આવ્યા હતા.

# 'ટાઈટેનિક' ફેમ એક્ટ્રેસનો 'અવતાર 2'માં ખતરનાક 'અવતાર'



હોલીવુડની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'અવતાર 2'ની ચાહકોને આતુરતાથી રાહ હતી. દુનિયાભરમાં ધમાલ મચાવનારી ફિલ્મ 'અવતાર'ના સિક્વલને લઈને સોશ્યલ મીડિયા પર પણ ચર્ચા થઈ રહી હતી. આ બધા વચ્ચે 'અવતાર 2'નો ફર્સ્ટ લૂક સામે આવ્યો છે, જેમાં 'ટાઈટેનિક' ફેમ એક્ટ્રેસ કેટ વિંસલેટનો ખતરનાક લૂક જોવા મળી રહ્યો છે. કેટ વિંસલેટ 26 વર્ષ બાદ ફરીથી 'ટાઈટેનિક'ના ડાયરેક્ટર જેમ્સ કેમરુન સાથે 'અવતાર 2'માં કામ કરી રહી છે. 'ટાઈટેનિક' બાદ બંનેની આ બીજી ફિલ્મ છે.



'અવતાર' ફિલ્મને દુનિયાભરમાં ઘણી પસંદ કરવામાં આવી હતી. ફિલ્મ સૌથી વધુ કમાણી કરનાર હોલીવુડ ફિલ્મની યાદીમાં સામેલ છે. ફિલ્મનો ફર્સ્ટ લૂક સામે આવતાં જ સોશ્યલ મીડિયા પર ચાહકો એક્ટિવ થઈ ગયા છે. હવે પોસ્ટર ઈન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. 'અવતાર 2'નું ટાઈટલ 'અવતારઃ ધ વે ઑફ વૉટર' રાખવામાં આવ્યું છે, ફિલ્મમાં કેટ વિંસલેટ નાવી યોદ્ધા 'રોનાલ'ના પાત્રમાં નજર આવનારી છે. પહેલીવાર ચાહકો કેટને એલિયનના અવતારમાં નિહાળશે. ફિલ્મ આ વર્ષે જ 16 ડિસેમ્બરના રોજ સિનેમાઘરોમાં રીલિઝ થશે.

# જર્સી ફ્લોપ છતાં શાહિદ કપૂરે પોતાની ફી વધારી દીધી



શાહિદ કપૂરની છેલ્લી રિલીઝ થયેલી ફિલ્મ જર્સી બોક્સ ઓફિસ પર ફ્લોપ પુરવાર થઈ હોવા છતાં તેણે પોતાની ફીમાં પાંચ કરોડનો વધારો કરી દેતાં ફિલ્મ સર્જકો અચંબો અનુભવી રહ્યા છે.

સૂત્રની વાત સાચી માનીએ તો, તો હાલ બોલીવૂડના એક ટોચના દિગ્દર્શકે આગામી ફિલ્મ માટે શાહિદનો સંપર્ક કર્યો હતો. અભિનેતાએ આ પ્રોજેક્ટ માટે રૂપિયા ૩૫ કરોડનું મહેનાતાણું માંગ્યું હતું.શાહીદ અત્યાર સુધીમાં દર ફિલ્મ દીઠ ૩૦ કરોડ રુપિયા ચાર્જ કરતો હતો. જર્સી માટે તો તેણે આ ફિલ્મ ઓટીટીને બદલે થિયેટરમાં જ રિલીઝ થાય એ માટે પોતાની ફી માં આઠ કરોડ રુપિયાનો ઘટાડો કર્યો હોવાના પણ અહેવાલ હતા. આ ફિલ્મની બોક્સ ઓફિસ પર ૧૯ કરોડની કમાણી માંડ થઈ હતી. મતલબ કે શાહીદની ફી જેટલી રકમ પણ ફિલ્મ કમાઈ શકી ન હતી.

તેમ છતાં શાહીદે ફી વધારો માગતાં સર્જકોને નવાઈ લાગી હતી. તેમણે હવે શાહીદને ઓફરની ફેરવિચારણા માટે સમય માગ્યો છે. શાહીદ બોક્સ ઓફિસ પર સફળતાની ગેરન્ટી આપી શકે તેવો સ્ટાર રહ્યો નથી આથી ફાઈનાન્સિઅર તેના પર એક હદથી વધારે રોકાણ કરવા તૈયાર થાય તેમ નથી.

હાલ બોક્સ ઓફિસ પર બોલીવૂડની મોટા ભાગની ફિલ્મો ઊંધા માથે પટકાઈ છે. તેવામાં બોલીવૂડના માંધાતાઓને સિતારાઓને અધધધ ફી આપવી પરવડતી નથી. શાહિદ જેવા અભિનેતા માટે નિર્માતાઓને ૩૫ કરોડ વધારે લાગી રહ્યા છે.

# સફેદ રંગની મોનોકિનીમાં હુમા કુરેશીનો કાતિલ અંદાજ



પોતાના વજનને લઈને હંમેશા ટ્રોલ થતી અભિનેત્રી હુમા કુરેશીએ ઈન્સ્ટાગ્રામ પર કેટલીક બોલ્ડ તસવીરો શેર કરી છે. આમાં તેણે સફેદ રંગની મોનોકિની પહેરી છે. ઈન્સ્ટાગ્રામ પર તેના ફેન્સને આ સ્ટાઈલ ખૂબ જ પસંદ આવી રહી છે. કોમેન્ટ બોક્સમાં ચાહકોએ તેના પર સિઝલિંગ અને હોટનેસ ઓવરલોડ જેવી કોમેન્ટ કરી છે. અભિનેત્રી પત્રલેખાએ તેના આ ફોટા પર કોમેન્ટ કરી અને લખ્યું કે ક્યા બોમ્બ હો તુમ, જ્યારે મૃણાલ ઠાકુરે તેને હોટ ગણાવી. હુમા તાજેતરમાં આલિયા ભટ્ટની ફિલ્મ ગંગુબાઈમાં જોવા મળી હતી.

આ પહેલા પણ હુમા સતત પોતાના બોલ્ડ ફોટો ઈન્સ્ટા પર શેર કરતી રહે છે. હુમાના લાખો ચાહકો છે. લાલ ડ્રેસમાં હુમાની આ તસવીર જોઈને ફેન્સ ક્રેઝી થઈ ગયા હતા. સોશિયલ મીડિયા પર હુમાની તસવીરો ખુબ વાયરલ થાય છે. તેના ફેન્સને પણ હુમાની દરેક અદાઓ પસંદ આવે છે.

# શાહરુખની જવાન ફિલ્મ રાણા દગ્ગુબાટીએ છોડી દીધી



રાણાદગ્ગુબાટીએ શાહરુખની જવાન ફિલ્મ છોડી દીધી છે. આ ફિલ્મમાં તે વિલનની ભૂમિકામાં હતો. હવે શાહરુખ સામે વિલન માટે નવા કલાકારની શોધ થઈ રહી છે.

બાહુબલીના બંન ભાગમાં વિલનની ભૂમિકા ભજવીને રાણા દગ્ગુબાટી જાણીતો બન્યો હતો. આથી શાહરુખ સામે તેની વિલન તરીકે પસંદગી કરાઈ હતી. જોકે, જાણવા મળ્યા મુજબ દગ્ગુબાટી હાલ કેટલીક આરોગ્ય વિષયક તકલીફોને કારણે દિવસમાં આઠ કલાકથી વદારે શૂટિંગ કરી શકે તેમ નથી .જવાનમાં અનેક એક્શન સિકવન્સ છે જેના માટે બહુ લાંબા સમય સુધી સેટ પર હાજર રહેવું જરુરી હોય છે. આથી દગ્ગુબાટીએ પોતે પૂરતો સમય આપી શકે તેમ નહીં હોવાનું જણાવી ફિલ્મ છોડી દીધી છે. હવે શાહરુખ સામે કોઈ મોટા ગજાના વિલનની ભૂમિકા માટે કલાકારની શોધ થઈ રહી છે. આ ફિલ્મમાં શાહરુખ સાથે દીપિકા પાદૂકોણનો કેમિયો છે. સાઉથની સ્ટાર નયનતારા તેની સામે ફીમેલ લીડ તરીકે છે.

### શાહરુખ સામે વિલન તરીકે અન્ય અભિનેતાની શોધ

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

### મોંઘી વીજળીના ઉંચા બિલોથી ત્રસ્ત શહેરી લોકો કહે છે- મફત વીજળી મળે તો તેમાં ખોટુ શું છે..?



# કેજરીવાલનું મફત વીજળીનું પોલીટીકલ કાર્ડ ભાજપ-કોંગ્રેસને ભારે પડશે..!

## ભાજપે પાણી પહેલા પાળ બાંધવાના પ્રયાસરૂપે કહ્યું- ગુજરાતના લોકોને મફતમાં કશુ ખપતુ નથી...

ગુજરાત | વંદન

ગુજરાતના રાજકારણમાં આપ પાર્ટીની એન્ટ્રી કોંગ્રેસ કરતાં ભાજપને ભારે પડે તેમ માનવામાં આવી રહ્યું છે. ખાસ કરીને વીજ કંપનીઓ દ્વારા અપાતી મોંઘી વીજળીના ચા બિલો ભરી ભરીને સહન કરતી પ્રજા માટે આપ પાર્યીના અરવિંદ કેજરીવાલ તારણહાર બનીને આવી રહ્યાં હોય તેવી લાગણી ધીમે ધીમે લોકોમાં બની રહી છે અને જો આપ પાર્ટી ગુજરાતમાં દિલ્હી અને પંજાબની જેમ મફત વીજળી આપે તો લોકોના3 મહિને 2-5 હજાર બચે અને એ બચત અન્ય કામમાં ઉપયોગમાં લઈ શકાય. ભાજપે પાણી પહેલા પાળ બાંધવાના પ્રયાસરૂપે ગુજરાતનવા લોકોને મફતમાં કશુ ખપતુ નથી અને દિલ્હીનો એક ઠગ ગુજરાત આવીને લોકોને ઠગી રહ્યો છે એમ કહીને કેજરીવાલ તરફ ઈશારો કર્યો, પરંતુ મોટા ભાગના સામાન્ય વીજ વપરાશકારો એમ માને છે કે તેમને સરકાર સસ્તા ભાવે કે મફતના ભાવે અનાજ પુરવઠો આપે છે તેમ આપ પાર્ટી મફતમાં 300 કે 400 યુનિટ સુધી મફત વીજળી આપે તો તેમાં ખોટુ શું છે..?

ગુજરાત વંદન દ્વારા શહેરના કેટલાક નાગરિકોનો રેન્ડમ સર્વે કરીને તેમે મફત વીજળી જોઈએ છે કે કેમ તે અંગે સવાલ કરીને તેમના પ્રતિભાવ જાણવાનો પ્રયાસ કર્યો. જેમાં મુખ્ય તારણ એ હતું કે શહેરી વીજવપરાશકારો વીજકંપનીઓના ઉંચા વીજદરના ભાવથી મોંઘી વીજળીનો વપરાશ કરી રહ્યાં છે કેમ કે તેમની પાસે કોઈ અન્ય વિકલ્પ નથી અને આપ પાર્ટી વિકલ્પ આપવા આગળ આવી રહી છે તો સહેરી વીજ ગ્રાહકો તે પ્રત્યે આકર્ષાશે અને મફત વીજળીના વિકલ્પમાં મતદાનમાં બદલાવ લાવે તો પણ નવાઈ નહીં. અર્થાત જો કોંગ્રેસને મત આપતા હોય તો આ વખતે આપ પર્ટીને અને ભાજપને મત આપતા હોય તો, જો ભાજપ મફત વીજળીની જાહેરાત નહીં કરે તો, આપ પાર્ટીને મત આપતાં ખચકાશે નહીં.

કાળીગામ ચાંદખેડામાં રહેતા નરેશચંદ્ર શાહ નામના જાગૃત નાગરિક કહે છે કે, સરકાર ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ દેશમાં સૌથી વધારે હોવા પર ગર્વ અનુભવે છે પણ એ વીજ વપરાશના નાણાં કોણ ભરે છે..? નાગરિકો ઉંચા બિલો ભરી ભરીને થાકી ગયા. અને હવે જો કોઈ નવી પાર્ટી અમને મફતમાં વીજળી આપે તો તેમાં ખોટુ શું..?

અસારવાં રહેતા પ્રશાંત પરમાર કહે છે કે, અમદાવામાં ખાનગી વીજ કંપની મન ફાવે તેમ ફ્યુઅલ ચાર્જ અને અન્ય બહાના બનાવીને જર્ક પાસેથી વીજદરમાં વધારો ઝીંક્યે રાખે છે અને સરકાર મૌન રહે છે, ત્યારે આપ પાર્ટી તેનો લાભ ઉઠાવે અને લોકોને લાભ આપે તો લોકો તેને જ વોટ આપે તે દેખીતુ છે. છેવટે તો લોકોને ઓછુ વીજ બિલ ભરવુ પડે તો બચેલા એ નાણાં રસોડાના કામમાં આવી શકે.

એઈસીના વીજ વપરાશકારોની જેમ અમદાવાદમાં અદાણી ગેસને પીએનજી વપરાશકારો પણ વારંવાર પીએનજી ગેસના ભાવમાં કરાઈ રહેલાં વધારાથી ત્રસ્ત છે પણ અદાણીની સામે ફરિયાદ કરતાં લોકો ડરે છે અને ફરિયાદ કરે તો સત્વરે કોઈ ખુલાસો થતો નથી..

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવતા રાજકીય પક્ષો રાજ્યમાં સભા, સંવાદ અને રેલીઓ કરી રહ્યા છે. ગુજરાતમાં જેમની ત્રીજી પાર્ટી તરીકે એન્ટ્રી થઈ

...અનુસંધાન પાના નં.06

## છોકરાઓ રે...ઓ રે, ચાલો ભણવા...



સિગ્નલ સ્કૂલ...ગુડ સ્કૂલ.. શહેરના પીરાણા ડમ્પિંગ સાઈટ ચાર રસ્તા ઉપર સિગ્નલ સ્કૂલ વાહન ઉભું રાખી અને સિગ્નલ ઉપર રખડતા અને ભીખ માંગતા બાળકોને સ્કૂલ ડ્રેસ પહેરાવી મોબાઈલ વાનમાં ટીવી દ્વારા કાર્ટૂન બતાવી, રમકડાઓ દ્વારા રમાડી તેમને ભણાવવાની પૂરેપૂરી કોશિશ કરવામાં આવે છે અને થોડા સમય પછી જ્યારે તેઓ ઘરે જવાના હોય ત્યારે મધ્યાહન ભોજન પણ આપવામાં આવે છે. તસ્વીર: ભાગ્યવાન મૌર્ય

### શહેરના પોશ એરિયા સિંધુભવન રોડ પર ત્રણ જાણીતા ક્રિકેટરો દ્વારા ખુલ્લુ મુકાયું

# ઉદ્ઘાટનની સાથે જ ‘Secret-17’ બન્યું સૌથી લોકપ્રિય ‘સલૂન’



### ■ અમદાવાદના ફેશનેબલ યુવક-યુવતીઓની પહેલી પસંદ ‘Secret-17 Saloon’

ગુજરાત | વંદન

કોસ્મોપોલિટન અને મેગાસીટી અમદાવાદ આર્થિક રીતે સમૃદ્ધ તથા ફેશન ડીઝાઈન અને સમયની સાથે તાલ મિલાવીને ચાલનાર યુવા પેઢી ધરાવે છે. અમદાવાદના યુવાનો સેલિબ્રિટી, ક્રિકેટરો તેમજ ફિલ્મોના હિરો-હિરોઈનની હેરકટ અનુસાર પોતાની હેરસ્ટાઈલ પણ એ પ્રમાણે રાખીને તેમના પગલે ફેશનમાં રહેવાનું આધુનિક ટ્રેન્ડ ધરાવે છે. અમદાવાદના એ યુવા પેઢીની મહત્વકાંક્ષાને પૂર્ણ કરવા શહેરના પોશ એરિયા સિંધુ ભવન રોડ પર ‘Secret-17’ નામનું નવું સલૂન શરૂ થયું છે. અષાઢી બીજ રથયાત્રાના પાવન દિવસે ભારતના ત્રણ જાણીતા ક્રિકેટરો- કુલવંત ખજરોલિયા, કરણ શર્મા અને કુમાર કાર્તિકેય- દ્વારા ભારે રંગેચંગે અને ઉલ્લાસમય વાતાવરણમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

શહેરમાં આમ તો અન્ય ઘણા આધુનિક સલૂન છે પરંતુ ‘Secret-17 Saloon’ શરૂ થતાંની સાથે જ યુવા પેઢીમાં છવાઈ ગયું છે. ઉદ્ઘાટનની સાથે જ એક જ સપ્તાહમાં લાખો લોકોએ સોશિયલ મીડિયાના માધ્યમ થકી ‘Secret-17 Saloon’અંગેની માહિતી મેળવી હતી. જે દર્શાવે છે કે, નવ યુવાનોમાં ‘Secret-17 Saloon’ને યુવાનોમાં અનેરૂ સ્થાન મેળવવામાં સફળતા મેળવી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર અંદાજે શરૂઆતના તબક્કામાં 50 હજાર લોકોએ ‘Secret-17 Saloon’ની વિઝીટ કરી હતી. અને હજુ પણ તેને લાઈક મળી રહ્યા છે.

### 50% ડિસ્કાઉન્ટની પણ જાહેરાત...




અમદાવાદના પ્રાઈમ વિસ્તારમાં શરૂ થયેલ ‘Secret-17 Saloon’ દ્વારા પ્રારંભિક તબક્કે ગ્રાહકો માટે 50% ડિસ્કાઉન્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. જેને ખૂબ સારો આવકાર મળી રહ્યા છે.

### મિલકત વેરાના બિલમાં અનેક છબરડા કરતું ગાંધીનગર મનપા તંત્ર

# બિલ સુધારવા જતા તંત્ર દ્વારા અરજી સાથે પૈસાની કરવામાં આવતી માંગણી

ગુજરાત | વંદન


ગાંધીનગરમાં રહેણાંક મકાનોને આપવામાં આવેલા પ્રોપર્ટી ટેક્સનાં બિલમાં અનેક છબરડાઓ જોવા મળી રહ્યા છે. એમ છતાં મહાનગરપાલિકાનું તંત્ર લાજવાને બદલે ગાજતું હોય એ રીતે ખોટા બીલ આપવાના બદલામાં નવા બીલ માટે અરજી ઉપરાંત સાચું નામ લખવા માટે રૂપિયા પચાસ ની ફી પણ રાખવામાં આવી છે. મિલકત ધારકની કોઈપણ ભૂલ વગર આપવામાં આવેલા ખોટા બીલના બદલામાં લેવાતી આ રકમને ગેરકાયદે ગણાવતા એક વસાહતીએ મહાનગરપાલિકા તંત્રનો આ નિર્ણય તઘલખી હોવાનું જણાવ્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલકતધારકોને આપવામાં આવેલા પ્રોપર્ટી ટેક્સના બિલમાં અનેક છબરડાઓ જોવા મળી રહ્યા છે. નવા ગાંધીનગરમાં તો ઘરે જઈને ચેક કરવાની આળસને કારણે ફ્લેટની નીચે રહેલી નેમ પ્લેટ ઉપર લખેલા નામની જ કોપી કરી દેવામાં આવી છે. મકાનના માલિક અલગ હોય અને ફ્લેટના ભોંય તળિયે લખવામાં આવેલા ફ્લેટના રહેવાસીઓના નામ અલગ હોય તો પણ કશું જ ચેકિંગ કર્યા વગર નીચે ભોયતળિયે લખવામાં આવેલા નામ ઉપરથી જ બીલ ફટકારી દેવામાં આવ્યા છે. જેના

...અનુસંધાન પાના નં.06

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

# આવ રે વરસાદ બર્ગરિયો વરસાદ.. ગરમ ગરમ ભૂટ્ટા, હાય દિલ તુને મેરા લૂંટા..મૌસમ જાય બીતા..



તોગરવી ગુજરાતમાં મેઘરાજાએ અડ્ડો જમાવ્યો છે. અમદાવાદ સિવાય અન્યત્ર ક્યાંક ધોધમાર તો ક્યાંક છૂટો છવાયો વરહાદ થઈ રહ્યો છે. ખેડૂતો હળ-ટ્રેક્ટર લઈને મેરે દેશ કી ધરતી સોના ઉગલે...ની અદામાં ખેતી કરી રહ્યાં છે. એક ખેડૂત માટે વરહાદ એટલે કે વરસાદ જીવતદાન સમાન છે. પાક મૂરઝાતો હોય અને પાક નિષ્ફળ જાય એવી ચિંતા હોય અને એવામાં કાલે.. કાલે..મેઘા ઉમડ ઉમડ આવે અને ધઝીમી ધારે વરસાદ પડે ત્યારે એ ચિંતાતુર ખેડૂતની આંખોમાંથી પણ અશ્રુની ધાર પડે-હાશ...મારો નાથ આવ્યો ખરો, હવે વાંધો નહીં હવે તો મારી દિકરીના લગ્ન થઈ જ જશે..એમ કહે એટલે મેઘરાજા પણ આશિર્વાદ આપે...

આવ રે વરસાદ ઢેબરિયો વરસાદ ઉની ઉની રોટલી ને કારેલાનું શાક...એવી પંક્તિઓ શાળામાં ગવડાવવામાં આવતી. આજે..? ઉની ઉની રોટલી અને કારેલાના શાકનું સ્થાન બર્ગર, પિઝા, પોટેટો સ્ટીક્સ, ફ્રેન્ચ ફ્રાયે લઈ લીધુ છે. અમદાવાદના એસ.જી. હાઈવે પર અમેરિકન મકાઈની લારીઓની લાંબી લાઈનો લાગે છે. મોટા ભાગે બાઈકવાળા લવરિયા મકાઈના દાણાં બાઉલમાં લઈને તેના ઉપર ચીઝ, માખણ નાંખીને ઝરમર..ઝરમર..વરસાદમાં ખાતા હોય તેવા દ્રશ્યો જોવા મળે. ચલો એ બહાને નવી પેઢીના યુવાનો મકાઈ તો ખાય છે. નહીંતર શહેરમાં રહેતા કેટલા લોકો મકાઈના લોટમાંથી બનેલા રોટલા ખાય છે..? માટીના તવા ઉપર બનેલા મકાઈ, જુવાર અને બાજરાના રોટલા આજે પણ ગામડાઓમાં ખવાય છે પણ શહેરોમાં તેનો સ્વાદ ચાખવા માટે વિશાલા જેવી હોટેલમાં જવુ પડે છે...!

વરસાદની મોસમ બોલીવુડ માટે પણ પાણી પાણી સમાન છે. આજ રપટ જાયે તો હમે ના ઉઠાના..ગીતમાં અમિતાભ અને સ્મિતા પાટિલની કેમેસ્ટ્રી જોઈને એમ લાગે કે ભઈ એમને એમ જ રાખો ડોન્ટ ડિસ્ટર્બ...!ધર્મેન્દ્ર અને રાખીનું ગીત ઝીલમિલ સિતારો કા આગન હોતા રીમઝીમ બરસતા સાવન હોગા..નું ગીત તો રાજેન્દ્રકુમાર અને બબીતાનું કે રિમઝીમ કે ગીત સાવન ગાયે..નું ગીત, આયા સાવન ઝુમ કેનું બદરા છાયે કે...ઉપરાંત મેઘા છાયે આધી રાત અને લગાનનું કાલે મેઘા કાલે મેઘા પાની તો બરસાઓ...ના મોનસુન સોંગ્સની સાથે વરસાદને આવકારીએ અને ગાઈએ- આવ રે વરસાદ બર્ગરિયો વરસાદ..ગરમ ગરમ ભૂટ્ટા,હાય દિલ તુને મેરા લૂંટા..ચલ ઘર જલ્દી હો ગઈ દેર.. મૌસમ જાય બીતા..!

### તેલંગાણાના સીએમ કેસીઆરને ખબર પણ નહીં પડે અને તેમના ધારાસભ્યો સુરત પહોંચી ગયા હશે..!

ગુજરાતને અડીને આવેલા મહારાષ્ટ્રમાં નવી સરકાર રચાઈ ગઈ.



નવી સરકારમાં તો શિંદે નાયબ સીએમ હશે અને દેવેન્દ્ર ફડણવીસ સીએમ, એવી ગણતરીથી વિપરીત થયું. બિચ્ચારા દેવેન્દ્ર ભાજપના શિસ્તબધ્ધ સૈનિક. ઉપરથી આદેશ આવ્યો એટલે નાછૂટકે જુનિયર શિંદેના હાથ નીચે જોડાઈ ગયા. ટીકા-ટીપ્પણી પણ થઈ અને શિંદેએ બચાવ પણ કર્યો. ના ના મારે તો સીએમ નહોતુ થવુ... કહેનારાઓ એમ કહે છે કે ભાજપનો માસ્ટર સ્ટ્રોક છે. એવો મેસેજ આપ્યો કે અમને સત્તાની ભૂખ નથી..પણ શિવસેનાને બતાવી દેવા શિંદેને ખુરશી આપવામાં આવી..

મહારાષ્ટ્ર બાદ હવે તેલંગાણા, આંધ્ર અને પ.બંગાળનો વારો છે. વારા પછી વારો...એવી જાહેરાત નહીં પણ રણશિંગૂ ફૂંકાયુ છે હૈદ્રાબાદની ધરા પરથી. તેલંગાણાના સીએમ કેસીઆરે

...અનુસંધાન પાના નં.06

### રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રૌપદી મુર્મુ 13મી એ ગુજરાતની મુલાકાતે



ગુજરાત | વંદન

NDAના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રૌપદી મુર્મુ 13 જુલાઈએ ગુજરાતની મુલાકાતે આવવાના છે. તે અહીં સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેશે. દ્રૌપદી મુર્મુ સામે યુપીએ દ્વારા યસવંત સિન્હા રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. યસવંત સિન્હાએ પણ 7મી જુલાઈએ ગુજરાતની મુલાકાત લીધી હતી.

પાર્ટી દ્વારા નર્મદા જિલ્લાના કેવડીયા કોલોની ખાતે સ્ટેચ્યુ ઓફ યુનીટીના સાનિધ્યમાં ભાજપના તમામ સાંસદો અને ધારાસભ્યો સાથે બેઠક યોજવામાં આવેલ છે. રાજયમાં ભાજપની તોતીંગ બહુમતી છે. જેથી ગુજરાતમાંથી તેમને પુરતા મત મળશે. હાલનું દેશનું મતદાનનું આંકડાકીય ચિત્ર જોતા રાષ્ટ્રપતિ પદે તેમની જીતના સંજોગો ઉજજવળ છે. આ અંગેના આયોજન સંદર્ભે ભરૂચ જિલ્લા ભાજપના અધ્યક્ષ મારૂતિસિંહ અટોદરીયાના અધ્યક્ષ સ્થાને અંકલેશ્વર, હાંસોટ, વાલિયા, ઝઘડીયા અને નેત્રંગ તાલુકામાં બેઠક યોજાય હતી. NDAના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રૌપદી મુર્મુના કાર્યક્રમમાં ભરુચ જિલ્લામાંથી 10 હજાર લોકો ભાગ લે એવું આયોજન કરવામાં આવ્યું છે.

